भूमिपुत्र
माता भूमि : पुत्रो अहं पृथिव्या :

Vol. 073 Issue No. 13 Date : 16-03-2026

## આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૦૧ | આત્માને જાણીએ (૯) |
| અનુરાધા પ્રસાદ, અનુ.રાજેન્દ્ર દવે | ૦૪ | મહાત્મા ગાંધી અને શ્રી અરવિંદ પુસ્તક લેખમાળા - ૯ : લોકશાહી, મૂડીવાદ, અધ્યાત્મવાદ, સામ્યવાદ વગેરેમાં ભૌતિકવાદી આધારોનું ખંડન - ૩ |
| રાજુ રૂપપુરીયા | ૦૮ | વલ્લભભાઈ પટેલ : સરદારને સમજીએ - ૩ |
| રમેશ તન્ના | ૦૯ | સમાજને પ્રતિબદ્ધ અને સુધારાવાદી જયન્ત જોશી |
| ઉર્વિન શાહ | ૧૦ | ગાંધીમેળો - અમ વચ્ચે બાપુ અમર રહો |
| રજની દવે | ૧૨ | દેશની પર્યાવરણીય પરિસ્થિતિ પર અધ્યયન લેખ-૧ |
| પી. ચિદમ્બરમ્ | ૧૫ | આર્થિક સર્વેમાં બીમારીનું નિદાન : બજેટમાં તેની ઉપેક્ષા |
| રાજુ રૂપપુરીયા | ૧૬ | અમેરિકા-ભારત વેપાર કરાર |
| રશાંસ | ૧૭ | વાંચનથાળ |
| સંપાદક ટીમ | ૨૧ | ભૂમિપુત્ર-૭૫ અમૃત મહોત્સવ - અપડેટ |
| આશા વીરેન્દ્ર | ૨૪ | કબરખોદિયો કબીર |


યજ્ઞ પ્રકાશન

(આ પેજ મૂળ અંકનો ભાગ નથી.)

YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

Published on 1st & 16th of Every Month
BHOOMIPUTRA
Gujarati Fortnightly
Price Rs.20, Annual Sub. Rs.300.
Vol.73 Issue No.13 1953 Date : 16-03-2026
Place of Publication : Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara - 390 001.

ભૂદાનમૂલક ગ્રામોદ્યોગપ્રધાન અહિંસક ક્રાંતિનું પાક્ષિક મુખપત્ર
ભૂમિપુત્ર
माता भूमि : पुत्रो अहं पृथिव्या :

# આત્માને જાણીએ (૯)

❍ વિનોબા ❍

## આત્મજ્ઞાની – આત્મપરીક્ષણ

આ અંતિમ અવસ્થામાં ત્રણ ભાવ રહે છે – ભાવાવસ્થા, ક્રિયાવસ્થા, જ્ઞાનાવસ્થા. ભાવાવસ્થા એટલે ભાવનાની ઉત્કટતાની અવસ્થા. અને આ અવસ્થા એવી છે જે એક દેહમાં સમાઈ શકતી નથી. જે જ્ઞાની પુરુષ છે તે ભાવનાની ઉત્કટતા દ્વારા આખા સંસારના બધા દોષોને પોતાના માની લે છે. તે ત્રિભુવનના પાપથી પાપી અને પુણ્યથી પુણ્યવાન બને છે અને આટલું થયા પછી પણ તેના પર ત્રિભુવનનાં પાપ-પુણ્યનો સહેજ માત્ર સ્પર્શ થતો નથી. એની ક્રિયાવસ્થામાં તેના દ્વારા જે ક્રિયા થશે તે એકદમ નિર્મળ અને આદર્શ ક્રિયા થશે. એ જે પણ કંઈ કરશે, તે સાત્ત્વિક જ હશે. અને ત્રીજી જ્ઞાનાવસ્થામાં તે લેશમાત્ર પણ કર્મ પોતાની પાસે રહેવા નહીં દે. આ અવસ્થામાં એ ન તો પાપ સહન કરે છે, ન પુણ્ય. એ આ બધું ઝાટકીને ફેંકી દે છે. તે બધાં કર્મોને ભસ્મીભૂત કરી દે છે. જ્ઞાની પુરુષની મોક્ષદશામાં-સાધનાની પરાકાષ્ઠાની દશામાં આ ત્રણેય સ્થિતિઓ શક્ય છે.

**ભાગવત**

ભાગવત જ્ઞાનીનું વર્ણન કરતાં કહે છે કે જ્ઞાની શું નથી કરતો ? જ્ઞાની ઊંઘે છે, બેસે છે, ખાય છે, જુએ છે, ભોજન કરે છે, શ્રવણ કરે છે. એ બધું કરે છે, છતાં પણ વિરકત રહે છે. તે ભૂખ્યો નહીં રહે, ભોજન કરશે, પરંતુ એનાથી તે વિરક્ત રહેશે. જ્ઞાની ઇંદ્રિયોના જે જે ગુણો છે તે પણ લઈ લેશે, પણ એનાથી બંધાશે નહીં, ઠંડી લાગી રહી છે તો ઓઢી લેશે અને ગરમી થઈ રહી છે, તો એને ફેંકી દેશે – આમ અનાસક્ત રહેશે. પ્રવૃત્તિમય રહેવા છતાં એમાં આસક્ત નહીં રહે. એ વિરક્તિથી બધી ક્રિયાઓ કરે છે.

આના માટે ભાગવતમાં ત્રણ સુંદર ઉપમાઓ આપવામાં આવી છે – यथा रवं सविता अनिल: । 'रवम्' અર્થાત્ આકાશને જ લઈએ. વરસાદ આવ્યો-ગયો, વાદળાઓ આવ્યાં – ગયાં. એ આકાશને વળગેલાં રહેતાં નથી. આકાશ એનાથી અલગ રહે છે. (૨) સૂર્યનારાયણ બધાંને પ્રકાશ આપે છે. હવે તમે એના પ્રકાશમાં ભાગવત વાંચો કે નવલકથા વાંચો, સૂર્યનારાયણ એ નથી કહેવાના કે ભાગવત ન વાંચો અથવા ભાગવત વાંચો. એનું કામ તો બસ પ્રકાશ આપવાનું છે. એ તમારી ભલાઈ કે બૂરાઈ (ખરાબપણું)ની જવાબદારી લેશે નહીં. (૩) અનિલ અથવા પવનનું પણ આવું જ છે. તે આજે અહીં છે તો કાલે બીજે હશે. એકદમ અનાસક્ત. એ દરેકને વ્યવહારમાં મદદ કરે છે અને બધાંથી અલિપ્ત રહે છે. આ ત્રણેયમાં આકાશ શૂન્ય છે, તે નિરહંકારિતાનું લક્ષણ છે. પવનમાં અલિપ્ત સેવાનું લક્ષણ છે તો સૂર્યમાં પ્રખર જ્ઞાનનું લક્ષણ છે. સૂર્યમાં જ્ઞાનની પ્રખરતા છે. સૂર્ય અત્યંત પ્રખર છે. તે જો તમારી સેવા કરવા માટે તમારા ઘરે આવશે તો શું તમે એને અપનાવશો ? એવી રીતે અત્યંત પ્રખર જ્ઞાની જો દુનિયામાં પ્રકટ થાય, તો આખી દુનિયા બળી જશે. એટલા માટે તેઓ દૂર રહીને જ મદદ કરે છે.

ત્યાર બાદ મુક્ત પુરુષનું વર્ણન કરતાં ભાગવત કહે છે કે તે પુરુષ શરીરમાં રહેવા છતાં પણ મુક્ત રહે છે. એનામાં પ્રાણ, ઇંદ્રિયો, મન અને બુદ્ધિની વૃત્તિઓ હોય છે. એને ભૂખ લાગે છે. એને પણ સામાન્ય લોકોની જેમ જઠરાગ્નિ પ્રજ્વલિત થાય છે. એની આંખો જુએ છે અને કાન સાંભળે છે, એનું પરિણામ પણ આવે છે. મુક્ત પુરુષમાં આ બધી વૃત્તિઓ છે, પણ તે સંકલ્પરહિત વૃત્તિ છે. એનામાં પોતાની વાસનાનો સંકલ્પ એની સાથે જોડાયેલો રહેશે નહીં. જેમ ભીની માટીનો લોંદો અથવા છાણ દીવાલ પર ફેંકીએ, તો તે તેની પર ચોંટી જશે. પરંતુ દડો ફેંકીશું તો તે ત્યાં ચોંટશે નહીં, તરત પાછો આવશે. જ્ઞાનીના ચિત્ત પર આ બધી વૃત્તિઓ દડાની જેમ ફેંકવામાં આવે છે. તે ત્યાં ચોંટતી નથી, પણ પાછી આવી જાય છે. ચિત્તને સ્પર્શીને પણ તેની પાસે તે ટકી શકતી નથી, પડી જાય છે. અર્થાત્ એની વૃત્તિ નિઃસંકલ્પ હોય છે.

જ્ઞાની પુરુષનું ચિત્ત વિચલિત થતું નથી. માનો કે કોઈ હિંસક પશુ તેના શરીરને મારે છે અથવા બીજું કોઈ તેની પૂજા કરે છે, આ બધાંથી જ્ઞાનીનું ચિત્ત વિચલિત થતું નથી. ભૂખ્યો સિંહ સામે ઊભો છે, અને આપણને ભાગી છૂટવાનો મોકો નથી. તો આપણે નામસ્મરણ કરતાં કરતાં મરી જઈએ. ચિત્તમાં વિકાર ઊભા ન થવા દઈએ. દેહનું કર્તવ્ય શેષ રહ્યું નથી – આવું ભાન

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

થાય પછી આ શક્ય છે. આપણે ચિત્તને જેટલું પણ નિર્વિકાર કરી શકતા હોઈએ તેટલું કરીએ.

કોઈ એનું ભલું કરે કે ખરાબ કરે, જ્ઞાની એની સ્તુતિ નહીં કરે કે નિંદા નહીં કરે – न स्तुवीत न निंदेत । જ્ઞાનીના ચિત્ત પર સારા-ખરાબની કોઈ અસર પડતી નથી. તે પોતે કશું જ સારું-નરસું નહીં કરે, બોલશે પણ નહીં અને વિચારશે પણ નહીં. અહીં સારાં-નરસાની વાત સાંસારિક અર્થમાં લેવાની છે. જેને આપણે વ્યાવહારિક ભલાઈની વાત કહીએ છીએ, એ તે વિચારશે નહીં, એ તો આધ્યાત્મિક દૃષ્ટિથી બધાંની ભલાઈનું, કલ્યાણનું ચિંતન કરશે અને તક મળશે તો મદદે પણ આવશે.

બાકી તો જ્ઞાની પુરુષ આત્મામાં રમમાણ રહેનારો તે आत्माराम मुनिः जडवत् विचरेत् । – આવો આત્મારામ મનનશીલ મુનિ જડની જેમ વિચરણ કરતો રહેશે. તે પોતાના જ્ઞાનનું ક્યારેય પ્રદર્શન નહીં કરે. તે આ દુનિયામાં કેટલુંય જડવત્ આચરણ કરતો હોય – એનો કંઈક ને કંઈક પ્રભાવ તો અચૂક પડશે જ. ‘દુનિયામાં જે મહાપુરુષો પ્રસિદ્ધ થયા અને જેમનાં નામ આપણે જાણીએ છીએ, એનાથી પણ મહાનપુરુષ આ દુનિયામાં થઈ ગયા છે, જેનું નામ સુધ્ધાં દુનિયા જાણતી નથી.’ – આ મારો એકદમ પાક્કો વિચાર છે. જે પૂર્ણપુરુષ હશે, તેની અભિવ્યક્તિ, તેનો પ્રકાર સૂક્ષ્મરૂપમાં હશે. આ ધ્યાનમાં રાખીને આપણે આપણી માનસિક ઊછળકૂદને ઓછી કરતાં જઈને ચિત્તને વધુમાં વધુ સૂક્ષ્મ કરતાં રહેવું જોઈએ. જેમ જેમ ચિત્તશુદ્ધિ થશે, તેમ તેમ બાહ્ય ક્રિયા ઓછી થઈ જશે. તેને ઓછી કરવી નહીં પડે. અને ત્યારે આપણે लोके जडवत् आचरेत् -ની નજીક પહોંચી જઈશું.

**શંકરાચાર્ય**

શંકરાચાર્ય જ્ઞાની પુરુષની વિશેષતા બતાવતા કહે છે કે જ્ઞાની બધા પ્રકારના સંસાર-પ્રપંચને જુએ છે, તો પણ એની મુલાકાત આત્માથી થાય છે. કેમ કે તે આત્માથી ભિન્ન એવું કંઈ જ જોતો નથી. तुका म्हणें जें जें भेटें, तें तें वाटे मी ऐसें – તુકારામને લાગે છે કે જે-જે મળે છે, તે હું જ છું એવું મને અનુભવાય છે. આવી અનુભૂતિ જેને હશે તેના માટે શું રાગ-દ્વેષ, માન-અપમાન, સુખ-દુઃખ બચશે ? અરીસામાં વધી ગયેલી દાઢી જોઈને શું તમે અરીસા પર ગુસ્સો કરશો? આપણે જ આપણને બહાર જોતા રહીએ છીએ. આ જ્ઞાની પુરુષનું વિશેષ છે. તેઓ પોતાની આંખો બંધ નથી રાખતા. એમની તો આ સહજ સમાધિ છે. જ્ઞાનીજન સંસારને જોવાનો ઇન્કાર નથી કરતા. તેઓ સંસારને જોતા હોવા છતાં તેઓ આત્માથી ભિન્ન એવું કંઈ જ જોતા નથી.

જ્ઞાની પુરુષને કોઈ વિધિ-નિષેધ લાગુ પડતા નથી. શંકરાચાર્ય કહે છે કે આખું જગત બ્રહ્મ છે, આ જાણનારાઓએ કયું ચિંતન કરવું, કયું ચિંતન ન કરવું જોઈએ; શું બોલવું જોઈએ, શું ન બોલવું જોઈએ; શું કરવું જોઈએ, શું ન કરવું જોઈએ – આ બતાવી શકાય નહીં. ફલાણું કરો, ફલાણું ન કરો – આવું એમને કહેવાનું કોઈ પ્રયોજન હોતું નથી. જ્ઞાની પુરુષોને કોઈ વિધિ લાગુ પડતી નથી. એ સહજભાવથી જે થશે, એટલું કરશે. કેટલાક લોકો ગપ ચલાવે છે કે અમારો તો સહજિયા પંથ છે, અમે તો સહજ પ્રેરણાથી કામ કરીએ છીએ. પરંતુ એકનાથ મહારાજ કહે છે કે લોકો ‘સહજ’, ‘સહજ’ કહેતા રહે છે, પરંતુ કોઈ વિરલાને જ સહજની પ્રાપ્તિ થાય છે. વિદ્યા અને અવિદ્યામાં મગ્ન થઈ જવું જોઈએ. અને જ્યારે બંને વિકસિત થઈને આત્મસાત્ થયા પછી સહજ અવસ્થા પ્રાપ્ત થાય છે. તે અવસ્થામાં જ્ઞાન પણ આવશે અને અજ્ઞાન પણ આવશે.

જ્ઞાની આખા વિશ્વને, દૃશ્યને દગરૂપ (આંખો)થી જુએ છે. જ્ઞાનની વસ્તુને જ્ઞાનરૂપથી જુએ છે. આનો શો મતલબ થાય ? શાક કેવું બન્યું? તો જ્ઞાની આવું નહીં કહે કે શાક સારું બન્યું કે ખરાબ બન્યું. તે સારું-ખરાબ નહીં કહે, કેમ કે એમના માટે સારું-ખરાબ એવું કંઈ હોતું જ નથી. શાક ખારું છે તો કહેશે કે શાક ખારું છે. શાક મોળું હશે તો કહેશે કે શાક મોળું છે. ખાટું હશે તો કહેશે કે શાક ખાટું છે. જેવું છે એવું કહેશે. શંકરાચાર્ય કહે છે કે આવા મનુષ્ય માટે बंधो नापि न मुक्तिः – બંધન પણ ગયું અને મોક્ષ પણ ગયું. न परात्मत्वं न चापि जीवत्मम् – ઈશ્વર ગયો, જીવ પણ ગયો. તો બચ્યું શું ? सत् બચ્યું.

શંકરાચાર્ય જ્ઞાની અંગે કહે છે કે अनियोज्योऽहम् અર્થાત્ હું નિયોજનીય (નિયુક્ત કરવા યોગ્ય) નથી. શાસ્ત્ર મારું નિયોજન કરી શકતું નથી. કેમ કે હું શાસ્ત્રીય નિયોજનનો વિષય નથી. જ્ઞાની પુરુષ

**આ અંકમાં**


| | | |
|---|---|---|
| વિનોબા | ૧ | આત્માને જાણીએ (૯) |
| ડૉ.અનુરાધા પ્રસાદ<br>અનુ.રાજેન્દ્ર દવે | ૪ | લોકશાહી, મૂડીવાદ, સમાજવાદ, સામ્યવાદ વગેરેના ભૌતિકવાદી આધારોનું ખંડન-૩ |
| રાજુ રૂપપુરીઆ | ૮ | વલ્લભભાઈ પટેલ : સરદારને સમજીએ-૩ |
| રમેશ તન્ના | ૯ | સમાજને પ્રતિબદ્ધ અને સુધારાવાદી : જયન્ત જોશી |
| ઉર્વિન શાહ | ૧૦ | ગાંધીમેળો - અમ વચ્ચે બાપુ અમર રહો |
| રજની દવે | ૧૨ | દેશની પર્યાવરણીય પરિસ્થિતિ પર અધ્યયન લેખ-૧ |
| પી. ચિદમ્બરમ્ | ૧૫ | આર્થિક સર્વેમાં બીમારીનું નિદાન : બજેટમાં તેની ઉપેક્ષા |
| રાજુ રૂપપુરીઆ | ૧૬ | અમેરિકા-ભારત વેપાર કરાર |
| રશાંસ | ૧૭ | વાંચનથાળ ૦ સત્યવીરની આરાધના ૦ પ્રવીણ ગઢવી વિશેષાંક ૦ આદિવાસી ઓળખ અને અસ્મિતા ૦ ગુજરાતની ગુર્જર ચળવળોનો ઇતિહાસ ૦ ભારતનો આર્થિક વિકાસ |
| સંપાદકીય ટીમ | ૨૧ | ભૂમિપુત્ર’૭૫ અમૃત મહોત્સવ અપડેટ |
| આશા વીરેન્દ્ર | ૨૪ | કબરખોદિયો કબીર |




YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

પર શાસ્ત્રની બધી આજ્ઞાઓ કુંઠિત થઈ જાય છે. જેમ કે અસ્તરાની ધાર અત્યંત તેજ હોય છે, પણ તેમ છતાં તે પથ્થર પર કામ કરી શકતી નથી. એવી રીતે શાસ્ત્રની આજ્ઞા પણ જ્ઞાનનિષ્ઠ મનુષ્ય પર ચાલતી નથી.

જે જ્ઞાની છે તેનું આચરણ અવ્યક્ત હોય છે, તે પ્રગટ થતું નથી. આપણને ખબર જ પડતી નથી કે તે જ્ઞાની છે. જેને જાબાલ ઉપનિષદમાં अव्यक्तलिंगा, अत्याताचाराः કહ્યું છે. અવ્યક્તલિંગા : અર્થાત્ જ્ઞાનલિંગ પ્રગટ થતું નથી. લિંગ એટલે ચિહ્ન. દુનિયા જે મહાપુરુષોને જાણે છે તેઓ એટલા મોટા નથી. એમનાથી પણ મોટા એ મહાપુરુષો છે, જેને દુનિયા જાણતી નથી.

ગીતા જ્ઞાની પુરુષોને આવું નથી કહેતી કે તમે તમારી જગ્યાએ ઉદાસીન રહીને બેઠા રહો અને પોતાની જગ્યાએ બેઠાં-બેઠાં બીજા લોકોને રસ્તો દેખાડ્યા કરો. પણ ગીતા તો આના કરતાં વધારે અપેક્ષા રાખે છે. તે જ્ઞાનીને કહે છે કે અજ્ઞાની જે રસ્તે ચાલે છે, એ રસ્તા પર તમે પણ ચાલો અને પોતાની કૃતિ દ્વારા રસ્તો બતાવો. આ આટલા માટે કે જે સામાન્ય લોકો છે, તેઓની સ્થિતિ બાળકો જેવી હોય છે. એ લોકો તો કૃતિ દ્વારા જ અનુસરણ કરે છે, કેવળ શબ્દોથી એ સમજતા નથી.

મોટાભાગે લોકો જ્ઞાની પુરુષથી ડરે છે. મારી પાસે જ્ઞાનનો કેવળ આભાસ જ છે, છતાં પણ લોકો મારાથી ડરે છે. હવે આ જ્ઞાનના આભાસની આટલી જો ધાક હોય તો જ્ઞાનની તો કેટલી બધી રહેતી હશે ? જ્ઞાની માટે આદર રહેતો હોય છે. જ્ઞાની હિમાલય જેવો હોય છે, હિમાલય પર ચઢવું અઘરું છે. જ્ઞાની સમુદ્ર જેવો હોય છે. જે સારા તરવૈયા હોય, તેઓ જ એ સમુદ્રમાં તરે છે. બાકી બધાં ડરે છે. આવી રીતે જ્ઞાની માટે આદર હોવા છતાં તેઓ એવું અનુભવે છે કે એમનામાં અને અમારામાં અંતર છે. એ ખૂબ ઊંચાઈ પર છે અને અમે ઘણા નીચે છીએ, એવું માનવામાં આવે છે. પરંતુ હકીકતમાં તો અજ્ઞાનીઓથી ડરવું જોઈએ, જ્ઞાનીઓથી નહીં. જ્ઞાનદેવે જ્ઞાનીનું વર્ણન કર્યું છે. તેઓ કહે છે, સમુદ્ર માછલીઓથી કંટાળતો નથી. સમુદ્રની લહેરોને માછલીઓનો ભય લાગતો નથી. આ સમુદ્ર-જલચર-ન્યાય એ જ્ઞાની અને સામાન્ય લોકોને લાગુ પડે છે. માની સામે બાળકો નાચે-કૂદે-મસ્તી પણ કરે છે. એવી રીતે જ્ઞાનીની સામે લોકો મુક્તતાનો અનુભવ કરે છે અને લોકો કંઈક વાંધાજનક હરકત કરે તો પણ એનાથી જ્ઞાનીને ઉદ્વેગ થતો નથી. જ્ઞાનેશ્વર આવા જ આદર્શ જ્ઞાની હતા.

* * *

અંતરમાં અખંડ અંતર્નાદ
સંભળાઈ રહ્યો છે.
બહાર ભૂતમાત્રમાં હરિ-જ્યોતિ,
દેખાઈ રહી છે.
આવી રીતે અંતર્બાહ્ય હરિથી
ઘેરાયેલો છે તે પૂર્ણ પુરુષ.

જાગૃતિ, સ્વપ્ન, સુષુપ્તિ,
ત્રણેય અવસ્થા એને ઉપર-ઉપર
ભલે પ્રાપ્ત થયેલી જોવા મળે,
પરંતુ અંતર્ - અનુભવથી
તે મહાન આત્મા
આ ત્રણેયથી નિરાળો જ છે.
એના માટે નિરંતર ઊજળો પ્રકાશ જ છે.

* * *

## આત્મ પરીક્ષણ

આપણે આત્મપરીક્ષણ હમેશાં કરતા રહેવું જોઈએ. અને આપણા ચિત્તમાં જે કાંઈ અયોગ્ય વાતો પડેલી હોય છે, એને બહાર કાઢી નાખવી જોઈએ અને ચિત્તની અંદર જે યોગ્ય છે, એને બહાર પ્રગટ કરવું જોઈએ. આવી રીતે આપણું દરરોજ પરીક્ષણ થવું જોઈએ. આપણે જેમ દરરોજનો આપણા બહારના વ્યવહારનો હિસાબ કરીએ છીએ, એવી જ રીતે આપણે આપણા ભીતરી મનનો પણ હિસાબ રાખવો જોઈએ. આપણે એ જોવું જોઈએ કે મનનો દરવાજો ખોલવો અને બંધ કરવો તે આપણા હાથમાં છે કે નથી ? આ કંઈ અઘરું કામ નથી. જેમને મોટો અહંકાર અને મોટીમોટી આકાંક્ષાઓ છે, તેમની વાત જુદી છે. પણ જેમને કેવળ કામ કરીને અલગ થઈ જવું છે, તેમના માટે આ અત્યંત સરળ છે.

બાલ્યાવસ્થા, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ, સંન્યાસ વગેરે જીવનના વિભાગો છે, જે આપણને આત્મપરીક્ષણ કરવાનો મોકો આપે છે. એવી જ રીતે સૂર્યનારાયણ પણ દિવસના હિસ્સા કરીને આપણને આત્મપરીક્ષણ કરવાના મોકા આપતો રહે છે. સાંજ પડી, પ્રાતઃકાળ થયો. આ શું છે ? આ જીવનના ખંડ છે અને આત્મપરીક્ષણ કરવાના અવસરો છે. એટલા માટે સંધ્યા અથવા પ્રાર્થનાની વિધિ કરવામાં આવે છે. સંધ્યાકાળ શું છે ? વ્યવહાર ખતમ થવાનો સમય અને વ્યવહાર શરૂ કરવાનો સમય, બંને સંધ્યાકાળ છે, આત્મપરીક્ષણનો કાળ છે. આખો દિવસ સ્વધર્માચરણ કર્યા પછી દિવસના અંતમાં આત્મપરીક્ષણની જરૂર પડે જ છે. આપણી સાયંકાળ (સાંજ)ની પ્રાર્થના સમર્પણમયી હોવી જોઈએ. આપણે સમર્પણ કરતાં પહેલાં દિવસભરના કાર્યક્રમનું શોધન કરવું જોઈએ. આ એટલા માટે જરૂરી છે કે આપણા દોષ-નિરીક્ષણ અને આપણી ક્ષમા યાચના સાથે જ આખા દિવસની કૃતિ ભગવાનને સમર્પિત થઈ શકે છે. આ શોધનની પ્રક્રિયા એ સાયંપ્રાર્થનાનું આવશ્યક અંગ છે. આપણે જ્યારે ભગવાનની શરણે જઈએ છીએ, ત્યારે હૃદય શુદ્ધ થાય છે અને નવી શક્તિ, નવી સ્ફૂર્તિ, નવો સંકલ્પ આવી મળે છે. આ એક આત્મિક ક્રિયા છે, જેને માણસે એકાંતમાં આત્મપરીક્ષણપૂર્વક કરતા રહેવી જોઈએ.

જે માણસનું ચિત્ત અત્યાધિક શુદ્ધ હોય છે, તેને પોતાનો નાનકડો દોષ પણ ઘણી તકલીફ આપે છે. જેમ કે આંખ ઘણી નિર્મળ વસ્તુ છે, એટલા માટે ધૂળનો રજકણ પણ આંખને ઘણી પીડા પહોંચાડે છે. હવે એ જ રજકણ જો ગળામાંથી ઊતરીને સીધો પેટમાં જતો રહેશે,

(જુઓ પાન નં. ૨૩)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# લોકશાહી, મૂડીવાદ, સમાજવાદ, સામ્યવાદ વગેરેના ભૌતિકવાદી આધારોનું ખંડન-૩

ગાંધીજીએ આર્થિક સમાનતા પર ભાર મૂક્યો. એમના મતે આર્થિક સમાનતાનો અર્થ એ નથી કે દરેકને એ માત્રામાં દરેક વસ્તુ મળે. તેનો અર્થ છે કે દરેકને પોતાની જરૂરિયાત મુજબ મળી જવું જોઈએ. આ રીતે આર્થિક સમાનતાનો અર્થ આપણને બધાને પોત-પોતાની જરૂરિયાત અનુસાર મળે, એમ કહી શકીએ છીએ. તેમનો વિચાર હતો કે કોઈને એમ કહીને ઉચ્ચવર્ગો અને આમ પ્રજાની વચ્ચેના અંતરને ઉચિત ગણાવવાની કોશિશ ન કરવી જોઈએ કે પહેલાંની જરૂરિયાતો બીજાથી વધારે છે. આ એક નકામી દલીલ છે. અમીર-ગરીબના વર્તમાન ફરકથી દિલને ઊંડો આઘાત લાગે છે. પ્રત્યેકને સમતોલ ભોજન, રહેવા માટે સારું મકાન, બાળકોને શિક્ષણની સવલત અને દવાની મદદ મળવી જોઈએ. આ રીતે સાચો સમાજવાદ આવી શકે છે.

આર્થિક સમાનતાને માટે પ્રયત્ન જરૂરી છે. ગાંધીજીએ લખ્યું છે કે, ''જો ધનવાન લોકો પોતાના ધનને અને એ કારણે મળનારી સત્તાને ખુદ રાજીખુશીથી છોડી અને સહુના કલ્યાણ માટે સહુની સાથે મળીને રહેવા તૈયાર નહીં થાય તો એ નક્કી સમજો કે આપણા દેશમાં હિંસક અને ખૂંખાર ક્રાંતિ થયા વિના નહીં રહે.'' એમણે લખ્યું છે કે આપણે એ વાત અંગે વિચાર કરવો જોઈએ કે અહિંસા દ્વારા સમાન વિતરણ કેવી રીતે કરી શકાય છે અને સમાજવાદની સ્થાપના કઈ રીતે કરી શકાય છે. તેના માટે દરેક વ્યક્તિને પોતાની જરૂરિયાતો ઓછામાં ઓછી કરવી પડશે. તેને ઇમાનદારીથી કામ લેવું પડશે અને જીવનના દરેક ક્ષેત્રમાં સંયમનું પાલન કરવું પડશે.

ધનના સમાન વિતરણને માટે સંરક્ષકતાનો સિદ્ધાંત જરૂરી છે, યાને અમીરોને વધારાના ધનના સંરક્ષક કે ટ્રસ્ટી બનાવવાનું સ્વીકારવું જોઈએ. સમાન વિતરણનો સિદ્ધાંત કહે છે કે અમીરોએ પણ પોતાના પડોશીઓથી એક રૂપિયો પણ વધારે ન રાખવો જોઈએ. પરંતુ આ બધા પ્રયત્ન અહિંસા દ્વારા જ કરવા જોઈએ. હિંસા દ્વારા કરાયેલ કાર્યવાહી ક્યારેય સમાજને લાભ ન પહોંચાડી શકે. અહિંસક ઉપાય જ શ્રેષ્ઠ છે, જેનાથી સમાજમાં પરિવર્તન આવી શકે છે.

ધનના સમાન વિતરણને માટે ટ્રસ્ટીશીપ નિષ્ફળ જવાથી ગાંધીજીએ મજૂરોને અસહકાર અને સવિનય કાનૂન ભંગની સલાહ આપી છે. ધનવાન લોકો સમાજના ગરીબોના સહયોગ વિના ધન સંગ્રહ ન કરી શકે. એટલે અસહકાર અને સવિનય કાનૂન ભંગ દ્વારા તેઓ પોતાનાં હિતોને મનાવી શકે છે.

ગાંધીજીએ પોતાનો સંરક્ષરતાનો સિદ્ધાંત વિકસિત કર્યો છે. તેઓએ પોતાના ટ્રસ્ટીશિપના સિદ્ધાંતમાં એમ કહ્યું છે કે જો કોઈ વ્યક્તિને પ્રચુર સંપત્તિ મળી જાય ત્યારે તેનો તેના પર એટલો જ અધિકાર હોવો જોઈએ કે જે રીતે બીજો માનવી પોતાનું ગુજરાન ચલાવે છે, એ રીતે એ પણ કરે. તેની બાકીની બધી સંપત્તિ ઉપર રાષ્ટ્રનો હક્ક હોવો જોઈએ અને તેના હિતાર્થે તેનો ઉપયોગ થવો જોઈએ. આ સિદ્ધાંતનું પ્રતિપાદન તેઓએ ત્યારે કર્યું હતું જ્યારે સમાજવાદી સિદ્ધાંત દેશ સમક્ષ આવ્યો. તેમને વિશ્વાસ હતો કે પૂર્ણ ટ્રસ્ટીશીપને માટે કોશિશ કરી શકાય છે અને એ આધાર પર દુનિયામાં સમાનતાની સ્થાપના કરી શકાય છે.

ગાંધીજીને દઢ વિશ્વાસ હતો કે જો રાજ્યએ સમાજવાદને હિંસા દ્વારા દબાવવાની કોશિશ કરી તો તે ખુદ જ હિંસાની જાળમાં ફસાઈ જશે અને ક્યારેય પણ અહિંસાનો વિકાસ નહીં કરી શકે. રાજ્ય હિંસાનું એક કેન્દ્રિત અને સંગઠિત રૂપ જ છે. રાજ્યનો જન્મ હિંસાથી જ થાય છે અને હિંસાથી તેનો પીછો ક્યારેય નથી છોડાવી શકાતો. એટલે તેઓએ કહ્યું હતું કે બધા મૂડીપતિઓની સંપત્તિની તપાસ થવી જોઈએ અને જ્યાં જરૂર હોય ત્યાં તેમની સંપત્તિ રાજ્યને વળતર આપી પોતાના હાથમાં કરી લેવી જોઈએ. વ્યક્તિગત રીતે તેઓ એમ ઇચ્છતા હતા કે રાજ્યના હાથોમાં શક્તિનું વધારે કેન્દ્રિકરણ ન થવું જોઈએ. બલકે તેનાથી વધારે ટ્રસ્ટીશીપની જ ભાવનાનું વિસ્તરણ થવું જોઈએ. તેઓ રાજ્યના સ્વામિત્વની ભલામણ ઓછામાં ઓછી કરવા ઇચ્છતા હતા.

## શ્રીઅરવિંદના વિચારો

શ્રીઅરવિંદે પોતાના પુસ્તક 'યુદ્ધ અને આત્મનિર્ણય'માં લખ્યું છે કે યુદ્ધે બે મુખ્ય પ્રશ્નોને જટિલ બનાવી દીધા છે - એક તો મૂડી અને શ્રમમાં વધતો જતો સંઘર્ષ અને બીજું, એશિયાઈ મામલાઓ. મૂડી અને શ્રમનો સંઘર્ષ એક નવા જમાનામાં આવ્યા છે. યુરોપમાં મૂડીવાદ અને સમાજવાદ એક-બીજાનું મોઢું જોવા ઊભા છે. દિન-પ્રતિદિન સમાજવાદી વિચારધારા વધતી જાય છે. શ્રમ આંદોલન પણ હવે સમાજવાદી રૂપ લઈ રહ્યું છે. મૂડીવાદી ઢાંચાનો અંત જ તેની માંગ છે. તેમના મતે યુરોપીય સભ્યતા જેનો આધાર મૂડીવાદી ઉદ્યોગવાદ છે, એ પોતાની ચરમ સીમા સુધી પહોંચી ચૂકી છે. અને ઝડપથી તેનું પતન થઈ જશે.

એશિયામાં સમાજવાદના ઉદય પર વિચાર કરતા તેઓએ લખ્યું છે કે એશિયામાં સમાજવાદ અને સાંસ્કૃતિક જાગૃતિ થોડા સમયને માટે એકઠાં થઈ ગયાં છે. એશિયામાં અનેક સ્વતંત્રતા આંદોલનોનો શ્રમ આંદોલનો સાથે નજીકનો સંબંધ છે, એટલા માટે શ્રીઅરવિંદનો મત હતો કે સમાજવાદની દ્વારા જ સાચું લોકતંત્ર આવી શકે છે. તે સમાજવાદના પ્રત્યેક ભાગને માટે જીવિત રહે છે, માત્ર પોતાના હિતને માટે જીવિત નથી રહેતું. આ ભાવના માનવતામાં એવી સ્થિતિઓ ઉત્પન્ન કરી શકે છે, જેમાં તે પોતાની સર્વોત્તમ શક્તિઓને ઊંચા વિકાસમાં લગાવી શકે છે. જો કે તેઓ એમ માનતા હતા કે સમાજવાદ સમાજમાં સમાનતા અને સુખ લાવી શકે છે, પરંતુ તે માત્ર ભૌતિક સુખ જ લાવી શકે છે, આધ્યાત્મિક સુખ અને શાંતિ નથી લાવી શકતા.

શ્રીઅરવિંદને વિશ્વાસ હતો કે એશિયામાં નૂતન જાગૃતિ આવી રહી છે અને તે સમાજવાદ દ્વારા જ શક્ય છે. એશિયામાંથી ધીરે-



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ધીરે અરાજકતા અને શોષણનો અંત થતો જાય છે. શ્રીઅરવિંદનું માનવું હતું કે ભવિષ્યમાં બે શક્તિઓ વિકસિત થશે - એક યુરોપનો બૌદ્ધિક આદર્શવાદ અને બીજો એશિયાનો આત્મા. યુરોપે આપણી સામે કાનૂનની સમક્ષ સમાનતા, રાજકીય સ્વતંત્રતા અને લોકતંત્ર અને બંધુત્વ જેવા મહાન આદર્શ રાખ્યા છે, પરંતુ સાથે જ ત્યાં આર્થિક સામ્રાજ્યવાદ, ઉપનિવેશવાદ, મૂડીવાદ અને વર્ગસંઘર્ષ જેવા અવગુણો પણ છે. શ્રીઅરવિંદના મતે એશિયાએ જ એ અવગુણોની વિરુદ્ધ આધ્યાત્મિક સ્વતંત્રતા, વિશ્વબંધુત્વ અને માનવએકતાનો આદર્શ વિશ્વ સમક્ષ ઉપસ્થિત કર્યો છે અને તેનું શ્રેય ભારતને જ છે. ભારતે જ વિશ્વને આધ્યાત્મિક આદર્શ આપ્યો છે. તેમનું દઢપણે માનવું હતું કે જે દેશ આધ્યાત્મિક સ્વતંત્રતા પ્રાપ્ત કરી લે છે, તેને જ રાજકીય અને સામાજિક સ્વતંત્રતા પણ મળે છે.

શ્રીઅરવિંદે સમાજવાદની તરફેણ કરી હતી, પરંતુ તેઓ રાજ્યને સર્વેસર્વા બનાવવાના પક્ષમાં નહોતા. તેમનું માનવું હતું કે આપણે આપણી જરૂરિયાતોથી એક-બીજા પ્રત્યે એટલા બંધાયેલા છીએ કે આપણે મોટા-મોટા એકમોમાં ઇચ્છાથી બંધાવા માટે તૈયાર થઈ જઈએ છીએ. તેનાથી પરિવાર, ગામ અને રાજ્યનો જન્મ થયો છે. પરંતુ રાજ્યની અપર્યાપ્તતા સ્વીકારતા તેઓએ વિશ્વસંઘની કલ્પના કરી અને બતાવ્યું કે સાચો સમાજવાદ આના દ્વારા આવી શકે છે. તેઓએ જ આપણી સામે સૌથી પ્રથમ યોજના રજૂ કરી કે સમસ્ત માનવજાતની એકતાનો આદર્શ વિશ્વ-રાજ્યના સંઘ દ્વારા પ્રાપ્ત કરી શકાય છે. જો બધાં રાજ્યો મળીને એક સંઘ બનાવી લે તો અનેક સમસ્યાઓ ઊકલી શકે છે. તે વિશ્વસંઘ આત્મ-નિર્ણયના સિદ્ધાંત અને વિવિધતાઓ પર આધારિત હશે, કેમ કે તેમાં બધા દેશોના લોકો સામેલ થશે અર્થાત્ તેમાં એવી વ્યવસ્થા હશે, જેમાં બધા જ માનવપ્રાણીઓને સ્થાન, જાતિ અને આર્થિક સુવિધા અનુસાર પોતાનો સમૂહ બનાવવાનો અધિકાર હશે. આ પ્રકારના સમાજમાં આંતરિક સંઘર્ષ અને કલહને માટે કોઈ સ્થાન નહીં રહે અને આપણો સંબંધ માનવીય આધાર પર સ્થાપિત થઈ જશે. આ રીતે એક આદર્શ સમાજની સ્થાપના થઈ શકશે. આજના યુગમાં જ્યારે રાષ્ટ્રોમાં પરસ્પર દ્વેષ, ઘૃણા, ભય અને અવિશ્વાસનું વાતાવરણ છે અને ભયંકર શસ્ત્રદોડ છે, ત્યારે શ્રીઅરવિંદના આ વિચારોનું મૂલ્ય આપણને સમજાય છે.

શ્રી અરવિંદનો સમાજવાદ અમુક હદ સુધી વ્યક્તિવાદથી પ્રભાવિત છે. યુરોપમાં જે વ્યક્તિવાદનો યુગ હતો, એ યુગમાં ઐતિહાસિક દૃષ્ટિએ વિજ્ઞાન હાવી હતું. જેનો ઉદ્દેશ સમાનતાના સિદ્ધાંતની શોધ કરવાનો હતો. વ્યક્તિવાદી સ્વતંત્રતાની શ્રીઅરવિંદે પણ તરફેણ કરી છે અને તેના આધાર પર સમાજવાદની સ્થાપના કરવાની ચેષ્ટા કરી છે.

પરંતુ શ્રીઅરવિંદ એમ પણ માને છે કે સમાજવાદ દ્વારા ભૌતિક લક્ષ્યોની જ પ્રાપ્તિ થઈ શકે છે. જ્યારે આપણે આધ્યાત્મિક સુખની ઇચ્છા રાખીએ છીએ અને આપણો આધ્યાત્મિક વિકાસ ઇચ્છીએ છીએ, ત્યારે સમાજવાદ તેમાં સહાયક નથી હોતો. સમાજવાદનો બીજો એક દોષ તે પણ છે કે એ શ્રમિકોને ઉત્પાદનનું એકમાત્ર સાધન ગણાવે છે, પરંતુ ઉત્પાદનમાં શ્રમ, મૂડી અને પ્રબંધ આ ચીજોની પણ જરૂર છે. ગાંધીજીની જેમ અરવિંદે પણ સમાજવાદીઓના ક્રાંતિકારી અને હિંસાત્મક માર્ગને ઉચિત નથી ગણાવ્યો અને એના દ્વારા ઉત્પન્ન વર્ગસંઘર્ષની પણ તેઓએ ટીકા કરી છે.

શ્રીઅરવિંદના વિચારોમાં આપણને આધ્યાત્મિક સ્વતંત્રતા અને રાષ્ટ્રીયતાની ભાવના મળે છે. તેઓ સમાજવાદને માનવીય એકતા પર આધારિત કરવા ઇચ્છતા હતા, પરંતુ અંતે તેમની દષ્ટિ પ્રકૃતિ અને અધ્યાત્મ પર જ હતી અને એ જ તેમના વિચારોના મૂળ આધાર છે.

## સામ્યવાદ અંગેના વિચાર

સામ્યવાદના જન્મદાતા કાર્લ માર્કસ છે. પોતાની આ વ્યવસ્થા દ્વારા માર્કસે મૂડીવાદને પૂર્ણ કરી સાર્વજનિક હિતની યોજના બનાવી હતી. તે મૂડીવાદ અને સામ્યવાદની વચ્ચેની એ અંતિમ સામાજિક અવસ્થા છે, જેમાં શ્રમિક વર્ગનું અધિનાયકત્વ સ્થાપિત થાય છે અને એક વર્ગવિહીન સમાજની સ્થાપના થાય છે. માર્કસને શ્રમિકો પ્રત્યે અપાર પ્રેમ હતો. તેમણે કહ્યું હતું, ''વિશ્વના શ્રમિકો એક થઈ જાઓ.'' શ્રમિકોની સ્થિતિનું ઉત્થાન જ તેમનું લક્ષ્ય હતું. તેઓએ પોતાના વિચારોમાં એ બતાવ્યું હતું કે માનવસમાજ પોતાની વર્તમાન સ્થિતિઓમાં કઈ રીતે પહોંચ્યો છે અને ભવિષ્યમાં તેની શું સ્થિતિ હશે. તેમણે વૈજ્ઞાનિક રીતે ઇતિહાસનું અધ્યયન કર્યું અને તેની ભૌતિકવાદી વ્યાખ્યા કરી. તેમણે પોતાના દ્વંદ્વાત્મક ભૌતિકવાદ, ઇતિહાસની ભૌતિકવાદી વ્યાખ્યા, વર્ગસંઘર્ષ અને વધારાના મૂલ્યોના સિદ્ધાંતના આધાર પર પોતાના વિચારોનું સમર્થન કર્યું. માર્કસના સમાજવાદનું નિર્માણ શ્રમિક વર્ગની ક્રાંતિ પછી થાય છે. તેમણે એ જણાવ્યું કે 'સામ્યવાદ એવી સીડી છે, જેના દ્વારા ઉત્પત્તિનાં સાધનો પર સમાજનો અધિકાર થઈ જાય છે અને મનુષ્ય દ્વારા મનુષ્યનું શોષણ પૂર્ણ થઈ જાય છે.' માર્કસે રાજ્યનો વિરોધ કર્યો છે અને કહ્યું છે કે રાજ્ય, એ સર્વકલ્યાણને પોતાનો ઉદ્દેશ સમજવાવાળો સમુદાય ન કદી રહ્યો છે અને ન કદી થઈ શકે છે.

રાજ્ય હંમેશાંથી જ શોષિતોની વિરુદ્ધ શોષકોને સાથ આપતું રહ્યું છે. શોષકોનું દમન કરવા માટે માર્કસના સૂચન અનુસાર રાજ્ય પર શોષિતોનો અધિકાર હોવો પરમ આવશ્યક છે. એટલે રાજ્ય પર અધિકાર કરી તેને સમગ્ર તંત્રમાં શોષકો કે મધ્યમ વર્ગના સ્થાન પર શ્રમિકોની નિમણૂક કરવી જોઈએ, જેનાથી રાજ્ય શોષિતોના હિતમાં કામ કરવા મંડે. રાજ્યનો પ્રયોગ ત્યારે ખૂલીને મૂડીપતિઓ અને પરોપજીવીઓની વિરુદ્ધ કરાશે. એ રાજ્યમાં કોઈ વ્યક્તિગત સંપત્તિ નહીં હોય અને શોષણનાં બધાં સંગઠનોને હટાવવાં પડશે. એવા જ રાજ્યનું નામ માર્કસે 'શ્રમિકોનો અધિનાયકવાદ' આપ્યું છે. વાસ્તવમાં, સામ્યવાદ જ માર્કસનો ઉદ્દેશ અને અંતિમ લક્ષ્ય છે. તે એક વર્ગવિહીન, રાજ્યવિહીન, ધર્મવિહીન, સુખી અને સમૃદ્ધ સમાજની માર્કસવાદી કલ્પના છે. સામ્યવાદ એક એવી સમાજવ્યવસ્થાની કલ્પના છે, જેમાં પ્રત્યેક વ્યક્તિ સુખી અને સ્વતંત્ર હોય, સંઘર્ષના બદલે પ્રેમ, લોકોની વચ્ચેનો સંબંધ નિર્ણિત કરે. માર્કસે સામ્યવાદની એક સુંદર કલ્પના કરી છે, જેમાં ન માત્ર ભૌતિક સમૃદ્ધિ માટે સ્થાન છે, બલકે તે એક સહયોગપૂર્ણ પારિવારિક



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

જીવનના નિર્માણની કામના કરે છે. સામ્યવાદની સ્થાપનાની કેટલીક વિધિઓ છે -

(૧) સમાજનાં બધાં ઉત્પાદનનાં સાધનોને મૂડીપતિઓ અને શોષકોના હાથમાંથી છીનવી તેને સાર્વજનિક બનાવવાં પડશે.

(૨) મૂડીવાદી અને શોષક વ્યક્તિઓનો અંત કરવો પડશે.

(૩) ઉત્પાદનનો વધારો કરવો અને કામ કરનારાઓને કામ અનુસાર મહેનતાણું આપવું પડશે.

(૪) પ્રત્યેકને માટે શ્રમ અનિવાર્ય કરવો પડશે.

(૫) ભૂમિમાં વ્યક્તિગત સંપત્તિના ઉન્મૂલનનો સાર્વજનિક ઉદ્દેશને માટે પ્રયોગ કરવો પડશે.

(૬) ઉત્તરાધિકાર પ્રણાલીને પૂર્ણ કરવી પડશે

(૭) સાર્વજનિક શાળાઓમાં બાળકોને માટે ફક્ત શિક્ષણની વ્યવસ્થા કરવી પડશે.

માર્કસવાદી સમાજમાં બધા પ્રકારનાં બંધન દૂર થઈ જાય છે, શિક્ષણ અને વિકાસના સુઅવસર પ્રત્યેક બાળકને માટે સમાન રૂપે ઉપલબ્ધ થાય છે. જાતિ, ધર્મ, રંગ અને રાષ્ટ્રીયતાના ભેદભાવ ખતમ થઈ જાય છે અને શારીરિક અને માનસિક શ્રમને સમાન સમજાય છે. વ્યક્તિવાદી જીવનના સ્થાન પર સામૂહિક ભાવનાનો જન્મ થાય છે અને સ્વાર્થનું સ્થાન માનવ-પ્રેમ લઈ લે છે અને ત્યારે પ્રત્યેક વ્યક્તિ સમાજના ઉત્થાનને માટે કામ કરવા લાગે છે. કામ કરવા માટે કોઈને પ્રલોભનની જરૂર નથી હોતી અને ત્યારે રાજ્યનો પણ અંત થઈ જાય છે. અને એક વર્ગવિહીન, રાજ્યવિહીન સમાજની સ્થાપના થાય છે અને શ્રમજીવી વર્ગના વિજયના પરિણામસ્વરૂપ મૂડીવાદી સંસ્થાના રૂપે રાજ્ય નષ્ટ થઈ જાય છે અને સાર્વજનિક કાર્યોનું 'રાજનીતિક સ્વરૂપ' ખતમ થઈ જાય છે. આ જ માર્કસનો સામ્યવાદ છે.

## સામ્યવાદ અંગે ગાંધીજીના વિચારો

કેટલાક વિચારકોના મત છે કે ગાંધીજીના વિચાર માર્કસને મળતા છે. તેઓનું કહેવું છે કે જો સામ્યવાદી વિચારધારામાંથી 'હિંસા'નું તત્ત્વ હટાવી લેવાય તો ગાંધીજીના જ વિચાર બાકી રહી જશે. આચાર્ય વિનોબા ભાવેએ લખ્યું છે કે ગાંધીજી અને કાર્લ માર્કસ બંને જ કોઈ પ્રજાને માટે માતા-પિતા સમાન છે અને બંને જ નિર્ધન અને પદદલિત વ્યક્તિઓનો ઉદ્ધાર કરવા માંગે છે. માર્કસની માફક જ ગાંધીજી પણ મૂડીવાદી શોષણના યુગને સમાપ્ત કરી એક એવા સમાજની સ્થાપના કરવા ઇચ્છતા હતા, જ્યાં માનવીના લાભની ભાવના નહોતી પારસ્પરિક સહયોગ, સેવા અને પ્રેમની ભાવનાઓનું સામ્રાજ્ય હોય. ગાંધીજી અને માર્કસના વિચારોમાં આપણે એ સમાનતા જોઈ શકીએ છીએ કે બંનેની વિચારધારાઓ મૂડીવાદી શોષણનો અંત ઇચ્છે છે. અને બધાં ઉત્પત્તિનાં સાધનો પર સંપૂર્ણ સમાજનું સ્વામિત્વ સ્થાપવા માંગે છે. બંને વિચારધારાઓમાં વ્યક્તિનાં કાર્યોમાં રાજ્યનો ઓછામાં ઓછો હસ્તક્ષેપ હોય, તે વાત જોવા મળે છે.

પરંતુ ગાંધીજીના વિચારનો આધાર અધ્યાત્મ અને નૈતિકતા છે અને તેઓએ સામ્યવાદીઓના ભૌતિક આધારની ટીકા કરી છે -

(૧) ગાંધીજી અપરિગ્રહ દ્વારા સ્વેચ્છાથી ખાનગી સંપત્તિનો અંત લાવવા ઇચ્છતા હતા. જ્યારે સામ્યવાદીઓ બળપૂર્વક ખાનગી સંપત્તિને પૂર્ણ કરવા ઇચ્છે છે. ગાંધીજીએ લખ્યું છે કે બોલ્શેવિઝમનો સંપૂર્ણ અર્થ તેઓએ અત્યાર સુધી એમ જ સમજ્યો છે કે તેનો ઉદ્દેશ ખાનગી સંપત્તિની સંસ્થાને દૂર કરવી છે, પરંતુ એ હિંસા અને બળનો ઉપયોગ ખૂબ જ સહેલાઈથી કરે છે. તેના આ પગલાનો ગાંધીજીએ સખત વિરોધ કર્યો છે અને કહ્યું છે કે આ રીતે બોલ્શેવિક પોતાના વર્તમાન રૂપમાં વધારે દિવસ સુધી ન ટકી શકે, કેમ કે હિંસાના આધાર પર આધારિત કોઈ પણ વ્યવસ્થા ક્યારેય પણ સ્થાયી ન હોઈ શકે.

(૨) ગાંધીજીએ આધ્યાત્મિકતાને ખૂબ મહત્ત્વ આપ્યું છે. તેઓએ ધનના સ્થાને નૈતિકતાને માનવીય જીવનનો આધાર સ્વીકાર્યો છે. તેમને વિશ્વાસ હતો કે ભૌતિક ઉન્નતિની સરખામણીએ આધ્યાત્મિક ઉન્નતિનું વધારે મહત્ત્વ છે અને માનવીય મૂલ્ય જીવનમાં મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. તેઓએ સામ્યવાદીઓની એ આધાર પર ટીકા કરી કે તેઓ ભૌતિક સાધનોની પ્રાપ્તિ પર વધારે ભાર મૂકે છે અને એમની પ્રણાલીમાં નૈતિકતાને માટે કોઈ સ્થાન નથી. ગાંધીજીના મતે ભૌતિક આધારો પર જ જીવનનું સર્વોચ્ચ નથી મેળવી શકાતું.

(૩) ગાંધીજીએ સામ્યવાદીઓના માનવસ્વભાવ સંબંધી વિચારોની પણ ટીકા કરી છે અને લખ્યું છે કે સામ્યવાદ જે વિચારો પર આધારિત છે, એ અમારા વિચારોથી મૂળમાંથી જ અલગ છે. સામ્યવાદી માનવીને મૂળમાં સ્વાર્થી માને છે, જ્યારે ગાંધીજી આ વાતને નથી માનતા અને તેઓ કહે છે કે માનવી અને પશુમાં પાયાનો તફાવત છે અને માનવી પોતાના આત્માના પોકારને સાંભળી શકે છે, એ વિચારોથી ઉપર ઊઠી શકે છે જે એનામાં અને પશુઓમાં સામાન્ય રૂપે જોવા મળે છે અને એટલા માટે એ સ્વાર્થ ભાવના અને હિંસાથી પણ ઊઠી શકે છે. સ્વાર્થ અને હિંસા પશુ સ્વભાવનું અંગ છે, મનુષ્યનું નહીં. આ જ કારણ છે કે આપણે ત્યાં એવા સંત અને મહાત્મા થયા છે, જેઓએ આત્માનાં ગૂઢ રહસ્યોની શોધમાં પોતાના પ્રાણ આપ્યા છે. એટલે તેઓનો મત છે કે સામ્યવાદનો પણ આધાર અહિંસા અને સહયોગ હોવો જોઈએ.

(૪) ગાંધીજી અને સામ્યવાદીઓનું લક્ષ્ય એક જ છે - એક વર્ગવિહીન સમાજની સ્થાપના કરવી. પરંતુ સામ્યવાદી આ વર્ગવિહીન સમાજની સ્થાપના શક્તિ દ્વારા કરવા ઇચ્છે છે અને ગાંધીજીએ તેની ટીકા કરી છે. તેઓએ લખ્યું છે કે સામ્યવાદના અર્થની તપાસ કરીએ તો અંતમાં આપણે એવા નિર્ણય પર પહોંચીએ છીએ કે તેનો અર્થ છે - એક વર્ગવિહીન સમાજની સ્થાપના કરવી. તે એક ખૂબ જ સારો આદર્શ છે, પરંતુ જ્યારે તે આદર્શની પ્રાપ્તિને માટે તેઓ હિંસાના પ્રયોગની વાત કરવા લાગે છે, ત્યારે ગાંધીજીનો માર્ગ તેનાથી અલગ થઈ જાય છે. તેમનું કહેવું છે કે આપણે બધા જન્મથી સમાન જ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

છીએ, પરંત આપણે તે વાતનો સ્વીકાર ન કરી ભગવાનની ઇચ્છાની અવહેલના કરી છે. અસમાનતાની ભાવના એક અવગુણ છે, પરંતુ આ અવગુણ તલવારથી નાબૂદ નથી કરી શકાતો. તેના માટે સત્ય, અહિંસા અને ત્યાગની જરૂર છે.

(૫) ગાંધીજી અસંખ્ય ગ્રામજનોને રોજગાર અપાવવા ઇચ્છતા હતા. આ માટે તેમણે કુટીર ઉદ્યોગોનું સમર્થન કર્યું અને યંત્રોના ઉપયોગનો વિરોધ કર્યો. તેઓ સામ્યવાદીઓથી એ આધાર પર પણ વિરુદ્ધ હતા કે એ મોટા પાયા પર ઉદ્યોગોની સ્થાપના કરવા માગે છે અને યંત્રોના ઉપયોગને વધારવા માંગે છે.

(૬) સામ્યવાદીઓએ વર્ગ-સંઘર્ષને અનિવાર્ય ગણાવ્યો છે. તેનો સમાજ એક એવો સમાજ છે, જેમાં શ્રમિક વર્ગની તાનાશાહી હોય છે, જ્યારે ગાંધીજી તેના વિરોધી હતા. તેઓએ હંમેશાં એક વર્ગવિહીન સમાજનું સ્વપ્ન જોયું અને એક સર્વોદયી સમાજની રચના જ તેઓનો ઉદ્દેશ હતો, જેમાં પ્રત્યેક વ્યક્તિનો પૂર્ણ વિકાસ થાય. તેઓના સર્વોદયનો અર્થ જ હતો - સહુનો ઉદય.

(૭) ગાંધીજીએ સામ્યવાદની એ આધારે ટીકા કરી છે કે સામ્યવાદ સમાનતા પણ હિંસા દ્વારા જ લાવવા માંગે છે. જ્યારે ગાંધીજીને વિશ્વાસ છે કે પ્રેમ દ્વારા લોકોને પોતાની વાત સમજાવી શકાય છે અને અહિંસા દ્વારા સમાજમાં આર્થિક સમાનતા લાવી શકાય છે. તેઓએ લખ્યું છે - ''હું ઘૃણા દ્વારા નહીં, પરંતુ પ્રેમની તાકાતથી લોકોને મારી વાત સમજાવીશ અને અહિંસા દ્વારા આર્થિક સમાનતા પેદા કરીશ. હું સમગ્ર સમાજને મારા મતનો બનાવ્યા સુધી થોભીશ નહીં, બલકે મારા ઉપર જ આ પ્રયોગ શરૂ કરી દઈશ. એના માટે મારે ગરીબ બની જવું પડશે. આ જ હું છેલ્લાં ૫૦ વર્ષથી કે તેનાથી પણ વધારે સમયથી કરતો આવ્યો છું. એટલા માટે હું પાકો સામ્યવાદી હોવાનો દાવો કરું છું.'' (હરિજન સેવક તા. ૩૧-૩-૧૯૪૬)

ગાંધીજીએ લખ્યું હતું કે - ''જો સામ્યવાદ કોઈ હિંસા વિના આવશે તો હું તેનું સ્વાગત કરીશ, કેમ કે ત્યારે કોઈ માનવી કોઈ પણ પ્રકારની સંપત્તિ પ્રજાના પ્રતિનિધિની માફક અને પ્રજાના હિત માટે જ વાપરશે, અન્યથા નહીં.' (હરિજન-તા. ૧૩-૩-૧૯૩૭)

(૮) ગાંધીજી સામ્યવાદી વ્યવસ્થામાં શક્તિના કેન્દ્રીકરણની પ્રવૃત્તિના પણ ટીકાકાર છે. તેઓના મતે સામ્યવાદી સમસ્ત રાજકીય શક્તિ સરકારના હાથમાં કરી દે છે અને ઘણા ઉદ્યોગોનું સંચાલન પણ સરકાર જ કરે છે. તેનાથી કેન્દ્રીકરણની પ્રવૃત્તિ પોષાય છે અને તેના અવગુણો સામે આવે છે. ગાંધીજીએ હંમેશાં વિકેન્દ્રીકરણનું સમર્થન કર્યું છે.

આ રીતે આપણે જોઈ શકીએ છીએ કે ગાંધીવાદ અને સામ્યવાદ બંનેમાં લક્ષ્યની સમાનતા હોવા છતાં પણ લક્ષ્યની પ્રાપ્તિ અને અન્ય ધારણાઓમાં મોટું અંતર છે. સામ્યવાદી માત્ર વ્યક્તિના નજીકના ભવિષ્ય પર વિચારે છે, જ્યારે ગાંધીવાદ માનવીના આ લોકમાં અને પરલોકમાં કલ્યાણ અંગે વિચારે છે.

## સામ્યવાદ અંગે શ્રીઅરવિંદના વિચાર

શ્રીઅરવિંદની વિચારધારા જોકે આધ્યાત્મિકતાથી પ્રભાવિત હતી, એમ છતાં એક આદર્શ સમાજની રચનાને માટે તેઓએ પોતાના વિચાર રજૂ કર્યા હતા. સામ્યવાદીઓના જેટલું જ શ્રમિક વર્ગને તેમણે મહત્ત્વ આપ્યું હતું. તત્કાલીન કૉંગ્રેસની તેઓએ એ આધાર પર ટીકા કરી હતી કે તેણે શ્રમજીવી વર્ગને કોઈ મહત્ત્વ આપ્યું નથી, એ કારણે તે વર્ગ અજ્ઞાનના ખાડામાં પડ્યો છે. શ્રીઅરવિંદે લખ્યું હતું કે રાષ્ટ્રની સાચી શક્તિનો આધાર શ્રમજીવી વર્ગ જ છે, એટલા માટે તેઓમાં રાષ્ટ્રીય ચેતના ઉત્પન્ન કરવી એ આપણી જવાબદારી છે. શ્રમજીવી વર્ગ સ્થિતિની વાસ્તવિક ચાવી છે. એ કોઈ વાસ્તવિક શક્તિ નથી, પરંતુ તેમાં એક મોટી મહાન શક્તિની અંતર ભાવનાઓ છુપાયેલી છે. અને જે કોઈ શ્રમજીવી વર્ગને સમજવા અને તેની શક્તિને જાગૃત કરવામાં સફળ થશે, એ જ ભવિષ્યના સ્વામી થશે.

પરંતુ શ્રીઅરવિંદ શ્રમિકોના ઉત્થાનને માટે સામ્યવાદીઓ દ્વારા કરવામાં આવેલા પ્રયત્નોની વિરુદ્ધ હતા અને તેમણે તેનો સહારો ન લીધો. તેઓએ સામ્યવાદીઓના વર્ગ-સંઘર્ષના સિદ્ધાંતને ન માન્યો અને તેને પણ ન સ્વીકાર્યા કે મૂડીપતિ અને શ્રમજીવી વર્ગમાં હંમેશાં સંઘર્ષ થતો રહે છે અને મૂડીપતિ વર્ગ શ્રમિકોનું શોષણ કરતો રહે છે. શ્રમિકોનું ઉત્થાન તેઓ નૈતિક આધાર પર કરવા માંગતા હતા.

શ્રીઅરવિંદે પણ સામ્યવાદીઓના ભૌતિક આધારની ટીકા કરી છે અને આધ્યાત્મિકતાને મહત્ત્વ આપ્યું છે. તેમને વિશ્વાસ હતો કે દેશની ઉન્નતિ માત્ર ભૌતિક પદાર્થોથી ન થઈ શકે. એના માટે આધ્યાત્મિક ઉન્નતિ જરૂરી છે. તેઓએ 'સચ્ચિદાનંદ' દ્વારા વિશ્વનું કલ્યાણ ગણાવ્યું.

શ્રીઅરવિંદને હિંસા અને ક્રાંતિમાં વિશ્વાસ નહોતો. તેઓએ નિષ્ક્રિય પ્રતિરોધને હિંસાત્મક ક્રાંતિથી વધારે સારો ગણાવ્યો છે. પરંતુ તેઓએ એવી સ્થિતિમાં હિંસાત્મક ઉપાયોને અપનાવવાની સલાહ આપી હતી જ્યારે કોઈપણ શાંતિમય ઉપાયોથી સ્વતંત્રતા પ્રાપ્ત ન થઈ શકે, જ્યારે સામ્યવાદના પ્રયત્નોમાં જ હિંસા અને તોડફોડ સામેલ છે.

શ્રીઅરવિંદે સામ્યવાદીઓની એ આધારે ટીકા કરી છે કે તેઓએ વ્યક્તિગત સ્વતંત્રતા પર ભાર મૂક્યો નથી. સામ્યવાદી વ્યક્તિની સરખામણીએ સમાજને વિશેષ મહત્ત્વ આપે છે. ફળસ્વરૂપે સામ્યવાદી વ્યવસ્થામાં વ્યક્તિની સ્વતંત્રતા સીમિત થઈ જાય છે. અને તેઓએ વ્યક્તિની સ્વતંત્રતાને કાયમ રાખવામાં જ પોતાના વિચારોની વ્યાખ્યા કરી છે.

શ્રીઅરવિંદે માનવીનો આધ્યાત્મિક વિકાસ જ માનવીના જીવનનું લક્ષ્ય માન્યું છે અને વિશ્વાત્મા સાથે સાક્ષાત્કાર જ તેનો ઉદ્દેશ ગણાવ્યો છે. તેઓએ માનવીના નૈતિક વિકાસને સૌથી વધારે મહત્ત્વ આપ્યું છે અને સામ્યવાદીઓની એ આધારે ટીકા કરી છે કે તેઓએ જીવનનું લક્ષ્ય ભૌતિક સાધનોની ઉન્નતિમાં ગણાવ્યું છે. સામ્યવાદીઓએ ધર્મને માટે કોઈ સ્થાન નથી રાખ્યું, જ્યારે શ્રીઅરવિંદનો સમગ્ર સિદ્ધાંત ધર્મ અને

(જુઓ પાન નં. ૨૦)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# વલ્લભભાઈ પટેલ : સરદારને સમજીએ-૩

## ■ સરદાર અંગે દાદા ધર્માધિકારી

સર્વોદય-વિચાર-દર્શનના વ્યાખ્યાતા, મહાન દાર્શનિક દાદા ધર્માધિકારી સરદાર અંગે શું કહે છે તે જાણવાની જિજ્ઞાસા સૌને થાય તે સહજ વાત છે.

સર્વ સેવા સંઘ-પ્રકાશને રાજઘાટ વારાણસી દાદાના સમગ્ર સર્વોદય દર્શનના ૪ ખંડ પ્રકાશિત કર્યા છે. ખંડ-૩ અને ૪માં સરદાર અંગે થોડીક નોંધ છે, તે આપણે જોઈશું.

વર્ષ ૧૯૪૬ની આ વાત છે. સાથી મિત્રોએ સંવિધાન પરિષદમાં દાદાનું નામ સૂચવ્યું હતું. આના કારણે દાદા દિલ્હીમાં રહેતા હતા. ખંડ-૩માં દાદા નોંધે છે : ૧૯૪૯ની સાલમાં જવાહરલાલ નહેરુના ૬૦મા જન્મદિવસની ઉજવણી દેશમાં ધૂમધામથી મનાવવામાં આવી રહી હતી. દિલ્હીમાં સંવિધાન પરિષદના પ્રાંગણમાં નહેરુજીનો અભિનન્દન સમારોહ યોજવામાં આવ્યો હતો. વલ્લભભાઈએ અભિનંદન ભાષણમાં કહ્યું - બાપુ માણસને સારી રીતે પારખી શકતા હતા. થોડાં વર્ષો પહેલાં તેમણે ગંભીરતા સાથે કહ્યું હતું કે જવાહરલાલ જ મારા ઉત્તરાધિકારી - વારસદાર થશે. બાપુની આ વાત કેટલી સાચી છે તેની પ્રતીતિ આજે આપણને થઈ રહી છે. તેઓ મારા સહોદરભાઈ સમા છે. તેઓ સ્નેહસંપન્ન-ચરિત્રવાન વ્યક્તિ છે.

જવાહરલાલે સરદારના અભિનન્દનના જવાબમાં કહ્યું, સરદાર માટે શું કહું ! તેમના થકી મને અને દેશને બળ મળે છે. તેઓ આપણા આધારસ્તંભ છે. જો તેઓ ન હોત તો દેશનો ઇતિહાસ બીજી રીતે લખાયો હોત.

દાદા કહે છે : સરદારનું પ્રવચન હૃદયંગમ હતું, જવાહરલાલજીનું પ્રવચન આપણા મનનો કબજો જમાવવાવાળું હતું. પ્રવચન પછી બંને એકબીજાને ભેટ્યા હતા. આ દશ્ય મંગલમય હતું.

સરદાર મૂળમાં ખૂબ જ સ્નેહી અને કરુણાવાન પ્રકૃતિના હતા. પરંતુ તેઓ દેશ માટે જે રીતે કામ કરી રહ્યા હતા તેમાં આ ભાવ વ્યક્ત કરવાનો સમય જ ન રહ્યો. દેશની તે વખતની સ્થિતિમાં લોહપુરુષની ભૂમિકા જ તેમને નિભાવવાની આવી. તેથી તેમને લોકો તે જ રીતે ઓળખવા લાગ્યા. આ એક આત્મવિલોપનનો પ્રયોગ જ ગણવો જોઈએ.

તેમના અને જવાહરલાલજી વચ્ચે ઘણા મતભેદ હતા, તીવ્ર પણ હતા. પરંતુ લોકહિતને ખ્યાલમાં રાખીને તેઓ સતત કહેતા રહેતા કે, જવાહરલાલ જ આપણા નેતા છે. તેમનું આચરણ પણ તે પ્રમાણેનું રહ્યું. મને સરદાર પટેલ જેવી વિભૂતિ માટે આદર અને અભિમાન છે. સમગ્ર સર્વોદય દર્શનના ચોથા ખંડમાં ૮૩૫મા પાના પર દાદાએ સરદારને શ્રદ્ધાંજલિ આપી છે.

આપણા દેશના આધુનિક ઇતિહાસમાં સરદાર પટેલ માટે જેટલું પણ કહીએ તે ઓછું જ પડે તેવું છે. ભારતની પવિત્ર માટીમાં પરાક્રમી પુરુષો પેદા કરવાની અપાર શક્તિ રહેલી છે. માટે આપણે નિરાશ થવાની જરૂર નથી.

## ■ સરદાર રાષ્ટ્રના મેરુદંડ

ગાંધીબાપુના મૃત્યુ વખતે સરદાર ખૂબ વ્યથિત થઈ ગયા હતા. બોલતાં બોલતાં તેમનું ગળું ભરાઈ આવતું હતું. પરંતુ તેઓ વ્રજ-નિશ્ચયી લોકનેતા હતા. જનસાધારણ માટે તેઓ આશ્રયસ્થાન સમા હતા. તેઓ સહૃદયી અને વિનોદી વ્યક્તિ હતા. જમવાના સ્થળે કે આશ્રમમાં કે અન્ય સંસ્થાઓમાં અને રાજનેતાઓની સભાઓમાં સરદાર હસી-મજાક કરતા રહેતા. તેમની વિનોદપ્રિયતાને લોકો ભૂલી શકે તેમ નથી. તેમના વિનોદમાં ક્યારેક કટાક્ષ પણ હોય. પણ કોઈના દિલને લાગી આવે નહીં તેની કાળજી રાખતા. હળવાશમાં વાત કરતા.

પરંતુ તેમને રાજ્ય ચલાવવા માટે તેમજ કૉંગ્રેસમાં અનુશાસન જળવાઈ રહે તે માટે દઢતાપૂર્વક ક્યારેક કડક હાથે કામ લેવું પડતું હતું. લોકોના ભલા માટે ક્યારેક અપ્રિય થઈને પણ કામ કરતા હતા. એક પિતા બાળકની કાળજી લે તે પ્રમાણે લોકોના દિલ માટે કામ કરતા રહેતા. તેઓ આ કામ કરતાં શિવજીની જેમ ઝેર પણ પચાવી લેવાની તૈયારી સાથે કામ કરતા હતા. સરદાર મામૂલી લોખંડના બન્યા ન હતા, તેમના વ્યક્તિત્વમાં સોનાની ચમક હતી. બીજાને સોનું બનાવવાની, પારસમણીના પત્થર જેવી પ્રકૃતિ હતી.

પરંતુ કપટી લોકો, સત્તાના લાલચુ માણસો માટે તેમની સાથે લોહા લેવાનું ભારે પડી જતું. પરંતુ સ્વજનો માટે સખ્યપણું દાખવતા, સહયોગ પાઠવતા. તેઓ વ્યવહારકુશળ રાજપુરુષ હતા. તેમને છળકપટ-ષડ્યંત્ર રચવાની ક્યારેય જરૂર પડી ન હતી. તેમની વીરવૃત્તિને તે ક્યારેય અનુકૂળ ન લાગી. તેઓ કાયર ન હતા, કમજોર પણ ન હતા. તેમનામાં યોજના પાર પાડવાનું ચાતુર્ય અને કૌશલ્ય હતું. તેમના પર કુટિલતાનું લાંછન લગાવવાની કોઈ હિંમત ન કરે.

દેશી રાજ્યોનું વિલીનીકરણ કોઈ સત્તાપ્રાપ્તિ માટે કર્યું ન હતું. જમીનનો કોઈ એક ટુકડો તેમને જોઈતો ન હતો. તેમનું લક્ષ્ય ભારતની એકતા અને અખંડતા જાળવવાનું હતું. તેઓ બિસ્માર્કની નકલ-પ્રતિમૂર્તિ સમા ન હતા.

લોકમાન્ય તિલકે જો કોઈ બીજા જમાનામાં, બીજી જગ્યાએ જન્મ લીધો હોત તો તેમણે પોતાના માટે એક રાજ્યનું સર્જન કરી લીધું હોત. તિલક સ્વરાજ્ય-ભારતના દૃષ્ટા હતા. તે માટેની ભૂમિકા નિર્માણ કરવામાં અગ્રદૂત હતા. ગાંધીજી ભારતીય સ્વરાજ્યના પ્રણેતા હતા, આપણા રાષ્ટ્રપિતા હતા. પરંતુ સરદાર ભારતીય જનરાજ્યના કારીગર હતા. ભારતના વિભાજન પછી કોઈએ કહ્યું, તમે તો દેશના ટુકડા કરી નાંખ્યા. તેમણે જવાબ આપ્યો, ટુકડા તો પહેલેથી જ હતા પણ અંગ્રેજોના કબજામાં હતા. અમે ૧૨ આના (૧૬ આનામાંથી) દેશ તમારા હાથમાં સોંપ્યો છે.

સ્વ.સરદારના વ્યક્તિત્વને દાદાએ તા. ૧૦-૧-૧૯૫૧ના રોજ ધંતોલી - નાગપુરથી નમ્રતાપૂર્વક પ્રણામ કર્યા.

**– રાજુ રૂપપુરીઆ**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# સમાજને પ્રતિબદ્ધ અને સુધારાવાદી જયન્ત જોશી



**ન**વમી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ અમદાવાદની એક હૉસ્પિટલમાં પ્રો. જયન્ત જોશીએ ૮૯ વર્ષની વયે વિદાય લીધી. છેલ્લા ઘણા દિવસોથી તેઓ બીમાર હતા.

પ્રો. જયન્ત જોશી અંગ્રેજી સાહિત્યના પ્રોફેસર. મોટા ગજાના સારસ્વત. અનેક વિષયોનું અદ્ભુત જ્ઞાન ધરાવતા. જેટલા પ્રતિભાશાળી તેટલા જ પ્રતિબદ્ધ, જેટલા મેધાવી તેટલા જ નિસબતી.

તેમનાં માતા-પિતા પણ પ્રગતિશીલ. એક મુલાકાતમાં તેમણે કહ્યું કે ''મારાં માતાપિતા પાસેથી મેળવેલાં મૂલ્યો મેં મારા પુત્રોને આપ્યાં.'' તેમના પિતા અંગ્રેજીના પ્રોફેસર અને વાર્તાકાર હતા. તેમનાં માતા ૧૯૩૦ના દાયકામાં જૂનાગઢમાં ઉચ્ચ શિક્ષણ આપતી એક કન્યા શાળાનાં આચાર્યા હતાં અને મહિલા શિક્ષણનાં પ્રણેતા હતાં. આ રીતે તેમને શિક્ષણ અને સાહિત્ય વારસામાં મળેલાં જે તેમણે પણ વારસામાં આપ્યાં. તેમના હાથ નીચે અને હૃદય સાથે હજારો વિદ્યાર્થીઓ તૈયાર થયા.

અંગ્રેજી સાહિત્ય શીખવવા ઉપરાંત તેમણે અનેક લોકોને અંગ્રજી ભાષા પણ શીખવી. તેઓ મૂળ મહારાષ્ટ્રીયન. ગુજરાતના જાણીતા કેળવણીકાર યશવંત શુક્લનાં દીકરી નીલાબહેન સાથે તેમનું લગ્ન થયું.

સાને ગુરુજીને તેમણે આત્મસાત્ કરેલા. તેમને પણ છેવાડાના જણની ચિંતા રહેતી. પ્રો. જયન્ત જોશીનું જ્ઞાન કોઈ નકરા પંડિતનું જ્ઞાન નહોતું. એ સામાજિક નિસબતવાળું અને છેવાડાના જણની ચિંતા કરીને તેને ઉપર લાવનારું સંવેદનશીલ જ્ઞાન હતું. મેં તેમને ગણતર સંસ્થાના કે અન્ય સામાજિક સંસ્થાના કાર્યક્રમોમાં હાજરી આપતા અને ક્યારેક પોતાના વિચારો રજૂ કરતા જોયા-સાંભળ્યા છે.

વર્ગમાં કે બહાર, તેમને સાંભળવા, એ એક લહાવો હતો. તેમનો શબ્દ જ્ઞાનથી પ્રકાશિત અને સમાજની ભાવનાથી સુવાસિત હતો. જીએલએસમાં તેમણે અંગ્રજી શીખવવાના વર્ગ ચલાવેલા ત્યારે હું થોડા દિવસ તેમની પાસે અંગ્રેજી શીખવા ગયો હતો. મને બરાબર યાદ છે કે એક વાક્ય મેં એવું લખેલું કે તેમણે કહેલું કે તમે તો કાવ્યાત્મક રીતે લખ્યું છે. તેમની શીખવવાની પદ્ધતિ રસાળ હતી. અનેક સુંદર અને રસપ્રદ ઉદાહરણો આપતા.

જાણીતાં લેખિકા-અનુવાદક-સારસ્વત અરુણા જાડેજાને ઘરે મહરાષ્ટ્રથી કોઈ સાહિત્યકાર પધારેલા. પ્રો. જયન્ત જોશી અને નીલાબહેન જોશીની સાથેસાથે અરુણાતાઈએ અનિતા-આલાપ સાથે મને પણ જમવાનું આમંત્રણ આપેલું. એ વખતે તેમની સાથે જુદા જુદા વિષય પર ઘણી ગોષ્ઠિ થઈ હતી. તેઓ જ્ઞાનના ભંડાર હતા. એમ થાય કે બસ તેમની સાથે સતત વાતો કરીએ અને કશુંક પામતા જ રહીએ.

એ વખતે મેં તેમને મારાં પૉઝિટિવ સ્ટોરી શ્રેણીનાં પુસ્તકો ભેટ આપ્યાં અને એ પુસ્તકોની વાત કરી. બીજા દિવસે સવારે તેમનો ફોન આવ્યો. પુસ્તકો અંગે, સામાજિક પ્રતિબદ્ધતા અંગે ખૂબ રાજીપો વ્યક્ત કર્યો. તરત પૂછ્યું કે આ પુસ્તકોનો અંગ્રેજીમાં અનુવાદ થયો છે કે નહીં? મેં કહ્યું કે પહેલા પુસ્તકનો થયો છે. તેમણે કહેલું બધાં પુસ્તકોનો અંગ્રેજીમાં અનુવાદ કરજો.

એ પછી તો અવારનવાર વાતો થતી.

મને સતત થતું કે તેમની પાસે જઈને બેસું અને વાતો સાંભળું.

૨-૩ વખત ગોઠવ્યું પણ ના જઈ શક્યો. નવી સવાર યૂ-ટ્યૂબ ચેનલ માટે તેમની લાંબી મુલાકાત શૂટ કરવી હતી તે પણ રહી ગઈ.

નીલા જોશી તેમનાં જીવનસાથી. તેમણે જોશીસાહેબને ખૂબ સાચવ્યા. જૈફવયે તેઓ જોઈ ના શકતા. આરોગ્યના પણ સવાલો. એ વખતે નીલાબહેન પડછાયાની જેમ તેમની સાથે રહ્યાં. નીલાબહેને સંત જ્ઞાનેશ્વર પર પીએચ.ડી. કર્યું છે. તેના આધારે જે પુસ્તક થયું છે તે આ વિષયના રસિકોએ વાંચવા જેવું છે. મારું એ પ્રિય પુસ્તક છે.

પ્રો.જયન્ત જોશીએ આપણને અભિજાત જોશી અને સૌમ્ય જોશી જેવા સર્જનાત્મક અને નિસબતી કલાકારો-લેખકો આપ્યા. એ બંને તેમના દીકરા. ભલે ઘણા લોકો પ્રો. જયન્ત જોશીને અભિજાત કે સૌમ્યના પિતા તરીકે ઓળખે પણ હું તો તે બંનેને પ્રો. જયન્ત જોશી અને નીલા જોશીના દીકરાઓ તરીકે જ ઓળખવાનું પસંદ કરું.

અંગ્રેજી શીખવતા પ્રો. જયન્ત જોશીને સાહિત્ય ઉપરાંત સામાજિક સુધારામાં ઊંડો રસ હતો. સાને ગુરુજી અને મહાત્મા ગાંધીના વિચારોમાં તેમને રસ હતો. તેમણે દીકરાઓ સૌમ્ય અને અભિજાતનો ઉછેર શૈક્ષણિક અને મૂલ્યલક્ષી વાતાવરણમાં કર્યો હતો, જેમાં સાહિત્ય અને સામાજિક આદર્શો પર વિશેષ ભાર મુકાયો હતો. તેના પરિણામે જ આપણને સૌમ્ય જોશી અને અભિજાત જોશી પાસેથી સમાજને વરેલી અનેક કીર્તિદા કૃતિઓ મળી. 'લગે રહો મુન્નાભાઈ' કે 'દોસ્ત ચોક્કસ એક શહેર અહીં વસતું હતું'ની મૂળ સ્ક્રિપ્ટ તો કદાચ પ્રો. જયન્ત જોશીએ ત્યારે લખી હતી જ્યારે અભિજાત અને સૌમ્ય નાના હતા.

પ્રો. જયન્ત જોશી વિશે ખાસ લખાયું નથી. અમદાવાદના સ્થાનિક સાહિત્યિક અને કળા-વર્તુળોમાં તેઓ એક આદરણીય શિક્ષક અને ભારતીય રંગભૂમિ, સાહિત્ય અને સિનેમામાં નોંધપાત્ર યોગદાન આપનાર પરિવારના વડા તરીકે ઓળખાય છે.

તેમના જીવનકાર્યને શત્ શત્ વંદન.

પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાંતિ આપે.

મો.: ૯૮૨૪૦૩૪૪૭૫

**– રમેશ તન્ના**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ગાંધીમેળો - અમ વચ્ચે બાપુ અમર રહો

**પ**હેલાં સુરત અને હવે નવા બનેલા તાપી જિલ્લાએ સંયુક્તપણે ગાંધીજીને અંજલિ આપવા અનોખી રીત અપનાવી – ગાંધીમેળો. વેડછીના વડલા સમા જુગતરામ દવેની પ્રેરણા અને માર્ગદર્શનથી શરૂ થયેલી આ પરંપરા આઠ દાયકા તરફ આગળ વધી રહી છે. આપણે ત્યાં મૃત્યુ પછી બારમા અને તેરમાનો રિવાજ છે. તે મુજબ ગણતરી કરતાં ૩૦મી જાન્યુઆરી - ગાંધીજીની વિદાયના બારમા અને તેરમા દિવસે ૧૧ અને ૧૨ ફેબ્રુઆરીએ ગાંધીમેળો ઊજવવો એવું નક્કી થયું. આ વર્ષે ૭૭મો ગાંધીમેળો બારડોલી નજીક માલિબા સંકુલમાં ઉજવાયો. આ વિસ્તારમાં ગાંધીનું કામ કરતા કાર્યકર્તાઓ માટે આ એક મિલન જ નહીં પણ નોળવેલ સૂંઘવા જેવો પ્રસંગ બની રહે છે. ખાદી–ગ્રામોદ્યોગ–શૈક્ષણિક પ્રદર્શન, કાર્યકર્તા સંમેલન, મહિલા સંમેલન, બાળમેળો જેવા ઉપક્રમો થકી બે દિવસ ગાંધીજીને ઊજવવાનો આ ઉપક્રમ ગુજરાતમાં અને ભારતમાં અનોખો પ્રયોગ બની રહ્યો છે.

એમાં અનુકૂળતા અનુસાર થોડાં પરિવર્તનો થતાં રહ્યાં. ફક્ત ગાંધી– વિચારની સંસ્થાઓ કે શાળાઓ જ નહીં, આ વિસ્તારની સહકારી સંસ્થાઓ પણ આ મેળાના આયોજનમાં સક્રિય રહે છે. દર વર્ષે ગાંધી વિદ્યાપીઠ, વેડછીના નેજા હેઠળ અનુકૂળતા મુજબ જુદીજુદી જગ્યાએ આ સમગ્ર મેળાનું આયોજન થાય. આ વર્ષનો ગાંધીમેળો બારડોલી નજીક આવેલી શૈક્ષણિક સંસ્થા ઉકા તરસાડીયા યુનિવર્સિટીના આમંત્રણથી યોજાયો. આ સંસ્થાના સંકુલને માલિબા સંકુલ તરીકે ઓળખાવાય છે. ઔપચારિક ઉદ્‌ઘાટનસત્રમાં આ વિસ્તારના ગાંધીજનો અને સહકારી આગેવાનોએ ઉપસ્થિત રહીને કાર્યકર્તાઓ, વિદ્યાર્થીઓને ગાંધીમાર્ગ અને કાર્યોના મહત્ત્વ અંગે પ્રોત્સાહિત કર્યા. યુવા સંમેલનમાં જાણીતા લેખક અને વક્તા જય વસાવડાએ ગાંધીજીને જુદાં જુદાં પરિમાણોના પરિપ્રેક્ષ્યમાં મૂલવીને આધુનિક પ્રબંધનની વ્યાખ્યામાં ગાંધીજી કઈ રીતે પ્રસ્તુત છે તે મૂકી આપ્યું. પ્રવાહી શૈલી અને દૃષ્ટાંત સાથેનું એમનું વ્યાખ્યાન યુવાનો અને કાર્યકર્તા બંનેને નવી વાતો આપી ગયું.

બપોર બાળકોની હતી. સુરતથી આવેલાં કવયિત્રી અને નાટ્યકર્મી યામિની વ્યાસે માત્ર એકપાત્રીય અભિનયથી સાહિત્યની રજૂઆત કઈ રીતે થઈ શકે એ ભજવીને બતાવ્યું. વેડછીના વડલાની વડવાઈ જેવી આસપાસની દસેક આશ્રમશાળાનાં બસો જેટલાં બાળકોએ સમૂહ નૃત્ય, નાટિકાઓ દ્વારા પોતાની કલાનું મંચન કર્યું.




રાત્રે કિશોર અને યુવાનોનો વારો હતો. એમની ઊર્જા અને ઉત્સાહસભર પ્રસ્તુતિએ મનોરંજન કાર્યક્રમને ચેતનવંતો બનાવ્યો.

બારમીની સવાર શાંતિસેના રેલીથી થઈ. ગણવેશમાં સજ્જ વિદ્યાર્થીઓ અને સફેદ ગાંધીટોપીમાં સજ્જ કાર્યકર્તાઓએ શ્વેત આભા સર્જી. જાણે ખાદી અને ગાંધીનો સુભગ સમન્વય ! આ જ ઊર્જાને આગળ વધારવા લોકભારતી, સણોસરાથી ડૉ. વિશાલ ભાદાણી આવ્યા. અત્યારે જેન–ઝીની બોલબાલા છે. આ પેઢીને સમજાય એવાં ઉદાહરણો સાથે આધુનિક ગાંધીને પ્રસ્તુત કર્યા છે. આધુનિક યુગમાં પણ ટેકનોલોજીના વિવેકપૂર્ણ સાર્થક ઉપયોગ દ્વારા જેન ઝી કઈ રીતે ગાંધીપણું સાચવી શકે એની વાતો કરી. ખાદી વસ્ત્રો તો છે જ, પણ એ ઔપચારિકતા નથી; કપડાં નહીં પણ ચામડી ખાદીની થવી જોઈએ એવો સ્તુત્ય વિચાર મૂક્યો. સાથે જ અત્યારે ગાંધીજન કે ગાંધીકાર્ય એટલે શું ? –એના જવાબ તરીકે થોડી યુ ટ્યુબ ચેનલ, યુવા સ્વસાહસિકો દ્વારા ચલાવાતી પર્યાવરણ જાળવણી, આરોગ્ય જેવી લોકસેવાની પ્રવૃત્તિઓની માહિતી આપી. ગાંધીવિચારને યુવાભોગ્ય પરિભાષિત કરવાનો પ્રયાસ લોકોને ગમ્યો. માલિબા સંકુલના યુવા વિદ્યાર્થીઓ જે સામાન્ય રીતે ગાંધીની વાત કે વિચાર સાથે જોડાયેલા નથી હોતા એમને માટે આ વિચારો એક ધક્કાનું કામ કરશે. સાથે ગાંધી વિદ્યાપીઠ વેડછીના સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ માટે પણ આ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેવું, એ એક તક હતી.

આ વખતના ગાંધીમેળાનું એક અનોખું ઉમેરણ હતું, ગાંધી રિસર્ચ ફાઉન્ડેશન, જળગાંવ (મહારાષ્ટ્ર)થી આવેલા સાયકલયાત્રીઓ. જળગાંવથી લગભગ પંદરેક દિવસનો સાયકલ પ્રવાસ કરીને માર્ગમાં ગાંધીવિચારનો સંદેશો વહેતો કરતાં કરતાં ત્રીસ જેટલાં સાયકલયાત્રીઓ એ જ દિવસે બારડોલી પહોંચ્યાં. ગાંધીમેળાના મંચ પરથી એમના અનુભવો કહેવાયા. સાથે એમના દ્વારા એક શેરી નાટકનું મંચન પણ થયું. એમના વિશિષ્ટ ગણવેશથી બંને દિવસો દરમ્યાન આ યાત્રીઓ જુદા તરી આવતા હતા. આ યાત્રીઓને પ્રોત્સાહિત કરવા અને ગાંધીમેળામાં ખાસ હાજર રહેવા પ્રબુદ્ધ ગાંધીજન સુદર્શન આયંગર ઉપસ્થિત રહ્યા. એમણે ટૂંકા પણ અર્થપૂર્ણ પ્રવચનમાં, ગાંધીપણું સહેલું નથી કહીને ગાંધીની વાતની ગંભીરતા સમજાવી.

બપોરના સત્રમાં બી.આર.એસ. કૉલેજ–વેડછીના વિદ્યાર્થીઓ દ્વારા 'આપકી અદાલત – ગાંધી હાજીર હો'માં સાંપ્રત સમયમાં ગાંધીજી વિશે જે મુદ્દાઓ ચર્ચિત રહેતા હોય છે તેની રજૂઆત–ચોખવટ થઈ. તે પછી ખરોડ કૉલેજના પ્રોફેસર



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ડૉ. ઇંતેખાબ અન્સારીએ ગાંધી સાહિત્યને ઉજાગર કરતાં કેટલાક વિશિષ્ટ મુદ્દાઓની છણાવટ કરી હતી.

બંને દિવસ સતત સક્રિય રહેતો વિસ્તાર એટલે પ્રદર્શન. આ પ્રદર્શનની વિશેષતા એ હોય છે કે પ્રવચનો અને પ્રવૃત્તિઓને બાજુ પર રાખીએ અને ફક્ત પ્રદર્શનની મુલાકાત લઈએ તો પણ સમગ્ર ગાંધી તાદશ્ય થાય ! બધું મળીને ૧૮૫ જેટલાં સ્ટોલ્સમાં ખાદી ભંડાર, ગાંધી સાહિત્ય (આ વખતે યજ્ઞ પ્રકાશનની જગ્યા સતત મુલાકાતીઓવાળી રહી એનો આનંદ), સજીવ ખેતી, ગ્રામોદ્યોગ, હસ્તકળાને પ્રસ્તુત કરતાં સ્ટોલ્સ સાથે જ ગ્રામ્યજીવન અને આ વિસ્તારનું પ્રતિનિધિત્વ કરતી વાનગીઓનો રસથાળ પણ ખરો જ !

ગાંધીજીની ઝાંખી દર્શાવતી કુટીર અને ચરખો કાંતતા ગાંધીજીના ૫-૬ ફૂટ ઊંચા સ્ટેચ્યુ સાથે વિવિધ પ્રકારના રેંટિયા અને આદિવાસી સંસ્કૃતિનાં પ્રતીકો ધરાવતા સેલ્ફી પોઇન્ટ જેવી જગ્યાએ લોકો સતત તસ્વીરો લેતા નજરે પડ્યાં. સાથે જ એક વિશેષ વિભાગમાં માટીકામ, બાંધણી, વારલી પેઇન્ટિંગ, રંગોળી અને રમતો જેવી પ્રવૃત્તિઓનો લાભ પણ વિદ્યાર્થીઓ લઈ શકે એની વ્યવસ્થા ગોઠવાઈ હતી. ગાંધી રિસર્ચ ફાઉન્ડેશન-જળગાંવ દ્વારા પણ ગાંધીજીના જીવનનાં વિવિધ પાસાઓ ઉજાગર કરતી તસવીરોનું પ્રદર્શન ગોઠવાયું હતું.

ગાંધીમેળાનું સમાપન પ્રાર્થના અને સમૂહ કાંતણથી થતું હોય છે. કાર્યકર્તાઓ અને વિદ્યાર્થીઓ દ્વારા સમૂહ કાંતણ કરાય. સમૂહ કાંતણનું વિશેષ આકર્ષણ સ્વરાજ આશ્રમ-બારડોલીની સરદાર કન્યા વિદ્યાલયની બાળાઓ દ્વારા કરાતું શીસ્તબદ્ધ કાંતણ, સમૂહમાં ગીત ગાતાં ગાતાં તન્મય થઈને થતું કાંતણ એક ધ્યાનાવસ્થામાં લઈ જાય. સર્વધર્મ પ્રાર્થનાથી ગાંધીજીને વંદન કરીને ગાંધીમેળાની પૂર્ણાહુતિ થઈ.

ગાંધી વિદ્યાપીઠ-વેડછીના પ્રમુખ અમરસિંહભાઈના સક્રિય માર્ગદર્શન હેઠળ આ મેળો ઉજવાયો. ઉકા તરસાડીયા યુનિવર્સિટી જેવી સંસ્થા ઉત્સાહથી જોડાઈ એ જ ગાંધીની પ્રસ્તુતતા. ગાંધીમેળાના સાતત્યપૂર્ણ આયોજનની



ગાંધીમેળા પછી સરદાર કન્યા વિદ્યાલય, બારડોલીમાં યોજાયેલા યજ્ઞ પ્રકાશનના પુસ્તકમેળામાં વ્યસ્ત વિદ્યાર્થિનીઓ

વિશેષતા અને ઉપલબ્ધિ ગણી શકાય એવી હકીકત એ પણ છે કે આખું આયોજન આ વિસ્તારની મુખ્યત્વે નઈ તાલીમ અને રચનાત્મક પ્રવૃત્તિ કરતી સંસ્થાઓના સક્રિય સાથથી થાય છે. જેમાં ગાંધી વિદ્યાપીઠ-વેડછી, સ્વરાજ આશ્રમ-વેડછી, ખાદી કુટીર-વેડછી, સ્વરાજ આશ્રમ-બારડોલી, વેડછી પ્રદેશ સેવા સમિતિ-વાલોડ, ગ્રામ સેવા સમાજ-વ્યારા, મુકુલ ટ્રસ્ટ-બારડોલી, હળપતિ સેવા સંઘ-બારડોલી, સુરત જિલ્લા સહકારી સંઘ જેવી સંસ્થાઓ મુખ્ય છે. ગાંધીમેળાના આયોજનમાં એક પરિવારની જેમ બધા જોડાય છે, અને નવું યુવાન નેતૃત્વ તૈયાર થઈ રહ્યું છે.

ગાંધીજી સિદ્ધાંતો કે સંસ્થામાં જ સમેટાઈ ન જાય પણ લોકો વચ્ચે રહે એ આ ગાંધીમેળાનો ઉદ્દેશ. ગાંધીજી ઉજવાય, લોકો વચ્ચે વિચારો, પ્રવૃત્તિઓ, પ્રદર્શનના માધ્યમથી ગાંધી પ્રસ્તુત થતા રહે અને લોકો એમને ઝીલતા રહે, એ જ આ ગાંધીમેળાની સાર્થકતા !

વાલોડ, મો.: ૯૪૨૮૮૨૧૮૧૨ – ઉર્વિન શાહ




ગાંધીમેળાના સમાપનમાં સમૂહ કાંતણ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# દેશની પર્યાવરણીય પરિસ્થિતિ પર અધ્યયન લેખ-૧

Center for Science and Environment તરફથી છેલ્લાં ૧૩ વર્ષથી દેશની પર્યાવરણીય પરિસ્થિતિ અંગે વાર્ષિક અહેવાલ-રિપોર્ટ બહાર પડે છે. આમાં પ્રકાશિત થતી માહિતી ખૂબ જ ઉપયોગી હોય છે. આ વખતના અહેવાલ - State of India's Environment 2026માં નીચેના મુદ્દાઓ પર ભાર આપવામાં આવ્યો છે.

❍ Floods in new climate ❍ Poverty ❍ Artificial Intelligence ❍ Depopulation ❍ Youth ❍ Biodiversity ❍ Climate Change ❍ Waste ❍ Plastics ❍ Water & River ❍ Health ❍ Energy ❍ Heat and Habitat ❍ Air Pollution.

આપણે આ લેખમાળામાં Report માંની સામગ્રી તેમજ અન્ય પર્યાવરણ-ઊર્જાને લગતી સામગ્રી મૂકવા પ્રયત્ન કરીશું. Down to Earth પાક્ષિકમાંના લેખો પર પણ નજર નાંખીશું.

'Report-2026' ડેમી સાઈઝનાં ૫૧૮ પૃષ્ઠનો દળદાર ગ્રંથ છે. બધાં જ પાનાં મલ્ટીકલરમાં છાપ્યાં છે. જેથી ગ્રાફ વધારે સારી રીતે જોઈ શકાય છે. પર્યાવરણ, ઇકોલોજીના બધા જ શબ્દોનું આપણે ગુજરાતી નહીં કરીએ. અંગ્રેજી શબ્દો ચાલુ રાખીશું. ક્યારેક કોઈ મહત્ત્વની લાઈન પણ અંગ્રેજીમાં જ લખીશું.

રિપોર્ટની શરૂઆતમાં સુનિતા નારાયણ, વિદાય લીધેલા વર્ષમાં કેટલાંક મહત્ત્વનાં ૧૦ પરિવર્તનો જોવા મળ્યાં છે તેની નોંધ લે છે. આપણે તેના પર ધ્યાન આપવાની જરૂર છે.

(૧) જલવાયુ પરિવર્તન એક વાસ્તવિક ઘટના છે. તેનાથી થતા નુકસાનને આપણે અટકાવી શકીએ તેવી આપણી સ્થિતિ નથી.

❍ નવેમ્બર ૨૦૨૫માં વિશ્વનું ઉષ્ણતામાન ૧.૫૪ સેન્ટગ્રેડ જેટલું વધ્યું છે. (Above Pre-industrial levels).

❍ વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ વર્ષ ૨૦૨૪માં ૪૨૩.૯ ppm પર પહોંચ્યું છે. વર્ષ ૨૦૨૩માં તે ૪૨૦.૪ ppm હતું. આના કારણે વધુ ને વધુ Extreme Weather Events સર્જાઈ રહી છે.

❍ વિશ્વના ૧૬૦ જેટલા વિજ્ઞાનીઓનું કહેવું છે કે સમુદ્રનું તાપમાન જે સ્તરે વધ્યું છે તેના કારણે કોરલોનું ધોવાણ થઈ રહ્યું છે અને તેના રંગો આછા થઈ રહ્યા છે, તેને પુનઃ પ્રાપ્ત કરવાની શક્યતા દેખાતી નથી.

❍ એમેઝોન વર્ષાવન તેમજ Eurasian boreal Forestsમાં જેમાંથી ઊગરી ન શકાય તેવું નુકસાન થઈ રહ્યું છે. સાગરોમાં સર્જાતા પાણીના પ્રવાહો પર ભારે અસર થઈ રહી છે. જેની અસર વેધર સિસ્ટમ પર પણ પડે છે.

❍ અમેરિકાની એક એજન્સીના કહેવા પ્રમાણે ગરમીના કારણે Arctic પરનો permafrost જેમાં Soil, rocks, sand બરફ દ્વારા પકડાઈને રહેલા હોય છે તે જલદી પીગળી રહ્યા છે. આની વેધર સિસ્ટમ પર અસર પડે છે.

❍ ઉષ્ણતામાનનો આ વધારો અટકાવવા તેમજ ઘટાડવા માટે યુદ્ધના ધોરણે ગ્રીનહાઉસ ગેસ છોડવાનું મોટા પાયે ઓછું કરવું જોઈએ. તે માટે મોટી સંખ્યામાં વૃક્ષો ઉછેરવાં પડે, ખેતીની પદ્ધતિમાં ફેરફાર લાવવો પડે, જમીનમાં કાર્બનને સંઘરવો પડે, સમુદ્ર મોટા પાયે કાર્બન ડાયોક્સાઈડ પોતાનામાં સમાવે - તે માટે દરિયાઈ વનસ્પતિ ઉગાડવી જોઈએ. હવામાંનો કાર્બનડાયોક્સાઈડ લઈ લેવા જીઓ-એન્જિનીયરીંગ ટેકનિક વાપરવી પડશે, જેમાં કેમિકલનો ઉપયોગ કરીને $CO_2$ ને હવામાંથી લઈ લેવામાં આવે, ઉપરાંત $CO_2$ ને ભૂતળમાં સંઘરવામાં આવે.

❍ વાતાવરણમાં વધતું તાપમાન ક્યાંક અતિ વરસાદ લાવે છે, રેલ આવે છે, વાદળો ફાટે છે. આના કારણે ઘણું નુકસાન સર્જાય છે. વર્ષ ૨૦૨૫માં ૯૯ ટકા દિવસોમાં ક્યાંક ને ક્યાંક આવી ઘટનાઓ સર્જાઈ. સાયક્લોન સર્જાય છે. IMF નો નવે.૨૦૨૫નો રિપોર્ટ ભારતને ચેતવે છે. ઘણું આર્થિક નુકસાન થઈ રહ્યું છે.

❍ હિમાલયમાં જૂન-ઓગસ્ટ ૨૦૨૫માં extreme weatherના કારણે થયેલું નુકસાન આપણી તરફ આયનો ધરે છે. આમાં આપણે આડેધડ વિકાસના નામે જે કંઈ રચનાઓ કરી રહ્યા છીએ તેના કારણે અનેકગણું નુકસાન થઈ રહ્યું છે. ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ - જમ્મુ કશ્મિરમાં ભારે વરસાદ + વાદળ ફાટવાના બનાવો બન્યા છે. હિમાલય એક કાચો પર્વત છે - Land Slideનાં દશ્યો જોવા મળે છે. પંજાબમાં ખૂબ જ કપરી સ્થિતિ સર્જાઈ. સાધારણ રીતે ઑગસ્ટ માસમાં જેટલો વરસાદ પડે તેના કરતાં ૪૦૦ ટકા વધારે વરસાદ પડ્યો તેમજ હિમાલયમાંના વરસાદનું પાણી પણ તેમાં આવ્યું. તેમાં આપણા વિકાસની આડેધડ રચનાઓના કારણે નુકસાનમાં વધારો થયો. આપણે રસ્તાઓ, મકાનો, હાઈડ્રોપાવર પ્લાન્ટ બાંધ્યા. આપણે આપણી ભૂલો તરફ જાગૃત બનવું પડશે.



❍ વિજ્ઞાન આપણને સ્પષ્ટ રીતે ગ્લોબલ વોર્મિંગની અસરો અંગે સમજણ પૂરી પાડે છે. અનેક ઘટનાઓ આપણી સામે છે. છતાં આપણે ક્લાઈમેટ એક્શન માટે લીધેલા નિર્ણયોમાંથી પાછી પાની ભરી રહ્યા છીએ. વચનો પ્રમાણે વર્તન કરતા નથી.

અમેરિકાના ૪૭મા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ઊર્જા પ્રાપ્ત કરવા માટે અશ્મિભૂત બળતણ (Fossil Fuels)નો ઉપયોગ કરશે. અમેરિકા પેરીસ કલાઇમેટ એગ્રીમેન્ટમાંથી બહાર નીકળી જાય છે. ગ્રીન એનર્જી તરફ વળવા માટે નિયમોના અમલમાં ઢીલાશ વર્તી રહ્યા છે. આજે તો આ દિશામાં અન્ય દેશો વિવિધ કારણોસર નક્કર પગલાં ભરવામાં ઊણા ઊતરતા દેખાય છે.

ગ્રીન ટેક્નોલોજીમાં આગળ વધવા માટે Rare Mineralsની જરૂર પડે છે, જેના પર ચીનનો કબજો છે અને તે ગ્રીનટેકનોલોજીમાં સસ્તી પ્રોડક્ટ બનાવી રહ્યું છે. અન્ય દેશો ચીન સામે માર્કેટમાં ઊભા રહી શકે તેવી સ્થિતિ રહી નથી. આના કારણે Petro States સામે electro states જેવી સ્થિતિ સર્જાઈ છે. પરિણામે પેટ્રોલિયમ પ્રોડક્ટનો વપરાશ ચાલુ જ રહ્યો છે. ભારત જેવા દેશમાં કોલસો પણ વપરાય છે.




❍ Climate Actionની વાત કરનારને ડાબેરી વિચારસરણી (Left Wing) વાળા ગણવામાં આવી રહ્યા છે. અને તે દિશામાં જતાં આર્થિક અસલામતી વધશે તેવું લોકોના મનમાં ઠસાવવામાં આવે છે. પ્રશ્ન ગ્લોબલાઈઝેશનના કારણે સર્જાયા છે, તે વાતને અવગણીને સર્જાયેલી સ્થિતિ માટે માઇગ્રન્ટ્સને જવાબદાર માનવામાં આવે છે, તે નોકરીઓ છીનવી લેશે તેમ કહેવામાં આવે છે, મોંઘવારી અને ઘટતા પગારો માટે તેમને જવાબદાર ગણવામાં આવે છે. ગ્રીન ટેક્નોલોજી તરફ જવા માટેનો ખર્ચો પણ આ માટે જવાબદાર છે તેમ કહેવામાં આવે છે. પવનચક્કીની ક્લિન ઊર્જા પરંપરાગત ઊર્જા કરતાં ઓછા દરે પેદા થાય છે. તેમ છતાં તે આપણા જીવનધોરણને નીચું લાવશે તેમ કહેવામાં આવે છે.

આવા આક્ષેપોથી ક્લાઈમેટ ચેન્જની દિશામાં જવા ઉત્સાહ સાથે પગલાં ભરવામાં આવતાં નથી.

❍ વર્ષ ૨૦૨૫માં એટલું તો દેખાઈ આવ્યું કે -

(૧) ગ્રીન ટેક્નોલોજી સારાં પરિણામો લાવી શકે છે.

(૨) મોટા પાયે ઊર્જા પેદા કરી શકાય છે.

(૩) પરંપરાગત ઊર્જા સ્રોતોને જાકારો આપી શકે છે.

(૪) વર્ષ ૨૦૨૫ એ દેખાડી આપ્યું કે ઊર્જા પેદા કરવામાં કોલસાનું સ્થાન આગળ પડતું ગણાતું હતું તેના સ્થાને સોલારપાવર કૂદકે અને ભૂસકે પોતાની ક્ષમતા વધારી રહ્યું છે. આજે જે દરે તે આગળ વધી રહ્યું છે તેટલા દરે કોઈ ઊર્જા સ્રોત આગળ વધી નથી રહ્યું. ચીન તેમાં અગ્રેસર છે. સપ્ટેમ્બર ૨૦૨૫માં બ્રાઝીલમાં ૩૦ ટકા, ઓગસ્ટ ૨૦૨૫માં યુ.કે.માં ૫૦ ટકાથી વધારે ઊર્જા પવન અને સોલાર પાવરથી પેદા કરવામાં આવી હતી.

(૫) ભારતમાં રાજસ્થાનમાં કોલસા આધારિત પાવર પ્લાન્ટ સ્થાપવાની વાતને નકારવામાં આવી. કારણ દર્શાવવામાં આવ્યું કે સોલાર પાવરથી ઊર્જા પેદા કરી શકાય છે.

(૬) સોલાર પાવરથી રાત્રે ઊર્જા પેદા ન થાય, તે પ્રશ્નનો ઉકેલ લાવવા માટે મોટા પાયા પર સ્ટોરેજ બેટરીની દિશામાં આગળ વધવાનું થઈ રહ્યું છે. પાકિસ્તાને ૧.૨૫ ગીગાવોટ લિથિયમ બેટરી સ્ટોરેજ પરદેશથી મંગાવી ગ્રીડમાં જોડી છે. પાકિસ્તાન વર્ષ ૨૦૩૦ સુધીમાં દિવસ દરમ્યાન ૧૦૦ ટકા અને રાત્રી દરમ્યાન ૨૫ ટકા વીજળી સૂર્યઊર્જામાંથી પ્રાપ્ત કરી લેશે.

(૭) ગ્લોબલાઈઝેશનની પ્રક્રિયા બરાબર ચાલતી નથી, ખોટવાઈ પડી છે. તેને વ્યવસ્થિત કરી શકાય તેવી સ્થિતિ લાગતી નથી. તેમાં લક્ષ માત્ર આર્થિક રીતે સંપન્ન થવાનું જ હતું. હવે લાગે છે કે લોકો પણ સમૃદ્ધ થાય અને પૃથ્વી પણ હરીભરી રહે તેમ જણાવવું મુશ્કેલ થતું જાય છે.

આમાંથી પૈસાદાર દેશોએ રસ્તો અજમાવ્યો છે. તેમણે વિચાર્યું, મઝા આપણે માણીએ અને Toxic Waste આપણા દેશમાં નહીં પણ અન્ય ગરીબ દેશમાં પેદા થાય. અમેરિકાના અર્થશાસ્ત્રી Larry Summersએ વર્ષ ૧૯૯૨માં આ વાત Internal Memoમાં કરી હતી. તેઓ World Bankમાં કામ કરતા હતા તેમજ હાર્વર્ડ યુનિવર્સિટીમાં પ્રમુખપદે હતા. તેમનું કહેવું છે -

There is an Economic logic to dump toxic waste in the lowest wage country. બ્રિટિશ મેગેઝિન, Economistમાં સ્પષ્ટપણે લખાયું. 'Let them eat pollution - Summers. જ્યાં પગારો ઓછા છે, પર્યાવરણને લગતા કોઈક કડક કાયદા નથી ત્યાં ઓછા ખર્ચે ધંધો કરી શકાશે. માલેતુજાર લોકોએ તો શુદ્ધ વાતાવરણમાં રહેવું જોઈએ, આવી વિચારસરણી ગ્લોબલાઈઝેશનની રહી છે.

વર્ષ ૧૯૯૫માં WTOની રચના થઈ. ચીન ૨૦૦૧માં તેમાં સામેલ થયું. પછી વિયેટનામ, બાંગ્લાદેશ, કંબોડીયા જોડાયા. નવા નવા હરિયાળા વિસ્તારો પણ જોડાતા ગયા. જ્યાં જ્યાં પર્યાવરણના અને મજૂરીના પ્રશ્નો વધતા ગયા ત્યાં ત્યાંથી કારખાનાઓને ઉપાડી અન્ય સ્થળે, જ્યાં સસ્તું પડે ત્યાં સ્થપાતાં ગયાં. WTOમાં કમાનારા અને ગુમાવનારા બદલાતા રહ્યા. WTO સામે વિરોધ પણ થતો રહ્યો. ભારતમાં ખેડૂતોએ વિરોધ કર્યો. સસ્તું અનાજ ભારતના બજારમાં ઠલવાતું ગયું. અમેરિકાની વસ્તીનું પ્રમાણ વિશ્વના ૪ ટકા જેટલું છે. પણ વિશ્વના કુલ વપરાશના ૩૦ ટકા અમેરિકા જ વાપરી નાંખે છે. પશ્ચિમના દેશો કલાઈમેટ ચેન્જના પ્રશ્ને ગ્રીન હાઉસ ગેસ ઘટાડવામાં સક્રિય નથી થતા. તેઓ જરૂરી ચીજો પેદા કરવાનાં સ્થળો બદલ્યા કરે છે. વર્ષ ૧૯૯૦માં વિશ્વમાં ગ્રીનહાઉસ ગેસ છોડવામાં ચીનનો ફાળો ૫ ટકા હતો તે વર્ષ ૨૦૧૯માં ૨૧ ટકા થઈ ગયો. હવે ચીન ગ્રીન ટેક્નોલોજીની પેદાશોમાં આગળ વધી ગયું છે. તે સસ્તા દરે વેચી પણ શકે છે. ગ્રીનની દિશામાં આગળ વધવાનો આધાર હવે ચીન પર છે.

(૮) 'ગ્રીન ઇકોનોમી'ની હવે ધારણા એવી બંધાઈ રહી છે કે સ્થાનિક લોકો વસ્તુ પેદા કરે, વાપરે, ગરીબોના હાથમાં નાણાં જાય, તે ઉપભોક્તા બને. ગાંધીની વાતને યાદ કરવાની છે - માસ પ્રોડક્શનના સ્થાને પ્રોડક્શન બાય માસીસની નીતિ અપનાવવાની છે. આપણી સામે પ્રશ્ન છે -

Can we build that new green future that sustains local production and livelihoods, but not by consuming the planet ?

(૯) 'New Green World' માં માણસને કેન્દ્રમાં મૂકવો પડશે. વિકાસનું કદ આપણી પહોંચમાંનું તેમજ સર્વ સમાવેશી- all inclusive હોય. તે ટકાઉ હોય. તેમજ આ વિકાસ equitable સમાજ સર્જનારો હોય. આપણે પાયાની જરૂરિયાતો પૂરી પાડવાની છે. રોજગારી, આરોગ્ય અને શિક્ષણની વ્યવસ્થા ઊભી કરવાની છે. ઊર્જાની જરૂરિયાતોને સંતોષવાની છે. આપણે મૂડી આધારિત, પર્યાવરણના ભોગે આ બધું કરવાનું નથી. સમાજમાં ગરીબ અને અમીરના ભેદ પેદા કરે તેવી રીતે નથી કરવાનું. પશ્ચિમના દેશો માને છે તેમ પહેલાં પ્રદૂષણને ફેલાવો પછી તેને શુદ્ધ કરો તેવી નીતિ અપનાવવાની નથી. આપણે વિકાસ અને Climateના કામને સામસામે એકબીજાની વિરુદ્ધમાં નથી મૂકવાના. આપણે આપણા વિકાસપથ અંગે નવેસરથી વિચારીને આયોજન કરવું પડશે.

દિલ્હીમાં હવાનું પ્રદૂષણ ખૂબ જ માત્રામાં વધી ગયું છે. તેની ગણતરી વિશ્વમાં સૌથી વધુ પોલ્યુટેડ શહેરોમાંના એક તરીકે થઈ રહી છે. શહેરના



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

૨૦ ટકા લોકો પાસે મોટરકાર છે. પરંતુ તે રસ્તાની ૯૦ ટકા જગ્યા રોકી પાડે છે. આના કારણે રસ્તા જામ થઈ જાય છે અને પ્રદૂષણ વધે છે. આવા પ્રશ્નોના ઉકેલો શોધવા પડશે. ઘણા લોકોને એકધારી વીજળી મળતી નથી. હજુ પણ લાકડાં કે છાણાં જેવા બાયોમાસને સળગાવીને રસોઈ કરે છે. આપણે Low Carbon Growthનો માર્ગ અપનાવવો પડશે.

(૧૦) સુનિતા નારાયણ આ છેલ્લા મુદ્દામાં ક્લાઈમેટ ફાયનાન્સ અંગે કેટલીક મહત્ત્વની વાતો કરે છે.

○ જે લોકોએ ભૂતકાળમાં વાતાવરણમાં ગ્રીનહાઉસ ગેસીસ મોટા પાયા પર છોડ્યો છે તેમની જવાબદારી છે કે જે દેશોને હજુ પાયાની સુવિધાઓ માટે ગ્રીન હાઉસ છોડવાની જરૂર છે તેને નવી ટેકનોલોજી અને આર્થિક મદદ - ક્લાઈમેટ ફાયનાન્સ પૂરું પાડે.

○ તાપમાન વધવાના કારણે ગરીબ દેશોને વધુ નુકસાન થાય છે. આર્થિક રીતે સદ્ધર રાષ્ટ્રો હેમખેમ પાર ઊતરી જાય છે.

○ સૌએ સમજી લેવાની જરૂર છે કે ક્લાઈમેટ ફાયનાન્સમાં માત્ર પાંચ ટકા ગ્રાન્ટ છે. બાકીની લોન છે.

○ ગરીબ દેશો માટે આ ભારણ ચૂકવવું મુશ્કેલ છે. કેટલાક દેશો માટે પોતાના દેશની ૨૦૨૩ની આવકના ૧૬ ટકા એન્યુઅલ ઇન્ટરેસ્ટ ચૂકવવામાં જાય છે.

○ આ સ્થિતિમાં સ્થાનિક આર્થિક વ્યવસ્થાના બળ પર જ કામ કરવું પડે.

○ અત્યારના અર્થતંત્ર પ્રમાણે જી.ડી.પી.માં વધારો મેળવવા પોતાના દેશની પેદાશો, કુદરતી સંસાધનો મોટા પાયે વેચવા - પર્યાવરણ પર તેની શું અસર પડે છે તે વાતને અવગણીએ છીએ. ગરીબ દેશોની કાચી સામગ્રી પ્રોસેસ કરીને પૈસાદાર દેશો વધુ કમાણી કરે છે. આફ્રિકાના ખેડૂતો કોફી-કોકો વચ્ચે છે. બજારમાં ચોકલેટની જે આવક થાય છે તેના માત્ર ૬ ટકા અફ્રિકાના ખેડૂતને મળે છે.

આપણે ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જી.ડી.પી.)ના સ્થાને ગ્રોસ નેચર પ્રોડક્ટ (જી.એન.પી.) તરફ વળવું પડશે. 'કુદરતી સંપદાને ખોદો અને નિર્યાત કરો' વાળા અર્થશાસ્ત્રને છોડવું પડશે. જૂની વિચારસરણીને ખંખેરવી પડશે. 'We cannot remain prisoneers of yesterday' હરિયાળા ભાવિ - Green Future તરફ વળવું પડશે.

જોકે આજે ચિત્ર સ્પષ્ટ નથી પણ પૈસાદાર દેશોના અર્થતંત્રમાંથી, ગ્લોબલાઈઝેશનના લોભામણા ચિત્રમાંથી બહાર નીકળવું પડશે.

આપણે એક વાત સ્પષ્ટ નજર સમક્ષ રાખવી પડશે કે હવે જો ઉષ્ણતામાનના વધારાને ૧.૫ સેન્ટીગ્રેડ પર નાથવું હોય તો ગ્રીન હાઉસ છોડવાનું બજેટ રહ્યું નથી. તેમ છતાં ૭૦ ટકા લોકોને પાયાની જરૂરિયાતોવાળા વિકાસના એક સ્તરે લઈ જવાના છે.

**- રજની દવે**

**ભૂમિપુત્ર ૭૫ ...** (પાન ૨૨નું ચાલુ)

સલ્લા, પ્રવીણભાઈ ઠક્કર કંઈક અંશે કપિલભાઈ ધરાવે છે. આ ટીમનાં આગળનાં કામોનું પ્લાનિંગ કરવું, સંપર્કો કરવા, સ્થાનિક લોકો સાથે સંવાદ કરવો વગેરે કામ કરવાં પડે. આની જવાબદારી લેવા કોઈકે આગળ આવવું જોઈએ. આ બંને ટીમ એકબીજાના સહયોગમાં કામ કરે તેમ કરવું પડે.

'શ્રેયાર્થીની સંઘર્ષ કથા' - ભૂમિપુત્રના સંપાદક શ્રી જગદીશભાઈની આત્મકથા છે. હાલમાં તે ઉપલબ્ધ નથી. સામાજિક કાર્યકરના ઘડતર માટે પ્રેરણારૂપ પુસ્તક છે. શ્રી પ્રવીણ દુલેરા, કિશોરભાઈ દેસાઈ, ઉત્તમભાઈએ ૧૦૦-૧૦૦ નંગ ખરીદી લેવાની તૈયારી દર્શાવી છે. કપિલભાઈ પાસે પણ નકલ નથી. આમ યજ્ઞ પ્રકાશન ૫૦૦ નંગ છાપે તે અંગે પારુલબહેનને વાત કરી છે. પારુલબહેન ભૂમિપુત્ર-૭૫ને ખ્યાલમાં રાખી અન્ય પ્રકાશનો તૈયાર કરી રહ્યાં છે. ભૂમિપુત્રના વાચક વર્ગોમાંથી અમૃત મહોત્સવમાં સક્રિય થવા માંગતા હોય તે સૌ ભૂ.સંપાદક ટીમનો સંપર્ક કરશે તેવી આશા રાખવામાં આવે છે.

સંપાદક ટીમ : સ્વાતિ દેસાઈ - ૯૪૨૯૫૫૬૧૬૩, પારુલ દાંડીકર - ૯૯૯૮૦૪૧૨૨૬, રજની દવે - ૭૯૯૦૯૫૬૮૩૦

**'ભૂમિપુત્ર'**

(ફોર્મ-૪ નિયમ-૮ પ્રમાણે)

| | | |
|---|---|---|
| ૧. પ્રકાશન સ્થળ | : | 'ભૂમિપુત્ર' કાર્યાલય<br>હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧ |
| ૨. પ્રકાશન અવધિ | : | મહિનામાં બે વખત |
| ૩. મુદ્રક | : | જિજ્ઞેશ શાહ |
| ૪. મુદ્રણાલય | : | જવનિકા પ્રિન્ટર્સ |
| ૫. પ્રકાશકનું નામ | : | રજની દવે |
| રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| સરનામું | : | 'ભૂમિપુત્ર' કાર્યાલય<br>હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧ |
| ૪. સંપાદકનું નામ | : | રજની દવે |
| સંપાદક મંડળ | : | સ્વાતિ, પારુલ, |
| રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| સરનામું | : | 'ભૂમિપુત્ર' કાર્યાલય<br>હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧ |
| ૫. માલિકનું નામ | : | યજ્ઞ પ્રકાશન સમિતિ<br>'ભૂમિપુત્ર' કાર્યાલય<br>હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧ |

હું, રજની દવે આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ-સમજ મુજબ સાચી છે.

તા. ૧૬-૩-૨૦૨૬ (સહી)

વડોદરા રજની દવે-પ્રકાશક



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# આર્થિક સર્વેમાં બીમારીનું નિદાન : બજેટમાં તેની ઉપેક્ષા

**સર્વે ઉપયોગી, બજેટ નિષ્ક્રિય**

૧ ફેબ્રુઆરી-૨૦૨૬ને રવિવારે બજેટ ૨૦૨૬-૨૭ રજૂ થયા પછી સરકારી પ્રવક્તાઓ, તંત્રીલેખકો, ટીકાકારો તેમજ પત્રકારોએ બજેટનું વર્ણન કરવા 'સાવચેતી' શબ્દ તેમજ 'પરિસ્થિતિ બગડવા નહિ દેતા' વાક્યનો પ્રયોગ કર્યો. મારા મતે તેઓએ અમેરિકી કહેવત, 'જો કોઈ વસ્તુ તૂટેલી નથી તો તેનું સમારકામ કરવાની જરૂર નથી'નું પાલન કર્યું.

■ **બહુવિધ પડકારો**

આર્થિક સર્વે ૨૦૨૫-૨૬ (ઇકોનોમિક સર્વે)એ ભારતીય અર્થતંત્ર સામેના પડકારોની ઓળખ કરી. તેમાંથી મુખ્ય હતા :

**- પ્રમુખ ટ્રમ્પ દ્વારા શરૂ કરાયેલું ટેરિફ યુદ્ધ :**

તેમણે ભારતીય ઉત્પાદનો પરનો ટેરિફ પચાસ ટકામાંથી ઘટાડીને ૧૮ ટકા કરવાની જાહેરાત કરી હોવા છતાં એવું લાગી રહ્યું છે કે આ ઘટાડો એવી શરતે છે કે ભારતે અમેરિકી વસ્તુઓ પર શૂન્ય ટેરિફ લગાડવો પડશે, શૂન્ય ટેરિફ સામેના અવરોધો હટાવવા પડશે, પાંચસો અબજ ડોલરની અમેરિકી વસ્તુઓની આયાત કરવી પડશે તેમજ અન્ય શરતો હતી જે ભારત માટે સંતોષવી મુશ્કેલ થઈ પડશે.

**- સીધા વિદેશી રોકાણનો પ્રવાહ ક્ષમતા કરતાં ઓછો રહ્યો :**

વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો બહાર નીકળી રહ્યા છે. ભારતીય પ્રમોટરો પાસે રોકડ હોવા છતાં રોકાણ કરવા ખચકાઈ રહ્યા છે. પરિણામે ગ્રોસ ફિક્સ કેપિટલ ફોર્મેશન (જીએફસીએફ) જીડીપીના લગભગ ૭૦ ટકાના સ્તરે અટકી ગઈ છે.

**- અસંતોષકારક સામાન્ય જીડીપી વૃદ્ધિ :**

એનએસઓએ અપનાવેલી પદ્ધતિ અને રાષ્ટ્રીય એકાઉન્ટ્સ પરની શંકાએ વાસ્તવિક જીડીપી વૃદ્ધિ દરો સામે સવાલ ઊભા કર્યા છે. નોમિનલ જીડીપી એક બહેતર સૂચકાંક છે. તે ૨૦૨૩-૨૪, ૨૦૨૪-૨૫, અને ૨૦૨૫-૨૬માં અનુક્રમે ૧૨ ટકા, અને ૯.૮ ટકા અને૮ ટકાના દરે વધ્યો છે. વિકાસ તેની ગતિ ગુમાવી રહ્યો છે.

**- બેરોજગારીની ગંભીર સ્થિતિ :**

યુવા બેરોજગારી દર જૂન ૨૦૨૫માં ૧૫ ટકા હતો. કુલ કાર્યબળનો માત્ર ૨૧.૭ ટકા હિસ્સો કાયમી પગારદાર રોજગારીનો હતો. લાખો યુવાનો હજી પણ બેરોજગાર છે. આંકડા સ્વ-રોજગાર પ્રત્યેનું વલણ દર્શાવે છે.

ઉત્પાદન શક્તિ વિના કોઈ દેશ મધ્યમ-આવક દેશ નથી બની શક્યો. ભારતના ઉત્પાદન ક્ષેત્રએ છેલ્લાં દસ વર્ષમાં જીડીપીના માંડ ૧૫-૧૬ ટકાનું યોગદાન આપ્યું છે. મેક ઇન ઇન્ડિયા, પીએલઆઈ અને અન્ય યોજનાઓ રોજગાર સર્જવામાં નિષ્ફળ નીવડી છે.

**- રાજકોષીય સંગ્રહ અત્યંત ધીમો :**

રાજકોષીય ખાધ ૨૦૨૫-૨૬માં ૪.૪ ટકાથી ઘટીને ૨૦૨૬-૨૭માં ૪.૩ ટકા રહેશે અને મહેસૂલ ખાધ ૧.૫ ટકા રહેશે. આ દરે એફઆરબીએમના લક્ષ્યાંકો હાંસલ કરવામાં ૧૨ વર્ષથી વધુ સમય લાગશે અને આપણે મોટી કિંમત ચૂકવવી પડશે.

૨૦૨૫-૨૬નો કરવેરાનો દાવ વ્યાપક રીતે નિષ્ફળ ગયો છે. ભારતીય રિઝર્વ બેંકે ૨૦૨૫-૨૬માં આશરે રૂ. ૩૦૪,૦૦૦ કરોડનું ઉદાર ડિવિડન્ડ જાહેર કરીને બજેટનું ગણિત સાચવી લીધું. અગાઉનાં બે વર્ષોમાં તેણે રૂ. ૨૧૦,૮૭૪ કરોડ અને ૨૬૮,૫૯૦ કરોડનું ડિવિડન્ડ આપ્યું હતું. યુપીએ સરકાર દરમ્યાન રિઝર્વ બેંકનું સૌથી ઉચ્ચ ડિવિડન્ડ ૨૦૧૩-૧૪માં રૂ. ૫૨,૬૭૯ કરોડ હતું.

**- નાણાં મંત્રીએ સીઈએની ઉપેક્ષા કરી**

ઈએસ(ઇકોનોમિક સર્વે)ના પ્રથમ પ્રકરણમાં સીઈએ(ચીફ ઇકોનોમિક એડવાઈઝર)એ સાવધાની રાખવા કહ્યું હતું, પણ નિરાશ નહિ થવાની સલાહ આપી હતી. આ સૂર સમગ્ર રિપોર્ટ દરમ્યાન જારી રહ્યો. એક અન્ય પ્રકરણમાં તેમણે રાજકોષીય મજબૂતીના વિશ્વસનીય પ્રગતિમાર્ગની હિમાયત કરી. એકમાત્ર શહેરીકરણમાં સીઈએએ બેબાક અભિગમની ભલામણ કરી જ્યાં તેમણે નાગરિકો અને રાજ્ય વચ્ચે સુસંગત હોય તેવા મજબૂત મહાનગર પ્રશાસન, અનુમાનિત અમલીકરણ અને વિશ્વસનીય નાગરિક સંકલનની હિમાયત કરી. શહેરોને પણ બહેતર નાણાંકીય સહાય સાથે સશક્ત બનાવવાની જરૂર પડશે.

પોતાના મુખ્ય સલાહકાર પ્રત્યે નાણાં મંત્રીનો પ્રતિસાદ ગેર-બૌદ્ધિક અને ટાળંટોળનો હતો. પોતાના ૮૫ મિનિટના ભાષણમાં તેમણે ભારતીય અર્થતંત્રની સ્થિતિ અથવા વિશ્વના અર્થતંત્ર પર ટેરિફ અને બળજબરીપૂર્વકના સોદાઓ દ્વારા પ્રમુખ ટ્રમ્પના બેવડા હુમલા વિશે કોઈ ટિપ્પણી ન કરી. તેમજ તેમણે વૈશ્વિક મંદી અથવા ચીનના આર્થિક વિસ્તરણ અથવા બજેટ ભાષણમાં માહિતગાર વ્યક્તિઓએ અપેક્ષા રાખી હોય તેવી અન્ય કોઈ બાબત પર ટિપ્પણી ન કરી. મારું ઉદાર મંતવ્ય છે કે નાણાં મંત્રી અને સરકાર આર્થિક સર્વેની પરવા નથી કરતા. મારું કઠોર મંતવ્ય છે કે આપણે એવા ગ્રહમાં વસી રહ્યા છીએ, જે સૌર મંડળનો હિસ્સો નથી.

મને આઘાત લાગ્યો કે નાણાં મંત્રીએ મંદ વૃદ્ધિ દર, ગરીબી અને વધતી અસમાનતા, અટકી ગયેલું રોકાણ, વ્યાપક રોજગારી, કલ્યાણકાર્યોની ઉપેક્ષા, રૂપિયાનો ઘસારો અને ખાદ્યાકીય તેમજ જરૂરી સેવાની માગ અને પુરવઠા વચ્ચે વિશાળ તફાવતની ચિંતાઓનું સમાધાન કરે તેવી સરકારી નીતિઓ જણાવવાનું જરૂરી ન ગણ્યું.

**- એકાઉન્ટન્ટની પરીક્ષામાં નાપાસ**

સામાન્ય એકાઉન્ટિંગ ધોરણોએ પણ નાણાં મંત્રીનો નાણાંકીય વ્યવસ્થાપનનો રેકોર્ડ નબળો રહ્યો. ૨૦૨૫-૨૬માં બજેટ ફાળવણીમાં

(જુઓ પાન નં. ૨૦)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# અમેરિકા-ભારત વેપાર કરાર

**આ**જકાલ ચોરે અને ચૌટે સૌથી વધારે ચર્ચાતો કોઈ વિષય હોય તો તે અમેરિકા-ભારત વેપાર કરાર છે. અલગ અલગ નજરે આ વિષયને જોવામાં-વિચારવામાં અને પ્રતિભાવ આપવામાં આવે છે. ક્યાંક ચિંતા પણ થાય તેવી વાતો છે. આ કરાર અંગેનું સંયુક્ત નિવેદન ૬ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ કરવામાં આવ્યું.

○ સૌથી વધુ તીવ્ર પ્રતિભાવ દેશના ખેડૂતો તરફથી આવ્યો છે. તા. ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ દેખાવો, હડતાળ, ટ્રમ્પ-મોદીનાં પૂતળાં બાળવાનો કાર્યક્રમ ચાલ્યો.

○ વિરોધ પક્ષના નેતાએ ૧૫ ફેબ્રુઆરીના રોજ આ કરાર સામે પાંચ પ્રશ્નો ઉઠાવ્યા છે.

○ ઘણા ચિંતકો આ કરારને રાષ્ટ્રીય સાર્વભૌમત્વ માટે ગંભીર ખતરો ગણાવે છે.

○ કેટલાક વિચારકો માને છે કે અમેરિકા દેશના વડાપ્રધાનની કોઈ મજબૂરીનો લાભ લઈને અમેરિકાને મોટાપાયે ફાયદો થાય તેવી શરતો સાથેનો વ્યાપારી સોદો કરી રહ્યું છે.

○ 'એપીસ્ટીન ફાઈલ'માં ભારતની કેટલીક વ્યક્તિઓનાં નામો જાહેર થયાં છે તેની અસર તળે અમેરિકાની સરકાર ભારતને દબાવમાં રાખીને આવા વ્યાપારી સોદા કરી રહ્યું છે, તેમ કેટલાક દેશ-વિદેશના પત્રકારોનું કહેવું છે.

## ■ ખેડૂતોની ચિંતા પોતાની પેદાશોના ભાવ અને વેચાણ માટે છે

ભારત સરકારે - ફળો, કપાસ, બદામ, સોયાબીન, તેલ અને અમુક ખાદ્ય અને કૃષિ ઉત્પાદનો જે અમેરિકાથી આવશે તેના પર શૂન્ય જકાત લગાવશે તેમ જાહેર કર્યું છે. દેશમાં આ ચીજો પેદા કરવાવાળા ખેડૂતોને પોતાનો માલ વેચવો ભારે પડશે. કારણ કે અમેરિકામાં કૃષિને ભારે સબસિડી આપવામાં આવે છે. અમેરિકા ડેરીની પેદાશો પણ મોકલશે તેમજ પશુને આપવામાં આવતું ખાણ દાણ-ફીડ પણ મોકલશે (આ ફીડમાં માંસનો ઉપયોગ પણ થયેલો હોવાની શક્યતા છે).

સોયાબીન, મકાઈ, કપાસની આયાત કરવામાં આવશે. ઉપરાંત આનુવાંશિક રીતે સુધારેલાં (GMO) ઉત્પાદનો પણ આવશે, જે સ્થાનિક કૃષિ આરોગ્ય પર પણ અસર કરશે.

આ સોદો લમણા પાસે જાણે રીવોલ્વર રાખીને કરાવવામાં આવ્યો છે તેમ લાગે છે. જો રશિયા પાસેથી તેલ ખરીદીએ તો આપણા પર ટેરીફનું ચાબુક વીંઝવામાં આવશે. વિપક્ષના નેતાએ ઉઠાવેલા સવાલો નીચે પ્રમાણે છે




(૧) Dried distiller's grains grains (DDG) આયાત કરવામાં આવશે. તેનો મતલબ કે અમેરિકન મકાઈમાંથી બનાવેલો કેટલ ફીડ આપણાં પશુઓને ખવડાવવામાં આવશે. ભારતમાં દૂધના ઉત્પાદકો અમેરિકાના કૃષિ ઉદ્યોગ પર આધાર રાખતા થઈ જશે.

(૨) આપણે ત્યાં મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાનમાં સોયાબીન ઉગાડવામાં આવે છે. જો જી.એમ. સોયા તેલ દેશમાં ઠાલવવામાં આવશે તો દેશના ખેડૂતો પર તેની અસર પડશે.

(૩) આ કરારોમાં શક્યતા એવી છે કે ભવિષ્યમાં કઠોળ અને અન્ય પાકો અમેરિકામાંથી ખરીદવા માટે દબાણ કરવામાં આવશે.

(૪) ભવિષ્યમાં ભારત જી.એમ. પાકોને અપનાવે અને ભારતમાં પાકોને જે કંઈ એમ.એસ.પી. આપવામાં આવે છે તેને ઘટાડવા માટે દબાણ કરવામાં આવશે.

(૫) અમેરિકા ધીરે ધીરે વધુ ને વધુ કૃષિ ચીજો મોકલતું થાય તેવું પણ બને. ધીરે ધીરે આપણા કૃષિ ઉદ્યોગો પર અમેરિકાનો કબજો વધતો જશે તેવી શંકા કરવામાં આવે છે.

હાલમાં વિરોધપક્ષના નેતા સાથે ખેડૂત સંગઠનના નેતાઓએ મુલાકાત લીધી હતી. ખેડૂતો અને ખેતમજૂરોના હિતમાં શું પગલાં ભરી શકાય તે અંગે ચર્ચા કરી હતી. ખેડૂત નેતાઓએ મકાઈ, સોયાબીન, કપાસ, ફળો તથા ડ્રાયફ્રૂટ્સ પકવતા ખેડૂતોની આજીવિકા પર થનારી માઠી અસર અંગે ચિંતા વ્યક્ત કરી હતી. ખેડૂતોના નેતાઓ માને છે કે ભારત-અમેરિકા વચ્ચેનો વેપાર કરાર એ અમેરિકા સામે સંપૂર્ણ શરણાગતિ સમાન છે.

## ■ કિસાન આંદોલન-૧

૨૬ જાન્યુઆરી વર્ષ ૨૦૨૧માં ખેડૂતોએ દિલ્હીમાં ટ્રેક્ટર રેલી કાઢીને સરકારના કૃષિને લગતા ૩ કાળા કાનૂનોનો વિરોધ દર્શાવ્યો હતો. આમ તો આંદોલન સપ્ટેમ્બર ૨૦૨૦થી ચાલુ થઈ ગયું હતું. સરકાર કૃષિક્ષેત્રમાં મોટાપાયે કોર્પોરેટ સેક્ટરને દાખલ કરવા માંગતી હતી. દેશના મોટા ગજાના પત્રકાર પી.સાઈનાથે કહ્યું હતું -

Farms Bill will Benefit Big Corporates, Not Farmers.

વર્ષ ૧૯૯૫થી વર્ષ ૨૦૧૪ સુધીમાં આશરે ૩ લાખ ખેડૂતો આપઘાત કરી ચૂક્યા હતા. સાઈનાથે સરકારને સૂચન કર્યું હતું કે ખેડૂતોના પ્રશ્નો સમજવા માટે લોકસભાનું ખાસ સત્ર યોજવું જોઈએ. કિસાન આંદોલન-૧માં ૭૦૦ જેટલા કિસાનોએ આંદોલન સ્થળ પર મોતને વહાલું કર્યું હતું પણ કોઈ પરિણામ ન આવ્યું. હા, એટલું જરૂર થયું કે કાનૂન



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

પાછા લીધા, પણ કિસાનોની એમ.એસ.પી., પોતાની ઊપજ માટે મિનિમમ સપોર્ટ પ્રાઇસ - સ્વામિનાથન કમિટીએ દર્શાવેલા ગણિત પ્રમાણે મેળવવાની વાત આજે પણ મંજૂર થઈ નથી.

### ■ કિસાન આંદોલન - ૨ (Second Round)

આ આંદોલન પંજાબ-હરિયાણા બોર્ડર (શંભુ બોર્ડર) પર ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૪થી વર્ષ ૨૦૨૫ના શરૂઆતના પાંચ-છ મહિના સુધી ચાલ્યું. સરકારે જરા પણ મચક ન આપી. આ આંદોલનમાં પાંચ ખેડૂતોનાં મૉત થયાં. આંદોલન-૨ આંદોલન-૧ના પ્રમાણમાં મર્યાદિત હતું.

### ■ કિસાન આંદોલન - ૩ની શક્યતા

જો સરકાર અમેરિકાની કૃષિ પેદાશો ઠાલવશે તો આંદોલનની શક્યતા ચોક્કસ દેખાય છે. અત્યારે માહોલ કેવો છે તે તા. ૧૨-૨-૨૦૨૬ના દેશવ્યાપી દેખાવો પરથી થોડું સમજાય છે. પહેલાં બે આંદોલન ભારત સરકાર સામે હતાં. ત્રીજું આંદોલન થશે તો પરદેશી સરકાર સામે અને તેની કઠપૂતળી બનેલી દેશની સરકાર સામે હશે. યજ્ઞ પ્રકાશને મે-૨૦૨૧માં પુસ્તક 'કિસાન આંદોલન' પ્રગટ કર્યું હતું. (પૃષ્ઠ - ૨૪૦ - રૂ. ૧૨૦. સંપર્ક : ૦૨૬૫-૨૪૩૭૯૫૭ - વડોદરા, હિંગલાજ માતાની વાડીમાં, હુજરાતપાગા, વડોદરા-૧)

એક વખતના નાણાંમંત્રી પી.ચિદમ્બરમ્ ૬ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ, જેને સંયુક્ત નિવેદન કહેવામાં આવે છે તે અંગે પ્રતિભાવ આપતા કહે છે : કહેવામાં આવ્યું, આ સોદો-ડીલ પરસ્પર સમાન ધોરણે કરવામાં આવ્યો છે. આવો દાવો તો વાચકની બુદ્ધિનું અપમાન છે.

પાંચ વર્ષમાં ભારત ૫૦૦ અબજ અમેરિકન ડોલર્સ ખર્ચીને શું ખરીદશે તે એક કોયડો છે. આના કારણે ભારત યુ.એસ. સાથે જે મામુલી વેપાર પુરાંત (આયાત ઓછી નિર્યાત વધારે) ભોગવે છે તે સાફ થઈ જશે. યુ.એસ. પાસે એવો માલસામાન ઓછો છે જે ભારતના અર્થતંત્રને વેગ આપી શકે. આપણી પાસે મોટી સંખ્યામાં મોંઘાંદાટ વિમાનો, લશ્કરી સરંજામ અને મોંઘું અમેરિકન ઓઈલ ખરીદવા સિવાય બીજો કોઈ વિકલ્પ રહ્યો નથી. આમ આ ડીલ દેશના સમગ્ર અર્થતંત્રને હચમચાવી શકે છે. ગોદી મીડિયા અને કોર્પોરેટ સેક્ટર સરકારના આ પગલાને મોટા પાયે આવકારે છે.

વિશ્વમાં ટ્રમ્પ તેનું કાર્ડ ચલાવવા માંગે છે. ટેરીફ વધારવાની ધમકી આપી, યુદ્ધની ધમકી આપી, તેની હામાં હા કહેવાનું કહે છે. અને તે જેને હરીફ કે દુશ્મન ગણે છે તેની સાથે સંબંધો ન રાખવા માટેના પેંતરા રચે છે.

વર્તમાન ભારત સરકાર આ બધા સામે હાલમાં કોઈ અવાજ ઉઠાવી શકે તેવી સ્થિતિમાં દેખાતી નથી.

દેશના સામાન્ય નાગરિકના પક્ષે રહીને કોણ સાચો રાષ્ટ્રધર્મ બજાવે છે તે જોવાનું રહે છે. દેશના રાષ્ટ્રીય સાર્વભૌમત્વને બચાવવા કોણ આગળ આવે છે તેનો ખ્યાલ આગામી દિવસોમાં જોવા મળશે.

**- રાજુ રૂપપુરીઆ**

## વાંચન થાળ

■ **ચિરંતન ગાંધી વિદ્યા ટ્રસ્ટ,** ગ્રામ સ્વરાજ સંઘ, સોન ટેકરી, નીલપર, તા-રાપર (કચ્છ) ૩૭૦૧૬૫. સંપર્ક નં.: ૯૮૨૫૦ ૧૪૦૭૪




○ સત્યવીરની સાધના (મહાત્મા ગાંધીના જીવન અને કાર્યની ઝલક) - સોનલ પરીખ પૃષ્ઠ-૧૫૨.

ગાંધી વિષે નાનો પહાડ રચાય તેટલાં પુસ્તકો લખાયાં છે તેમ છતાં તરુણો - યુવાનોના હાથમાં સંક્ષિપ્ત સ્વરૂપે ગાંધીજી અંગેનું પુસ્તક સોનલબહેને મૂકવા આવકારદાયક પ્રયત્ન કર્યો છે.

લેખિકા સોનલબહેન કહે છે - ''ગાંધીજીને ચાહનારા અને ધિક્કારનારાઓ પણ છે. અંધ ભક્તિ અને ધિક્કાર બંને જોખમી છે.'' પરંતુ સારાં પુસ્તકોના વાંચન થકી આપણે સત્ય શોધી શકીએ છીએ.

પુસ્તક પરિશિષ્ટ સાથે ૪ ભાગમાં વહેંચાયેલું છે.


(૧) પોરબંદર - રાજકોટ - ઇંગ્લેન્ડ (જન્મ અને શિક્ષણ).

(૨) દક્ષિણ આફ્રિકા (૩૦ જેટલાં સબટાઈટલ છે).

(૩) ભારત (સ્વદેશ આગમન. વિવિધ સત્યાગ્રહો - આઝાદી - મહાપ્રયાણ).

(૪) પરિશિષ્ટમાં ૦ જીવન-આલેખન ૦ ગાંધીના ઉપવાસો અને જેલવાસ ૦ તેમણે સૂચવેલાં વ્રતો અને કરેલા સત્યાગ્રહોની નોંધ આપવામાં આવી છે.

ગાંધીજીએ 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' પુસ્તક લખ્યું તે ૧૯૨૭માં પ્રગટ થયું. ૧૯૨૦ સુધીનું જીવન તેમાં નોંધાયેલું છે. ગાંધીજી ત્યારે ૫૧ વર્ષના હતા. ૩૦ જાન્યુ. ૧૯૪૮ના રોજ મહાપ્રયાણ કર્યું. તેમના જીવનનાં છેલ્લાં ૨૭ વર્ષની વિગતો આત્મકથા પુસ્તકમાં નથી. નારાયણભાઈ દેસાઈએ ગાંધીજી વિષે 'મારું જીવન એ જ મારી વાણી' - ૪ ખંડોમાં આશરે ૨૨૦૦ પાનાંનું, વર્ષ ૨૦૦૩માં પ્રગટ કર્યું. ગાંધીના સમગ્ર જીવન વિષે ગહન અભ્યાસ કરવા નારાયણ દેસાઈનું આ પુસ્તક ઉપયોગી છે. પરંતુ યુવાવર્ગના હાથમાં ૧૫૨ પાનાંમાં સોનલબહેને ગાંધીજીના સમગ્ર જીવનનો અર્ક મૂક્યો છે. સોનલબહેન ગાંધી પરિવારનાં તો છે જ તે ઉપરાંત સારા અભ્યાસુ અને લેખક પણ છે. આ પુસ્તકની અનેક આવૃત્તિઓ થવી જોઈએ તેમજ સ્કૂલો, કૉલેજો અને પુસ્તકાલયોમાં અવશ્ય પહોંચવું જોઈએ, તેવી આશા રાખીએ.




■ **'ચરજ' મેગેઝીન,** ૧૧૯,૧૨૦ સીટી આર્કેડ, ડી.એસ.પી. બંગલા પાસે, જામનગર, ૩૬૧૦૦૧. મો.: ૯૫૮૬૭૬૨૨૫૨




YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

○ પ્રવીણ ગઢવી વિશેષાંક –શબ્દાંજલિ. ઑગસ્ટ ૨૦૨૫.


ત્રૈમાસિક 'ચરજ'નો અંક તેમના સ્થાપક-સંપાદક શ્રી રણજિતભાઈ ગઢવીના સૌજન્યથી પ્રાપ્ત થયો. પ્રવીણભાઈ ગઢવીને ઓળખવા, સમજવા તેમજ માણવા માટે આ એક સુંદર કૃતિ છે. ડબલ ડેમી સાઈઝનાં ૧૫૦ પૃષ્ઠના આ અંકમાં અનેક લેખકો, વિચારકોની શબ્દાંજલિને સમાવવામાં આવી છે.

પ્રવીણભાઈનો જન્મ ૧૯૫૧માં મહેસાણા જિલ્લાના મોઢેરા ગામે એક શિક્ષકને ત્યાં થયો હતો. તેમણે હાઇસ્કૂલ અને કૉલેજનું શિક્ષણ અમદાવાદમાં લીધું. ૧૯૮૧માં ડેપ્યુટી કલેક્ટર બન્યા. એક અમલદાર તરીકે જમીન ટોચ મર્યાદાના અમલીકરણથી ફાજલ પડેલી જમીનો દલિતોને આપી. ધંધુકા તાલુકામાં ગણોતિયાને જમીનો અપાવી. અમરેલીના કલેક્ટર બન્યા પછી ૮૦૦ એકર જમીન દલિતોને ફાળવી. લાઠીમાં કવિ કલાપીના જીવન-કવનનું સંગ્રહાલય 'કલાપી તીર્થ'ને બે વર્ષની લાગલગાટ મહેનત કરીને અનન્ય સ્મારક બનાવ્યું. તેમણે ગાંધી અંગેનાં કાવ્યોમાં ગાંધીને કોમરેડ ગાંધી કહ્યા છે.

*'એક કેવળ તું જ ગાંધી....*
*અગ્નિ અને રક્તની નદીઓ – નાળાં ઓળંગતો*
*એક લાંબા વાંસ હારે – એકલો.'*

પ્રવીણભાઈને લોકો સવાયા દલિત તરીકે ઓળખતા હતા. ગુજરાતી સાહિત્યમાં દલિત સાહિત્યની શરૂઆત માંડનાર ત્રિપુટીમાંના એક દલપત ચૌહાણ, નીરવ પટેલ અને પ્રવીણ ગઢવીને ગણી શકાય. તેમણે ૨૦૧૯માં 'ગાંધી પુનરાવલોકન' તૈયાર કર્યું. તેઓ ગાંધીને અને આંબેડકરને સામસામે મૂકીને નહીં, પરંતુ સાથોસાથ મૂકીને જુએ છે.

'સત્યના પ્રયોગો' વાંચીને ગાંધી તેમના દિલમાં વસી ગયા. ત્યાર બાદ ભારતના ક્રાંતિકારીઓનો ઇતિહાસ વાંચ્યો. ગાંધી માટેની શ્રદ્ધા સહેજ ડગી. રિચાર્ડ એટનબરોની 'ગાંધી' ફિલ્મ જોઈ. રોમાં રોલાં અને લૂઈ ફિશરની ગાંધી કથાઓ વાંચતાં તેમનામાં ગાંધીજીનું પુનરાગમન થયું. માર્ક્સ અને આંબેડકર સાથે ગાંધીજી ભળી ગયા ! કૉમરેડ બની ગયા. ૨૦ મે ૨૦૨૫ના રોજ હૃદયરોગથી મરણને શરણે થયા. 'ચરજ'ના આ અંકના સંપાદક શ્રી રણજિત ગઢવીને ધન્યવાદ.




■ **ગૂર્જર સાહિત્ય ભવન,** રતનપોળનાકા સામે, ગાંધીરોડ, અમદાવાદ-૩૮૦૦૦૧. મો.: ૯૨૨૭૦૫૫૭૭૭

○ આદિવાસી ઓળખ અને અસ્મિતા – ઇતિહાસ, સંસ્કૃતિ, વ્યક્તિઓ અને સંસ્થાઓના સંદર્ભમાં – ડંકેશ ઓઝા. પૃષ્ઠ ૧૨+૨૪૪, કિંમત. રૂ. ૩૫૦/-.

આ પુસ્તક એક સંદર્ભ ગ્રંથ સમાન છે. જે મિત્રો આદિવાસી વિસ્તારના પ્રશ્નો, તેમનો ઇતિહાસ, તેમના વિસ્તારમાં કામ કરતી સંસ્થાઓ... વગેરે અંગેની વિગતોથી અજાણ છે તેમના માટે આ ખૂબ ઉપયોગી પુસ્તક છે. આદિવાસીઓનું જીવન સરળ-સહજ કુદરતી રહ્યું છે. પૃથ્વી પરનાં પ્રાણીઓ અને પક્ષીઓ સાથે એમણે મૈત્રીપૂર્ણ સહિષ્ણુતાના સંબંધો જાળવ્યા છે. જળ-જમીન-જંગલ, જનાવર એમની મહામૂલી સંપત્તિ છે. પુસ્તક ૩ વિભાગમાં વહેંચાયેલું છે. (૧) સામાજિક અને ઐતિહાસિક સંદર્ભ (૨) સેવાભાવી વ્યક્તિઓ (૩) સેવાભાવી સંસ્થાઓ.

નહેરુએ અત્યંત સ્વસ્થ અભિગમથી આદિવાસી પંચશીલના જે સિદ્ધાંતો આપ્યા તેમાં પાયાનો મુદ્દો એ હતો કે આદિવાસીઓના પરંપરાગત રીતે ચાલી આવતા અધિકારોનો આપણે આદર કરીએ. એમની કલા અને સંસ્કૃતિને પ્રોત્સાહન આપીએ. એમના પર બહારથી કે ઉપરથી કશું લાદવાનો પ્રયત્ન ન કરીએ. જ્યારે જ્યારે શાસન દ્વારા કશુંક લાદવાનો પ્રયત્ન થયો છે ત્યારે ત્યારે એની પ્રતિક્રિયામાં પ્રતિકાર – લોક આંદોલનો થયાં છે. દુઃખની વાત એ છે કે સરકારી તંત્ર તેને 'બળવો' કહીને દબાવવા માટે તેની સઘળી તાકાત લગાવી દે છે.

આદિવાસી સમાજો વૈવિધ્યસભર હોય છે, એમની વેશભૂષા, કલા-કૌશલ્ય, સામાજિક રીતિ રિવાજો અને ક્રિયાકાંડ બધામાં કંઈક અવનવું જોવા મળે છે. કુદરતનાં પરિબળો ઉપર તેમણે ઓછામાં ઓછું વર્ચસ્વ જમાવવાનો પ્રયત્ન કર્યો છે. જીવન જીવવા માટે ધરતીની સંપત્તિને નુકસાન કરે છે. વેડફી નાંખવાની ઘેલછા તેમનામાં જોવા મળતી નથી.

લોકશાહીનાં સુફળ છેવાડાના આદિવાસીઓમાં પહોંચવા જોઈએ. શિક્ષણ, આરોગ્ય, પીવાના પાણી, સિંચાઈની સગવડ, વીજ વ્યવસ્થા, વાહન વ્યવસ્થા જલદીમાંજલદી પહોંચવા જોઈએ.

લેખકે આદિવાસીઓના પ્રશ્નોને પણ ઉજાગર કર્યા છે –

૦ જંગલની જમીન પરંપરાથી ખેડતા આવ્યા છતાં એમને માલિકી હક્ક પ્રાપ્ત થયો નથી.

૦ જેમની જમીનો સિંચાઈના બંધો બાંધવામાં ડૂબમાં ગઈ હોય તેના વળતરના કેસોનો નિકાલ થતો નથી.

આજે તો વિકાસના નામે ઘણી યોજનાઓનો શિકાર આદિવાસી સમાજ બન્યો છે. માઇનીંગ તેમના વિસ્તારને ખેદાનમેદાન કરી મૂકે છે. ડંકેશભાઈએ આઝાદી પૂર્વેની આદિવાસી વિસ્તારમાંની પ્રવૃત્તિની સારી એવી નોંધ લીધી છે. દાહોદ વિસ્તારના ભીલોની કપરી પરિસ્થિતિનું વર્ણન કર્યું છે. ઇન્દુભાઈ યાજ્ઞિક, ઠક્કરબાપા, મામાસાહેબ ફડકે, ડાહ્યાભાઈ નાયક વગેરેએ આદિવાસી વિસ્તારમાં કરેલી સેવાની નોંધ લીધી છે.

પ્રકરણ-૩માં આદિવાસી આદિમ જૂથો અંગેના સર્વેની મહત્ત્વની વિગતો આપી છે. અન્ય પ્રકરણોમાં આદિવાસીઓ માટે વિવિધ કલ્યાણ યોજનાઓની નોંધ લેવામાં આવી છે. ગુણવત્તાસભર શિક્ષણ માટે લેવાયેલાં પગલાંની નોંધ લેવામાં આવી છે. પ્રકરણ ૧૦માં નહેરુના આદિવાસી પંચશીલની વાત મૂકી છે, જેમાં આદિવાસી પર કંઈ લાદવું નહીં, તેમજ તેમના પરંપરાગત હકોને માન્ય રાખવા તેમ નોંધ્યું છે.

૦ વિકાસનું કામ કરવાવાળાઓને તાલીમ આપવી. ૦ આદિવાસીઓને પરેશાન ન કરવા. ૦ વિકાસ થયો છે કેમ તેનું સર્વગ્રાહી મૂલ્યાંકન કરવું જોઈએ.




YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

પાન નં. ૪૩ પર આદિવાસી બળવાઓની તવારીખ આપી છે; જે જરૂરી છે. આદિવાસી વિસ્તારમાં કામ કરનારાઓને પેસા એક્ટની પૂરી જાણકારી હોવી જરૂરી છે. જોકે સરકારની દાનત આ એક્ટને નબળો બનાવવાની છે. ગામ લોકશાહીનું એક સ્વાયત્ત એકમ બને, સ્થાનિક સ્વરાજની સંસ્થા બને તે દિશામાં વધુ લોકજાગૃતિ લાવવાની જરૂર છે. પાન ૪૭ પર જલિયાંવાલા બાગની ઘટના સમાન દઢવાલ હત્યાકાંડ (૭-૩-૧૯૨૨)ની વાત મૂકી છે, જે ઉદેપુર રાજ્યના ઝાડોલ અને ફલાસિયા ગામમાં સર્જાયો હતો જેમાં હજારો આદિવાસીઓ માર્યા ગયા હતા. આદિવાસીઓની મોટી જનસભા પર અંગ્રેજ સરકારે ગોળીઓ વરસાવી હતી.

પુસ્તકમાં આદિવાસી વિસ્તારમાં કામ કરનારા ૨૬ જેટલા કર્મશીલોનો અને ૧૮ જેટલી સેવાભાવી સંસ્થાઓનો ટૂંકો પરિચય આપ્યો છે. ડંકેશભાઈ પાસેથી આ જ વિષય પર વર્તમાન આદિવાસી વિસ્તારોની સ્થિતિ અંગે સઘન અભ્યાસ સાથેનો ગ્રંથ મળે તેવી આશા રાખીએ. જરૂર પડે ચુનંદા સાથીઓની ટીમ બનાવે, યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓને સાથે લે. કરોડ રૂ.ની વિવિધ યોજનામાં નાણાં નાંખ્યા પછી સ્થિતિમાં ખાસ સુધારો કેમ થયો નથી ?

■ **મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન,** ડ્રાઈવ-ઈન રોડ, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨. સંપર્ક : ગૂર્જર એજન્સી. ફોન : ૦૭૯-૨૨૧૪૪૬૬૩

○ ગુજરાતની ગૂર્જર ચળવળોનો ઇતિહાસ. સંપાદક : સંજય પ્રસાદ, હસુભાઈ દવે, પ્રવીણ જ. પટેલ., પૃષ્ઠ-૪૬૮, ડેમી સાઈઝ. કિંમત રૂ. ૫૬૦/-.




મૂળમાં આ પુસ્તક વર્ષ ૨૦૧૯માં બાબાસાહેબ આંબેડકરની સવાસોમી જન્મજયંતી નિમિત્તે ગુજરાત સરકારે મહાત્મા ગાંધી શ્રમ સંસ્થા પાસે તૈયાર કરાવ્યું હતું. તેની જવાબદારી ડૉ. પારુલ ટીના દોશીએ લીધી હતી.

ઔદ્યોગિકીકરણની શરૂઆતના તબક્કે ભારતના કામદારોમાં પોતાના હકો અંગે કોઈ જાગૃતિ ન હતી. બ્રિટનની મિલોમાં મજૂર ચળવળના પ્રતાપે મજૂરોના હિતમાં ઘણા કાયદા ઘડાયા હતા. પણ ભારતની મિલોમાં કાયદાકીય રક્ષણના અભાવે મજૂરોનું અનહદ શોષણ થતું હતું. ૧૮૮૧માં ભારતમાં ફેક્ટરી એક્ટ અમલમાં આવ્યો. ૧૮૯૦માં મુંબઈમાં પ્રથમ ટ્રેડ યુનિયન બન્યું. પણ ૨૦મી સદીના બીજા દસકામાં વ્યવસ્થિત મજૂર ચળવળ શરૂ થઈ. ગાંધીજીના માર્ગદર્શન પ્રમાણે સત્ય, શાંતિ-અહિંસા, ટ્રસ્ટીશીપ તેમજ મૂડીવાદ અને મજૂર વચ્ચે સહકાર પર ભાર મૂકવામાં આવ્યો.

પ્રસ્તુત પુસ્તક પાંચ વિભાગોમાં વહેંચાયેલું છે.

૦ ગુજરાત કામદાર ચળવળ ૦ અમદાવાદની કામદાર ચળવળ ૦ ગુજરાતના અન્ય વિસ્તારોમાં કામદાર ચળવળ ૦ ગુજરાતમાં સ્ત્રીઓ અને અનુસૂચિત જાતિની ચળવળો ૦ ગુજરાતમાં ટ્રેડ યુનિયનમાં નેતાગીરી.

આ ગ્રંથમાં કુલ ૨૨ જેટલા લેખોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

કામદાર ચળવળોનો ઇતિહાસ સો વર્ષ જૂનો છે. આપણે તેને આઝાદી પહેલાંની અને આઝાદી પછીની ચળવળો, એમ બે ભાગમાં જોઈ શકીએ છીએ. ઉદારીકરણની નીતિ અપનાવતાં, આઉટસોર્સિંગ અને કોંટ્રાક્ટ પદ્ધતિને કારણે ગુજરાતમાં અસંગઠિત કામદારોની સંખ્યા વધવા માંડી. ૧૯૯૦ પછી સંગઠિત કામદારોની શક્તિ ઘટવા માંડી. માલિકો કે સરકારની નીતિ સામે લડવા સક્ષમ ન રહ્યા. પરિણામે પાવરલુમ, હીરાઉદ્યોગ, કેમિકલ, બાંધકામ, અલંગ શિપિંગ યાર્ડ, માછીમારી, મીઠાના અગરમાં કામ કરતા અગરિયાઓ, કોટન જીનિંગ, ઈંટના ભઠ્ઠા, અકીકના કારીગરો, ખેતમજૂરો વગેરે મળીને ગુજરાતના ૮૦થી ૯૦ જેટલા કોઈ પણ પ્રકારના સંગઠન કે કાયદાના રક્ષણ વિનાના અસંગઠિત કામદારોની દશા વધુ દયનીય થઈ ગઈ છે.

પુસ્તકમાં અમદાવાદના મિલમજૂરોના કામના કલાકો, ઓછી રોજી આપીને કામ પર રખાતાં બાળકો, તેમજ સ્ત્રીઓની સ્થિતિની વાત નોંધવામાં આવી છે.

અમદાવાદ ગુલામ હિંદનું માન્ચેસ્ટર કેવી રીતે બન્યું તેનો ટૂંકો ઇતિહાસ પુસ્તકમાં મૂકવામાં આવ્યો છે.

સમાજશાસ્ત્રી સુજાતા પટેલે અમદાવાદના શ્રમિકો- ખાસ કરીને મિલ શ્રમિકો અને ગાંધીજીએ ભજવેલા રોલ વિષે સારી એવી નોંધ આપી છે, સાથેસાથે અન્ય લેખકોએ (બી.બી.પટેલ) અમદાવાદમાં કાપડ ઉદ્યોગમાં વિવાદોમાં ગાંધીવાદી અભિગમ અંગે પણ લખ્યું છે. ગાંધી મિલશ્રમિકોના પ્રશ્નોમાં ૧૯૧૮માં સક્રિય બન્યા ત્યારે તેમની ઉંમર માત્ર ૪૯ વર્ષની હતી. ગાંધીજીની મજૂર પ્રવૃત્તિ ચાર વાત - પાયા પર કે સિદ્ધાંત પર ચાલતી હતી. ૦ સત્ય ૦ અહિંસા ૦ ખાદી ૦ દારૂબંધી.

પુસ્તકમાં માંદી મિલોના કામદારોના આર્થિક પ્રશ્નોને સારી રીતે ઉજાગર કર્યા છે. સુરત-વડોદરાના મિલ કામદારો અંગે પણ પુસ્તકમાં સારી સામગ્રી છે. ઈલાબહેન - સેવા સંસ્થાની વિગતો પણ પુસ્તકમાં સમાવવામાં આવી છે. ગુજરાતની મજૂર ચળવળોને સમજવા માટે આ ઉપયોગી પુસ્તક છે.

■ **ન્યુ પોપ્યુલર પ્રકાશન,** ટાવર રોડ, સુરત-૩, સંપર્ક ૦૨૬૧-૨૪૯૨૮૨૪.

○ ભારતનો આર્થિક વિકાસ - વિકસિત ભારતના સંદર્ભમાં એક વિશ્લેષણાત્મક અભ્યાસ - દિલીપ શાહ, પૃષ્ઠ-૧૨૭, મૂલ્ય ૨૦૦રૂ.




ડૉ. દિલીપ શાહ વીર નર્મદ દ.ગુ. યુનિવર્સિટીમાં મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગના વડા અને પ્રોફેસર પદેથી વર્ષ ૨૦૦૭માં નિવૃત્ત થયા હતા. તેમણે એમ.એસ.યુનિ.માં ૧૧ વર્ષ સેવા આપી હતી. ૨૨ જેટલાં પુસ્તકો લખ્યાં છે. તેમને વિકાસલક્ષી પત્રકારત્વમાં રસ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

છે. તેમણે ફાયનાન્સીયલ એક્સપ્રેસ, ધબકાર, ગુજરાત ગાર્ડીયનમાં કોલમ લખી છે.

'ભારતનો આર્થિક વિકાસ' પુસ્તકમાં ૨૦ પ્રકરણો સમાવવામાં આવ્યાં છે. દેશની આર્થિક સ્થિતિનું ચિત્ર તેઓ રજૂ કરવા માંગે છે. આ માટે વિવિધ અહેવાલોમાંની આંકડાકીય વિગતોની નોંધ લે છે. ૭૫ વર્ષમાં દેશમાં જે વિકાસનો પથ અપનાવવામાં આવ્યો છે તેની સમીક્ષા કરી છે.

પંડિત જવાહરલાલ નહેરુએ દેશની ચાર સમસ્યાના ઉકેલ માટેનો માર્ગ અપનાવ્યો હતો.

૦ જીવનધોરણમાં સુધારો ૦ જીવનનિર્વાહના વધારે સારા સ્રોત પૂરા પાડવા. ૦ પ્રજાના ભૌતિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વિકાસના અવસરો પૂરા પાડવા.

૦ અહિંસક પદ્ધતિ દ્વારા આર્થિક અસમાનતામાં સમયાંતરે ઘટાડો થાય તે માટે ભારતના અર્થતંત્રનો પાયો તૈયાર કરવો. શ્રી દિલીપભાઈ નહેરુ વિકાસ મોડેલનાં પરિણામોની પણ તપાસ કરે છે.

૦ વર્ષ ૧૯૫૧થી ૧૯૬૩ના સમયગાળામાં બ્રિટિશ રાજ્યનાં ૫૦ વર્ષમાં રહેલા વૃદ્ધિદર કરતાં બેથી ત્રણગણો, સરેરાશ ૪.૫ ટકાનો રહ્યો.

૦ પણ રોજગારલક્ષી ગૃહઉદ્યોગો વિકસી ન શક્યા. સતત ભાવ વધારો થયો. અન્નની સમસ્યા વકરી. પી.એલ. ૪૮૦ અનાજનો આશરો લેવો પડ્યો. વિદેશી ચલણની કટોકટી પેદા થઈ.

**નહેરુએ કહ્યું -**

૦ I see no way to ending the poverty, the vast unemployment, the degradation and the subjection of the people except through socialism. (11-12-1963)

૦ આધુનિક યંત્ર સામગ્રીનો હું ભારે પ્રશંસક છું.

.....પણ કોઈ બીજી પદ્ધતિ અપનાવવી પડશે જેથી લોકો ઉત્પાદનમાં ભાગીદાર બને. પછી ભલે ઉત્પાદનનું યંત્ર આધુનિક ટેકનોલોજીની તુલનામાં ખૂબ કાર્યક્ષમ ન હોય.

લેખક દેશના ૭૫ વર્ષના વિકાસની સમીક્ષા કરે છે.

૦ દેશની વસ્તી ૬૪ કરોડથી વધીને ૧૪૨ કરોડથી પણ વધુ થઈ.

૦ સાક્ષરતા ૧૨ ટકાથી વધી ૭૪.૪ ટકા થઈ.

૦ આયુષરેખા ૬૨ વર્ષથી વધી ૭૦ વર્ષ સુધી પહોંચી.

૦ શિક્ષણવ્યવસ્થા, સિંચાઈ, વાહનવ્યવસ્થા વધી, સંરક્ષણનાં સાધનો વિકસ્યાં.

આ એક ચિત્ર છે તો એક બીજી બાજુ પણ છે.-

૦ ''શિકારયુગમાં માણસને પેટ ભરવા જેટલા કલાક ગાળવા પડતા હતા તેટલા જ કલાક આજે પણ ગાળવા પડે છે.''

**- ડેવિડ થોરો**

૦ વકરેલા બજારીકરણને કારણે ગામડાં ભાંગ્યાં અને શહેરો મોટાં ને મોટાં થતાં ગયાં. સંયુક્ત કુટુંબો વિસર્જિત થઈને વિભક્ત કુટુંબો થયાં. અંધાધૂંધ ઉપયોગવાદ - વપરાશવાદના પરિણામે પ્રાકૃતિક અસમતુલા અને પર્યાવરણની કટોકટી સર્જાઈ.

લેખક વિવિધ પુસ્તકોને ટાંકીને ઉકેલની દિશા દર્શાવવા પ્રયત્ન કરે છે. ગાંધીના 'ગ્રામસ્વરાજ'માં દર્શાવેલ ટ્રસ્ટીશીપમાં, હિંદ સ્વરાજ્યના દર્શનમાં ઉકેલો શોધવા પડશે, તેમ કહે છે.

બજાર અને રાજ્યનું આધિપત્ય વધ્યું છે. લોકસમૂહ - કોમ્યુનિટીને આગળ કરવાની વાત જેને વિનોબાની ભાષામાં લોકશક્તિ જગાવવાની, સક્ષમ કરવાની વાત તરફ આંગળી ચીંધે છે.

સમગ્ર પુસ્તકમાં ઘણી બધી આંકડાકીય વિગતો આપી છે. વચ્ચે વચ્ચે એક યા બીજા સ્વરૂપે ગાંધીને - ગાંધીના માનવવાદને યાદ કરે છે.

એટલું નક્કી છે કે, વર્તમાન સ્થિતિ બદલવા ઘણું મનોમંથન કરવું પડશે. જરૂર પડે આમૂલ પરિવર્તન કરવા તૈયાર રહેવું પડશે.

**- રશાંસ**

---

**લોકશાહી, મૂડીવાદ..** (પાન ૭નું ચાલુ)

નીતિ પર આધારિત છે અને અધ્યાત્મ જ તેનું લક્ષ્ય છે.

શ્રીઅરવિંદની વિચારધારામાં ત્યાગ અને સહયોગ પર ભાર મુકાયો છે અને તેના આધારે આધ્યાત્મિક સમાજની સ્થાપના કરાઈ છે, જ્યારે સામ્યવાદ અંગત સ્વાર્થની ભાવના પર આધારિત છે.

આ રીતે શ્રીઅરવિંદ અને સામ્યવાદીઓના વિચારોમાં થોડી સમાનતા જરૂર છે. પરંતુ ભૌતિકતા પર આધારિત હોવાને લીધે સામ્યવાદી વિચારધારાનું શ્રીઅરવિંદે ખંડન કર્યું છે.

(ક્રમશઃ) **- ડૉ. અનુરાધા પ્રસાદ**

અનુ. રાજેન્દ્ર દવે

---

**આર્થિક સર્વે...** (પાન ૧૫નું ચાલુ)

ગ્રામીણ વિકાસ, શહેરી વિકાસ, શિક્ષણ, આરોગ્ય અને અનેક અન્ય મંત્રાલયોમાં બજેટ ફાળવણીમાં ક્રૂર કપાત કરાઈ હતી. શિવરાજ ચૌહાણની નજર હેઠળ કૃષિ અને ગ્રામીણ વિકાસમાં રૂ. ૬૦,૦૫૨ કરોડની કપાત થઈ, જલજીવન મિશનને રૂ. ૬૭ હજાર કરોડ ફાળવવામાં આવ્યા હતા પણ સુધારેલા અંદાજમાં જણાયું કે માત્ર રૂ. ૧૭ હજાર કરોડનો ખર્ચ થયો હતો. મૂડી ખર્ચ ૨૦૨૪-૨૫માં જીડીપીના ૩.૨ ટકાથી ઘટીને ૨૦૨૫-૨૬માં ૩.૧ ટકા રહ્યો. સંરક્ષણ ખર્ચ જીડીપીના ૧.૬ ટકા (કુલ ખર્ચના ૧૧.૪ ટકા) જેટલો ઘટી ગયો અને ૨૦૨૬-૨૭માં જીડીપીના ૧.૫ ટકા (કુલ ખર્ચના ૧૧.૧ ટકા) જેટલો ઘટવાની સંભાવના છે.

જાણકાર નિષ્ણાતોએ બજેટ ભાષણની આકરી ટીકા કરી છે. ડૉ. સુરજીત ભલ્લાએ ચોથા સૌથી વિશાળ અર્થતંત્રની સ્વ-પ્રશંસિત જાહેરાતની મજાક ઉડાવી. ડૉ. સી. રંગરાજને રાજકોષીય મજબૂતીની ધીમી ગતિ બાબતે ચિંતા વ્યક્ત કરી. ડૉ. અશોક ગુલાટીએ કૃષિ ક્ષેત્રના વિશાળ હિસ્સાની ઉપેક્ષાની ટીકા કરી. પ્રોફેસર રોહિત લાંબા (કોર્નેલ યુનિવર્સિટી) બજેટની યોજનાની શોધમાં હોય તેવા અર્થતંત્ર તરીકે મજાક ઉડાવી.

ગુ.સ. ૯-૨-૨૬ **- પી.ચિદમ્બરમ્**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ભૂમિપુત્ર-૭૫ અમૃત મહોત્સવ - અપડેટ

**આ**પણે ભૂમિપુત્ર-૭૫ અમૃત મહોત્સવ અંગે તા. ૨૭-૧૨-૨૫ના રોજ અમદાવાદમાં યોજેલા મિલનનો અહેવાલ ૧૬-૨-૨૬ના અંકમાં આપ્યો હતો. આ પ્રક્રિયાને આગળ ધપાવવા માટે ૧૯-૧-૨૬ તેમજ ૬-૨-૨૬ના રોજ ભૂમિપુત્ર કાર્યાલયમાં કેટલાક મિત્રો મળ્યા હતા. તા. ૬-૨-૨૬ની આયોજન મિટિંગ, દ.ગુજરાતમાં શ્રી કિશોર દેસાઈ (સુરત), શ્રી બંકિમ શેઠ (સેવા રૂરલ) અને શ્રી યોગેશભાઈ જોષી (ભરૂચ)ના પ્રેમવિસ્તારમાં આગામી સમયમાં કેવી રીતે આગળ વધવું તે અંગે ચર્ચા કરવા માટે બોલાવી હતી

'ઈશાવાસ્યમ્'નો પાઠ ભણીને સૌ પ્રથમ પારુલબહેને ૨૭-૧૨-૨૫ અને ૧૯-૧-૨૬ના મિલન/મિટિંગનો અહેવાલ વાંચી સંભળાવ્યો હતો. ત્યારબાદ રજનીભાઈએ જણાવ્યું કે ભૂ-૭૫ ઉજવણી એ માત્ર એક ઈવેન્ટ મેનેજમેન્ટની ઘટના ન બનતાં યજ્ઞ પ્રકાશનનાં પુસ્તકો તેમજ ભૂમિપુત્રના વિશેષાંકોનો સારો એવો અભ્યાસ કરીને સમાજ સમક્ષ સંવાદ-વાર્તાલાપ કરવાનો એક અવસર છે. આપણે આંધળા પ્રચારક નથી બનવાનું. અધ્યાત્મ અને વિજ્ઞાનના મજબૂત પાયા પર ઊભા રહીને વાત કરવાની છે. સાથેસાથે ભૂમિપુત્રનો વાચક વર્ગ વધે, તેમજ યજ્ઞ પ્રકાશનનાં પુસ્તકો વધુ ને વધુ લોકોના હાથમાં પહોંચે તેવું એક પવિત્ર કાર્ય કરવાનું છે. વિચાર-પ્રસાર આપણો હેતુ હોવો જોઈએ. આવેલા મિત્રોએ પણ પોતાની વાત રજૂ કરી હતી.

■ **હાજર રહેલા મિત્રો**

૦ શ્રી મહેન્દ્રભાઈ-ભારતીબહેન ૦ બંકિમભાઈ શેઠ (સેવા રૂરલ) ૦ રશ્મિભાઈ શાહ ૦ કિશોર દેસાઈ (સુરત) ૦ યોગેશ જોષી (ભરૂચ) ૦ રાધિકાબહેન (વલસાડ) ૦ ઉત્તમ પરમાર (કિમ) ૦ કપિલભાઈ શાહ (ગોત્રી) ૦ વિનય પંડ્યા (વલ્લભવિદ્યાનગર) ૦ વીરલ દેસાઈ ૦ મેહુલ (વડોદરા) ૦ બકુલ શાહ ૦ લખનભાઈ ૦ દિવ્યા ૦ પ્રવીણ દુલેરા (ડભોઈ) ૦ અને ભૂ.સંપાદક ટીમ. મિત્રોની રજૂઆત આ મુજબ છે.

❍ **શ્રી મહેન્દ્રભાઈ** : આપણે સમાજ સમક્ષ જઈએ ત્યારે માત્ર વિચાર લઈને ન જતાં સમાજની ક્રિએટીવિટી વધે, યુવાનો ઉત્સુક બને, બાળકોને નવું જાણવાની ઇચ્છા થાય. તેમજ શાળા-કૉલેજોમાં જઈએ તો વિદ્યાર્થીઓ- શિક્ષકો વચ્ચે ૩ કલાકનો કાર્યક્રમ કરી શકીએ તેવી તૈયારી કરીને જવું જોઈએ. ભૂદાન-ગાંધી-વિનોબા-જયપ્રકાશના વિચારોનું હાર્દ સાદી ભાષામાં સમજાવવું. દેશના વર્તમાન પ્રશ્નો, ઇકોલોજીકલ ક્રાઇસીસ, શહેરીકરણ, રોજગારીના પ્રશ્નોના ઉકેલો ગાંધી-વિનોબાના દર્શનમાંથી શોધવા. આજે classes સમાજના solution masses પર થોપાય છે. આ બદલવાની જરૂર છે. મૂલ્યપરિવર્તન દ્વારા સમાજપરિવર્તનના શ્રેય પંથે જવાનું છે.

મહેન્દ્રભાઈએ આ માટે પર્યાવરણ શિક્ષણકેન્દ્ર (થલતેજ), અને ગુજરાત વિદ્યાપીઠના સહયોગના વિવિધ ચાર્ટ બનાવ્યા છે. મુંબઈ સર્વોદય કેન્દ્ર (તુલસી સોમૈયા) પાસેથી પણ કેટલાક ચાર્ટ પ્રાપ્ત કર્યા છે. ગ્રામઉપયોગી ટેકનોલોજીના ચાર્ટ પણ તેમાં છે. ગાંધી-વિનોબાના જીવનદર્શનને સમજાવવા પ્રયત્ન કર્યો છે. વિદ્યાર્થીઓના જ્ઞાનવર્ધન માટે કિટ્સ પણ બનાવી છે. નાની નાની પુસ્તિકાઓ, જેવી કે સંકલ્પપોથી, સજીવ ખાતર, ગૃહે ગૃહે દમે દમે. શાકભાજી ઉગાડવા પુસ્તિકા... વગેરે તૈયાર કરી છે. મહેન્દ્રભાઈ ઇચ્છે છે કે ગુજરાતનાં ૧૮૦૦૦ ગામડાંના ૩૩ જિલ્લાઓમાં પહોંચવા ૩-૩- જિલ્લાનાં ૧૦ થી ૧૧ જૂથ બનાવવાં. દરેક જૂથ માટે સક્ષમ વ્યક્તિઓની ટીમ બનાવીએ. જેમાં શિક્ષક, ગાયક, કલાકાર, સંયોજક વગેરેની ટીમ બને. ૩ જિલ્લાની ૧૦૦ જેટલી કૉલેજો, હાયર સેકન્ડરીની શાળાઓમાં હરિયાળા પરિવર્તન માટેનાં પ્રદર્શનો ગોઠવવાં, ફરતો ગાંધીમેળો, સર્વોદય મેળા ગોઠવવા. મેળામાં વિવિધ ફિલ્મો, જ્ઞાન-કર્મ-ભક્તિના ચાર્ટ્સ હોય, વેચાણ સ્ટોલ હોય જેમાં રોજબરોજનાં ઓજારો, સોલાર રમકડાં મળતાં હોય. આ ઉપરાંત મહેન્દ્રભાઈએ કહ્યું, આપણું જીવન ઇકોનોમિક્સને ખ્યાલમાં રાખીને નહીં પણ ઇકોલોજીને ખ્યાલમાં રાખીને ગોઠવવું જોઈએ. ભોગી સમાજ નહીં, યોગી સમાજ બનાવીને આપણે સમગ્ર જીવસૃષ્ટિને બચાવી લેવાની છે. આપણે ૩-૪ મહિનામાં આ દિશામાં આગળ વધવા કામ કરવું જોઈએ.

❍ **ઉત્તમભાઈ પરમાર** : આપણી સંસ્થાઓનું એક સંમેલન મહેન્દ્રભાઈના અધ્યક્ષસ્થાને મળવું જોઈએ, જેમાં સર્વોદય દર્શનની વાતો થાય. સર્વોદયના મંત્રની સાથે તંત્ર પણ સારી રીતે ગોઠવાયેલું હોવું જોઈએ. તંત્ર ગોઠવવામાં આપણે ઊણા ઊતર્યા છીએ. ભૂ.૭૫ મહોત્સવ નવી સમજ-નવા દૃષ્ટિકોણથી ઉજવાવો જોઈએ. આપણે સમાજના પ્રશ્નોમાં આપણો દૃષ્ટિકોણ રજૂ કરવો જોઈએ. કટોકટીકાળમાં જે જોસથી આપણે સરકારની સામે ટકી રહ્યા તેવું આજના કાળમાં કદાચ ન કરી શકીએ. પરંતુ આપણે ગૂજરાતના દરેક જિલ્લામાં પહોંચીને આપણી વાત જરૂર પડે ખોંખારીને કહેવી જોઈએ. ઉત્તમભાઈ, પ્રવીણભાઈ ઠક્કર, બંકિમભાઈ શેઠ, ભૂપતભાઈ જેવા સ્નેહીજનોએ ભૂમિપુત્રના લવાજમ મેળવવાનું ચાલુ કર્યું છે. ભૂપતભાઈએ ભૂ.-૭૫ના કામ માટે સહયોગ રાશિ આપી છે.

❍ **કપિલભાઈ શાહ** : કોઈ પણ સામાજિક કાર્યને સફળ બનાવવા માટે છ તબક્કામાંથી પસાર થવું જરૂરી છે.

(૧) સ્વસ્થ-સ્પષ્ટ ચિંતનનો તબક્કો.

(૨) એક વ્યવસ્થિત જૂથ લીધેલા નિર્ણયોના અમલીકરણ માટે ટાઈમટેબલ બનાવે.

(૩) તે માટે જરૂરી સામગ્રી પ્રાપ્ત કરી લેવી જોઈએ, તેમજ નાની મોટી અન્ય તૈયારીઓ કરી લેવી જોઈએ.

આપણે ગુજરાતના દરેક જિલ્લામાં પહોંચવું જોઈએ.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

(૪) સાથી મિત્રોને તાલીમ આપવાનું કામ થવું જોઈએ.

(૫) લોકો વચ્ચે જઈને કામ કરવું જોઈએ - પાયલોટ ટેસ્ટીંગ કરવું જોઈએ.

(૬) સમગ્ર પક્રિયાનું વાસ્તવિક મૂલ્યાંકન કરવું જોઈએ - જરૂરી ફેરફાર કરવા જોઈએ.

ભૂમિપુત્ર-૭૫ની ઉજવણીમાં આપણું ફોકસ ભૂમિપુત્રની લેખનયાત્રા (તેમજ પ્રકાશનો) પર હોવું જોઈએ.

આપણે નવા નવા વિષયો અથવા જૂના વિષયો જેના સંદર્ભો બદલાયા છે તે પ્રમાણેનાં સંમેલનો યોજવાં જોઈએ - જેમ કે ખેતીના સ્થાને Food Safety. આવા અન્ય વિષયોની યાદી લંબાવી શકાય. દેશની વર્તમાન સ્થિતિ જોતાં કેટલાંક કર્મશીલોનાં પ્રવચનો/યાત્રા ગોઠવાવાં જોઈએ. જેમ કે, સોનમ વાંગચૂકનાં પત્ની-ગીતાંજલિને આમંત્રણ આપવું જોઈએ. સર્વધર્મ સમભાવને ખ્યાલમાં રાખીને મોહમદ દીપકને બોલાવી શકાય. એ જ પ્રમાણે શિક્ષણ, આરોગ્ય અને રોજગાર જેવા વિષયો પર સંમેલનો ગોઠવવો જોઈએ.

❍ **વિરલ દેસાઈ** : સામાન્ય રીતે આપણે સૌ એમ બોલીએ છીએ કે 'આપણે છેવાડાના માણસો માટે કામ કરીએ છીએ.' આમ કહેતાં આપણી સામેનો માપદંડ આર્થિક સ્થિતિ આધારિત હોય છે. પણ આપણે હવે છેવાડાના માણસ તરીકે એવાની ગણતરી કરીશું જે રોજનું એકાદ પાનું પણ વાંચતા ન હોય, ગેરરીતિઓ આચરતા હોય, નીતિવાન ન હોય, ભલે પછી તે પ્રોફેસર હોય અને જે પોતાના આડોશ-પાડોશમાં શું ચાલે છે, કોણ રહે છે તેનાથી અજાણ હોય.

આપણે આપણી વાતને સારી રીતે પહોંચાડવા મીડિયાનો ઉપયોગ કરવો જોઈએ. કોઈ એજન્સીને પણ કામ સોંપી શકાય.

વિરલભાઈ જે સ્થળે રહે છે ત્યાં ૪૦ લોકો રહી શકે તેવી સગવડ છે. ત્યાં સંમેલન, શિબિર યોજી શકાય તેમ છે. ભૂ-૭૫ના કામ માટે સ્થળનો ઉપયોગ મંડળ કરી શકે છે તેવું તેમનું સૂચન છે.

❍ **દ.ગુજરાતમાં થનારા આગળના કાર્યક્રમો**

- કિશોરભાઈ ૧૨ માર્ચ (દાંડીકૂચ દિવસ)થી ૭ જિલ્લાઓમાં વાહનયાત્રા કરશે, જેમાં પુસ્તકવેચાણ, ભૂમિપુત્રના ગ્રાહકો બનાવવાનું થશે. ચાર્ટ, પત્રિકા સાથે લઈ જશે. ગામોમાં લાયબ્રેરીઓ સ્થાપવાનું કામ થશે, જેમાં એક પગારદાર વ્યક્તિ હશે. ૨-૩ વ્યક્તિઓ સ્વૈચ્છિક કામ કરનારી હશે. યાત્રા ૬-૭ મહિના ચાલશે. દ.ગુજરાતના મિત્રો, લખનભાઈ, રાધિકાબહેન, યોગેશભાઈ સેવા રૂરલના મિત્રો યાત્રામાં ભળશે.

- ઉત્તમભાઈ જિલ્લાના લોકોનો સંપર્ક કરીને આ કામમાં જોડવાનો એક પ્રયત્ન કરશે. કિશોરભાઈ સાથે રહીને દ.ગુજરાતની યાત્રામાં ભાગ લેશે. યોગેશભાઈ પણ તેમાં મદદ કરશે.

- બંકિમભાઈ શેઠ ૫૦ જેટલા સામાજિક કામ કરતા મિત્રોનું સંમેલન ઝગડિયા (અથવા વડોદરા)માં તા. ૨૯ માર્ચને રોજ ગોઠવવાના છે. તે મિત્રો સાથે સંવાદ કરવા રજનીભાઈ જશે. અનુકૂળતા પ્રમાણે સંપાદક સાથીઓ ભળશે. ભૂમિપુત્ર અમૃત મહોત્સવની વાત કરશે.

- બંકિમભાઈ સાથે ઘણાં વર્ષો કામ કરનાર એક સજ્જન હવે વડોદરામાં રહે છે. તેઓ ભૂમિપુત્ર કાર્યાલયના કામમાં બંકિમભાઈના સૂચન/સહયોગથી મદદ કરવા આવશે. તેમને આપવાના માનદ વેતનની ગોઠવણ કરવામાં આવશે.

- બંકિમભાઈ - યોગેશભાઈ - ઉત્તમભાઈ - કિશોરભાઈ કમસે કમ મહિનામાં એક વખત ભેગા મળે તેવું આયોજન કરશે. અને દ.ગુજરાતમાં કાર્યરત રહેશે. તેમના કહેવા પ્રમાણે મિનળબહેન દવે - રણછોડભાઈ તેમજ અન્ય મિત્રો પુસ્તકપ્રકાશનમાં / પ્રવચન આપવામાં મદદગાર થઈ શકે તેમ છે. કેટલીક શાળા-કૉલેજોમાં તેમનો સીધો સંપર્ક છે. ત્યાં નાના-મોટા કાર્યક્રમો કરી શકાય તેમ છે.

- દ.ગુજરાતની આશ્રમ શાળાઓનો સંપર્ક કરવો જોઈએ. ઉત્તમભાઈ, તરલાબહેન, કિશોરભાઈ તે માટે પ્રયત્ન કરશે.

❍ **પ્રવીણ દુલેરા** : ગુજરાતના ગ્રામશિલ્પીઓ સાથે સારો ઘરોબો છે. તેમના દ્વારા ભૂમિપુત્ર-૭૫નાં કામો કરી શકાશે. તેઓ ડભોઈમાં ભેગા થશે ત્યારે સંપાદક ટીમમાંથી કોઈ જઈ શકશે (તેઓને ભૂમિપુત્ર કાર્યાલયમાં પણ ભેગા કરી શકાય). અતુલભાઈ પંડ્યા અહિંસાની કેળવણી અંગેના ચાર્ટ તૈયાર કરે છે તે પ્રવીણભાઈને મોકલવાના છે, જેનો ઉપયોગ યાત્રા-સંમેલનોમાં થઈ શકશે.

❍ **કપિલભાઈ** : ભૂમિપુત્રના અંકોના ડિજીટેલાઈઝેશનના કામને આગળ વધારી રહ્યા છે. ગાંધી આશ્રમ આ કામ કરે છે. તેના ફોરમેટ માટે જરૂરી પગલાં ભરશે. અને કાર્યાલય તરફથી જરૂરી સહયોગ કરી રહ્યા છે.

❍ **વિનયભાઈ પંડ્યા** : ભૂમિપુત્રના અંકોની ઇન્ડેક્સની સમગ્ર સૂચિ બનાવવાનું કામ ૫૦ ટકા જેટલું થયું છે. તે પૂરું થાય તો તેનું પુસ્તક બનાવવાનું છે. (આ કામ જલદી કરવાની જરૂર છે.)

❍ **મેહુલભાઈ** : આપણા કામમાં યુવાનો વધુ સંખ્યામાં ભળે તે જરૂરી છે. સ્થાનિક/વૈશ્વિક માહોલ બદલાઈ રહ્યો છે, આપણે અપડેટ રહીએ અને યુવાનોને જોડીએ.

❍ **રજની** : ભૂ.૭૫ અમૃત મહોત્સવ ઊજવવાના વિચારને સારો આવકાર મળ્યો છે. ઘણાં સૂચનો પણ મળ્યાં. ગાંધી-વિનોબા-જે.પી.ના વિચારને લઈને ગુજરાતનાં ગામડાં ખૂંદી વળવાનો ઉત્સાહ પણ જગાવ્યો. જો તેમ કરવું હોય તો, બે ટીમ બનાવવાની જરૂર લાગે છે. (૧) સંપાદક ટીમ, (૨) ગુજરાતમાં વ્યાપક સ્તરે ફેલાઈ જનારી ટીમ.

સંપાદક ટીમ - ભૂમિપુત્ર પ્રગટ કરવાના કામમાં તેમજ પુસ્તક પ્રકાશનના કામમાં લાગેલી રહે છે. તેમજ ભૂ-૭૫ના વિચારને ખ્યાલમાં રાખીને સક્રિય થવા પ્રયત્ન કરી રહી છે. જરૂર પડે ત્યાં સંમેલન/શિબિરોમાં જવાની તૈયારી રાખે છે.

ગુજરાતમાં વ્યાપક ફેલાવવાની ભાવના મહેન્દ્રભાઈ, મનસુખભાઈ

(જુઓ પાન નં. ૧૪)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

**આત્માને જાણીએ...** (પાન ૦૩નું ચાલુ)

તો પેટને એટલી વેદના થશે નહીં, કેમ કે પેટ એ આંખ જેવું શુદ્ધ નથી. એવી જ રીતે ભક્તનું ચિત્ત આંખની જેમ સ્વચ્છ અને નિર્મળ હોય છે. એટલા માટે અલ્પ દોષ પણ એને ઘણી વધારે તકલીફ આપે છે. અને તેથી તેના માટે તે અલ્પ દોષ રહેતો નથી. આ આધ્યાત્મિક પરીક્ષણનો રસ્તો છે. ભક્તને આભાસ થાય છે કે સૌથી વધારે દોષ તો મારામાં રહેલા છે. આ આત્મલક્ષી (સબ્જેક્ટિવ) દર્શન છે, વસ્તુપરક (ઑબ્જેક્ટિવ) દર્શન નથી. ભક્ત પોતાને આ રીતે જુએ છે. એના માટે આત્મપરીક્ષણ જરૂરી છે. આપણને આપણા દોષોનું ભાન થઈ જવા છતાં પણ એને થવા દઈએ છીએ. જ્યાં સુધી આ દોષો સહન થયા કરે છે, ત્યાં સુધી ભકિતનો ઉદય થતો નથી. જ્યાં ભગવાનની પ્રત્યક્ષ મદદની આવશ્યકતા હોતી નથી, ત્યાં ભક્તિની આવશ્યકતા હોતી નથી.

જ્યારે હું આત્મપરીક્ષણ દ્વારા અનુભવ કરું છું કે મારા સતત પ્રયત્નો કરવા છતાં પણ મારા જીવનમાં કેટલાક અવગુણો અંતરાય બનીને આગળ જતા અટકાવે છે, હું મારા પ્રયત્નોમાં અસફળ રહું છું ત્યારે હું ભગવાનના ચરણોમાં સહાયતા મેળવવા દોડી જાઉં છું. મને આમ કરવાથી ભક્તિમાર્ગમાં દઢતા મળે છે. જીવનશુદ્ધિની આ સાધના આપણા આચરણમાં હોવી જોઈએ.

જે સેવક છે એમણે ક્યારેય એવું ન સમજવું કે અમારા સેવાકાર્યથી મનની શુદ્ધિ પણ થઈ ગઈ. સેવાકાર્ય અને મનની શુદ્ધિ આ બંને અલગ અલગ વસ્તુ છે. એના માટે આત્મપરીક્ષણની જરૂર છે. આ આત્મપરીક્ષણને જ પ્રાર્થના કહે છે. કેવળ સેવાકર્મ એ ચિત્ત-શુદ્ધિકારક હોતું નથી. સેવાકાર્ય એ કેવળ મનનું સ્વરૂપ ખોલીને દેખાડનારું હોય છે. સેવાકાર્ય એ અરીસા જેવું છે. આપણા મનમાં જે કાંઈ કામ-ક્રોધાદિ વિકારો અથવા ગુણો પડ્યા છે, તે સેવાકાર્ય દ્વારા પ્રગટ થાય છે. આપણે આત્મપરીક્ષણની દૃષ્ટિથી આપણામાં રહેલી ન્યૂનતાઓનો વિચાર કરવો જરૂરી છે. સેવાકાર્ય દરમ્યાન પ્રગટતા કામ-ક્રોધોના નાશ માટે આત્મપરીક્ષણનો ઉત્તમ અભ્યાસ કરવો પડશે. જો કામ પેદા થાય તો સંયમ, ક્રોધ પેદા થાય તો દયા, મત્સર (ઈર્ષ્યા) પેદા થાય તો તે વ્યક્તિ પાસે જઈને માફી માંગવી - આવા આવા અભ્યાસ કરવા જોઈશે. સેવા કરતાં અહંકાર આવે તો નમ્રતાનો અભ્યાસ કરીએ. આ બધા માટે આપણે આત્મામાં રહેલી મહાન સંકલ્પ-શક્તિને વધારવી પડશે. અને આ કાર્ય પ્રાર્થનાથી થાય છે.

આપણને તુકારામના અભંગોમાં ખૂબ ઊંડું અને સૂક્ષ્મ આત્મ-પરીક્ષણનું જે દર્શન થાય છે, તે બીજે કદાચ ક્યાંક જોવા મળે. તુકારામે સૂક્ષ્મ આત્મપરીક્ષણ કરીને, ચિત્તની નાની-નાની કલ્પનાઓનું વિશ્લેષણ કર્યું અને પછી તેને પોતાના જીવનમાંથી હટાવી દઈને સામાન્ય સંસારમાં રહીને જ પરમેશ્વરની પ્રાપ્તિ કરી લીધી. 'રાત-દિવસ યુદ્ધનો પ્રસંગ' સમજીને તુકારામે એકદમ કઠોર આત્મપરીક્ષણ કર્યું અને પોતાના ચિત્તનું ઊંડાણપૂર્વક અન્વેષણ (છણાવટ) કર્યું. ચિત્તની એક એક ગડીને છૂટી પાડી દીધી અને ઘણા મહાપ્રયત્ને આત્મવિજય મેળવી લીધો અને याचि देहीं याचि ડોળાં (આ શરીરમાં, આ જ આંખો દ્વારા) પોતાનું કામ સાધી લીધું. તુકારામની 'અભંગ-વાણી'માં એમની આત્મપરીક્ષણાત્મક વૃત્તિને હું તેમની અદ્વિતીય વિશેષતા સમજું છું.

**પ્રકીર્ણ -**

● એકાંત પવિત્ર સ્થાનમાં બેસીને પ્રાણાયામ કરીને સૌથી પહેલાં ચિત્તને સ્થિર કરવું. ચિત્તની સ્થિરતા વગર આત્મપરીક્ષણ થઈ શકતું નથી. આત્મપરીક્ષણ કરવાથી દેહથી આત્માની ભિન્નતાનો અનુભવ મેળવવાનો છે. ● અંદરની ભીતરી જ્યોતિ કેવી રીતે પ્રજ્વલિત કરાય ? એના માટે માનસિક સંશોધનની જરૂર છે. આત્મપરીક્ષણ દ્વારા ચિત્તની મલિનતાને ધોઈ નાખવાની છે. ● ચિત્તશુદ્ધિ માટે આત્મપરીક્ષણ કરતાં રહેવું જોઈએ, આપણે આપણા મનના પ્રત્યેક કદમને સતર્ક થઈને જોતા રહીએ અને નામસ્મરણ કરીએ. ● આત્મપરીક્ષણ માટે મૌન ઘણું જરૂરી છે. મૌન વગર આત્મ-પરીક્ષણ થશે નહીં. ● જે ભક્ત છે તે પોતાનો દ્વેષ કરનારાઓનો પણ દ્વેષ કરતો નથી, કેમ કે એમ કરવાથી આત્મપરીક્ષણની વૃત્તિ અસ્ત પામે છે. આપણે બીજાઓનું જ પરીક્ષણ કરતા રહીએ છીએ, પોતાની જાતનું કરતા નથી. ● દુનિયાને સુધારવાનો આગ્રહ રાખવાથી મનુષ્યની આત્મ-પરીક્ષણની વૃત્તિ કુંઠિત થઈ જાય છે. પોતાના વિષે વિચારવાનો અવકાશ રહેતો નથી.

(ક્રમશઃ) (સંકલિત)




**ઈરાન યુદ્ધમાં માત્ર ૪ દિવસમાં ૪૮૦ ઉપરાંત મૉત, ૧૫૩ શહેરો ઉપર બોમ્બીંગ, શાળાની ૧૫૦ બાળકીઓનાં મૃત્યુ**

**ભૂમિપુત્ર**

હુજરાતપાગા, વડોદરા-૩૯૦ ૦૦૧ ફોન : ૦૨૬૫-૨૪૩૭૯૫૭, મો. ૯૦૧૬૪ ૭૯૯૮૨

સંપાદક : **રજની દવે**

સં. મંડળ : **સ્વાતિ • પારુલ**

દર માસની તા. ૧ અને ૧૬મીએ પ્રસિદ્ધ તથા પોસ્ટ થાય છે.

વાર્ષિક લવાજમ રૂ.૩૦૦

આજીવન અનામત રૂ.૪૦૦૦. વિદેશમાં વાર્ષિક લવાજમ (એરમેલ) રૂ.૩૦૦૦

લવાજમની રકમ મનીઓર્ડર, ડ્રાફ્ટ કે એટપારના ચેક દ્વારા અથવા યજ્ઞ પ્રકાશન સમિતિના **બેંક ઓફ બરોડા,** માંડવી, વડોદરાના ખાતા નંબર **૦૧૯૨૦૧૦૦૦૩૦૫૯૧** **IFSC Code : BARB0LAHERI** માં પણ જમા કરાવી શકો છો. ચેક/ડ્રાફ્ટ **'યજ્ઞ પ્રકાશન સમિતિ'**ના નામનો મોકલવો. ખાતામાં પૈસા જમા કરાવ્યા બાદ આપનું નામ-સરનામું તથા પૈસા ભર્યાની સ્લીપ કાર્યાલય ઉપર મોકલવા વિનંતી.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

'Bhumiputra' Fortnightly Published & Posted at Vadodara RMS on 16-03-2026 R.N.I. No. 1683/57

# કબરખોદિયો કબીર

દિવસે દિવસે કશ્મીરમાં હિંસા વકરતી જતી હતી. દેશ અને દુનિયાને ત્યાંના સમાચાર આપવામાં બધી ન્યુઝ ચેનલોને મોખરે રહેવું હતું એટલે જ 'તાઝા સમાચાર' ચેનલે પોતાના પ્રતિનિધિ તારિકને કબર ખોદનાર કબીરનો કોઈ નવા જ દૃષ્ટિકોણથી ઈંટરવ્યુ લેવા શ્રીનગર મોકલ્યો હતો. પહેલી વાર તારિક કબીરને મળ્યો ત્યારે એને લાગ્યું કે, પોતે જે બિહામણા કબર ખોદિયાની કલ્પના કરી હતી એવો એ નહોતો લાગતો. એના રુક્ષ ચહેરા પરની કરચલીઓમાં ક્યાંક લાગણીઓ પણ વણાયેલી લાગતી હતી. એણે પોતાનો આ વિચાર રજૂ કર્યો ત્યારે કબીર હસી પડ્યો.

''અરે ભઈ, હમ ભી તો ઈંસાન હૈ, કોઈ જલ્લાદ થોડે હી હૈ? ગમે કે ન ગમે તોયે આ કામ પેટનો ખાડો પૂરવા કરવું જ પડે.''

''કેટલાં વર્ષોથી તું કબર ખોદવાનું કામ કરે છે?''

''વર્ષોની તો ખબર નથી. હું તો એટલું જાણું કે, વારસાગત ચાલતું આવેલું આ કામ કરવા જ્યારે મારા વાલીદ (પિતા) નીકળતા ત્યારે હું પણ નાની કોદાળી ને તગારું લઈને ચાલી નીકળતો. ત્યારે કદાચ દસેક વર્ષનો હોઈશ.'' પોતાના મનની વ્યથા ઠાલવતાં એણે કહ્યું, ''લોકોને મારી વગર ચાલતું પણ નથી ને તેમ છતાં આખું ગામ મને તિરસ્કારથી જુએ છે. આટલા વખતના અનુભવ પરથી હું કોઈ પણ કબર જોતાંની સાથે સમજી જાઉં છું કે, એ કેટલી જૂની છે અને એમાં દફનાવાયેલ શબ પૂરેપૂરું માટીમાં મળી ગયું હશે કે નહીં. એ રીતે હું જગ્યા નક્કી કરું ત્યાં જ નવા શબ માટે કબર ખોદી શકાય, કેમ કે, હવે કોઈ કબ્રસ્તાનમાં ખાલી જગ્યા જ નથી બચી.''

તારિકને સૂઝતું નહોતું કે, શું અને કેમ પૂછવું. સરહદ પાર ચાલતા કેમ્પો દ્વારા ફેલાવવામાં આવેલા આતંકવાદે મચાવેલા હાહાકારને કારણે અહીંની હવામાં મોતનો પંજો ફેલાયેલો દેખાતો હતો.

''ચાલો, તમને કબ્રસ્તાન જોવા લઈ જાઉં.'' એમ બોલીને કબીરે રબરની ચંપલ પહેરી. એની પાછળ ચાલતા તારિકે જોયું કે, ચારે તરફ એક ભેદી સૂનકાર હતો. શેરીઓ ખાલીખમ હતી પણ એવું લાગતું હતું કે, હમણાં ક્યાંકથી કોઈ આતંકવાદી હાથમાં રાઈફલ લઈને આવી પહોંચશે. તારિકે હજી તાજી જ બનેલી પહેલગામની લોહિયાળ ઘટના વિશે કબીરને પૂછ્યું,

''તમને શું લાગે છે, આ હેવાનિયતભરી હિંસા પાછળ કોનો હાથ હતો?''

''લાગવાનો કોઈ સવાલ જ નથી. એ કામ નક્કી આતંકવાદીઓનું જ હતું. સાવ નિર્દોષ પ્રવાસીઓને નિર્દયપણે ઘડીના છઠ્ઠા ભાગમાં રહેંસી નાખ્યા. તાજી પરણેલી કોડભરી યુવતીને વિધવા બનાવી દીધી.''

વાતો કરતાં કરતાં બેઉ કબ્રસ્તાનમાં પહોંચી ગયા. એક કબર પાસે તારિકને અટકાવીને કબીરે કહ્યું, ''પહેલાં આ કબર પર જે તકતી મૂકી છે એનું લખાણ વાંચો, પછી આપણે આગળ વાત કરીએ.''

એણે બતાવેલી કબર નજીક જઈને તારિકે વાંચ્યું.

'મારા વહાલા પુત્ર હમીદની યાદમાં, જેણે પ્રવાસીઓને બચાવવા પોતાની જાતની આહુતિ આપી દીધી.'

તારિક કશું પૂછે એ પહેલાં કબીર કહેવા લાગ્યો. હમીદ મારો એકનો એક દીકરો. એની માની આંખનો તારો અને બાપના ઘડપણનો સહારો. ખૂબ ડાહ્યો ને કહ્યાગરો હતો. મને આ હલકા ગણાતા કામમાંથી છુટ્ટો કરવાની એની બહુ ઇચ્છા હતી. કબીરે હમીદની કબર પર એવી રીતે નજર નાખી કે એ જોઈને તારિક હલબલી ઊઠ્યો. એણે પૂછ્યું, ''તો પછી શું થયું? એ કેવી રીતે મૃત્યુ પામ્યો?''

''મેં તમને કહ્યું એ પ્રમાણે મને મદદરૂપ થવા જે કામ મળે એ કરવા એ હંમેશા તૈયાર રહેતો. ગમે તેટલી મહેનત મજૂરી કરવી પડે એનો એને વાંધો નહોતો. એના બે-ત્રણ દોસ્તો સહેલાણીઓને કશ્મીરની ઘાટીઓની સેર કરાવવા ટટ્ટુ પર બેસાડીને લઈ જતો.''

''હા, મેં પણ જોયું કે, ટટ્ટુ ચલાવવાના કામમાં મોટે ભાગે યુવાનો જ હોય છે. હા, ઘાટવાળા અને ઉબડ-ખાબડ રસ્તાઓ પર મારા જેવા વૃદ્ધોને ઘણી તકલીફ પડે. વળી પગના દુઃખાવાવાળા વધારે ચાલવા જાય તો દુઃખાવો વધી જાય. એટલે હમીદને થયું કે, હું પણ આ કામ કરું તો બાબાને આરામ મળે ને અમ્મીને પણ ઘરખર્ચમાં રાહત રહે.''

''આ હિસાબે તમારો હમીદ બહુ સમજુ કહેવાય.''

તારિકની વાત સાંભળીને કબીરને ડૂમો ભરાઈ આવ્યો. રૂંધાયેલા કંઠે એણે કહ્યું, ''હા બાબુ, સમજદાર તો એ હતો જ પણ અફસોસ કે એની સમજણે જ એનો જીવ લીધો. આખી ઘટના નજરે જોનાર અને ત્યાંથી ભાગી છૂટવામાં સફળ થનાર એના એક દોસ્તે કહ્યું કે, હમીદથી આ હત્યાકાંડ સહન ન થયો. એણે એક આતંકવાદીની બંદૂક છીનવવાનો પ્રયત્ન કર્યો પણ એટલામાં તો એક બીજા આતંકવાદીએ એને...''

કબીરને આશ્વાસન આપવા તારિકે એની પીઠ પર હાથ મૂક્યો.

''બારોબાર જ એનું શબ અહીં લાવવામાં આવ્યું. રફિક નામનો જુવાનિયો પથ્થર પર બહુ સરસ કોતરકામ કરતો. એની પાસે મેં આ તકતી કોતરાવીને મૂકી કે જેથી બીજા યુવાનોને પ્રેરણા મળે.''

''તમારી સાથે બહુ ખોટું થયું. જુવાનજોધ દીકરાના જનાજાને...''

''દીકરાની ખોટ તો કદી પુરાવાની જ નથી, તો પણ મને લાગે છે કે, જે કંઈ બને એની પાછળ અલ્લાનો સંકેત રહેલો હોય છે. હમીદ ગયો તે દિવસથી એની જગ્યા રફિકે લઈ લીધી. એ મા-બાપ વિનાનો હતો. અમારામાં એને મા-બાપ મળ્યાં ને અમને એનામાં દીકરો મળ્યો. હમણાં એ આવે તો એની સાથે તમારી ઓળખાણ કરાવીશ. બહુ મજાનો છોકરો છે.'' કબીરની આંખોમાં આવેલી ચમક તારિક જોઈ રહ્યો.

''આવતા મહિને રફિક અને મારી દીકરી સકીનાની શાદી છે. અમે બંને પતિ-પત્ની ખુશ છીએ કે, અમારે આંગણે પણ ઉત્સવ થશે. હસી-ખુશીનો માહોલ હશે.''

નિકાહની વાત સાંભળીને તારિક પણ રાજી થયો. કબીરને મુબારકબાદ આપીને એ વિદાય લેવા લાગ્યો ત્યારે કબીરે કહ્યું, ''સાહેબ, તમારા અખબારમાં એક વાત જરૂર લખજો કે, જ્યાં સુધી હમીદ જેવા પરોપકારી દીકરાઓ અહીં જન્મતા રહેશે ત્યાં સુધી કશ્મીર આ ધરતી પરનું સ્વર્ગ રહેશે જ અને દુનિયા આખીમાંથી પ્રવાસીઓ આ જન્નતને માણવા આવતા જ રહેશે.''

તારિકે અંગુઠો બતાવીને આવું લખવાની ખાતરી આપી.

(જસવીન્દર શર્માની કશ્મીરી વાર્તાને આધારે) **– આશા વીરેંદ્ર**

ગુજરાત સર્વોદય મંડળની યજ્ઞ પ્રકાશન સમિતિ વતી રજની દવેએ ભૂમિપુત્ર કાર્યાલય, હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧થી પ્રકાશિત કર્યું. મુદ્રણસ્થાન : જવનિકા પ્રિન્ટર્સ, વડોદરા-૧૮. પ્રત : ૨૯૦૦
Printed and Published by **Rajani Dave** on behalf of **Yagna Prakashan Samiti**, Published from Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara
Printed at Javanika Printers, 3-Laxmi Estate, Bahucharaji Road, Vadodara - 390 018. Editor : **RAJANI DAVE**

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org